RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

Date:- 19-07-2026 I VOL : 12 I Issue : 124 I Page : 8 I Price : 1.00/-

Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ,

**સુવિચાર**


સમય સૌથી મોટો શિક્ષક છે. મુશ્કેલીઓ સફળતાનો માર્ગ બનાવે છે.



3 મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો મોટો નિર્ણય: રેશનિંગ દુકાનદારોની દિવાળી સુધરી!



4 સત્તા સાથે જવાબદારી ક્યાં ગઈ? રાજીનામું એ નાટક નહીં, નૈતિકતાનો...




6 ગ્રીસમાં મિસ્ટ્રી મેન સાથે જોવા મળી મલાઈકા અરોરા



7 ગૌતમ ગંભીર અને અજિત અગરકરથી ખુશ નથી BCCI

## એક નજર...

### ટીવી અભિનેત્રી ક્રિસ્ટલ ડિસોઝાના ગ્લેમરસ લુકે જીત્યું ફેન્સનું દિલ



એક્ટ્રેસ ક્રિસ્ટલ ડિસોઝા સોશિયલ મીડિયા પર ખૂબ જ એક્ટિવ રહે છે અને અવારનવાર પોતાની ગ્લેમરસ તસવીરો શેર કરતી રહે છે. નેટીઝન્સ તેની ફિટનેસ અને ગ્લેમરસ સ્ટાઈલ પર કમેન્ટ્સનો વરસાદ કરી રહ્યા છે. કેમેરા સામે અલગ અલગ પોઝ આપી રહી છે અભિનેત્રી.ટીવી અભિનેત્રીઓ પણ અભિનેત્રીઓની જેમ પોતાના બોલ્ડ અને ગ્લેમરસ અંદાજથી ચાહકોનું ધ્યાન ખેંચતી રહે છે.

## ભારત વિશ્વનો ત્રીજો દેશ બન્યો

# ભારતનું પહેલું પ્રાઈવેટ ઓર્બિટલ રોકેટ 'વિક્રમ-1' શ્રીહરિકોટાથી લોન્ચ



**હૈદરાબાદ**

હૈદરાબાદની સ્કાયરૂટ એરોસ્પેસે આજે શનિવાર, 18 જુલાઈના રોજ ભારતનું પ્રથમ પ્રાઈવેટ ઓર્બિટલ રોકેટ 'વિક્રમ-1' લોન્ચ કર્યું. આ ટેસ્ટ પહેલા જ પ્રયાસમાં સફળ રહ્યો. આ સફળતા પર પીએમ મોદીએ સ્કાયરૂટના ફાઉન્ડર પવન કુમાર ચંદના સાથે વાત કરી અને અભિનંદન પાઠવ્યા. આ લોન્ચિંગ આંધ્ર પ્રદેશમાં શ્રીહરિકોટાના સતીશ ધવન સ્પેસ સેન્ટર પરથી બપોરે 12:05 વાગ્યે કરવામાં આવ્યું હતું. પહેલા આ લોન્ચિંગ 11:30 વાગ્યે થવાનું હતું, પરંતુ લોન્ચન5 ૫ મિનિટ પહેલા કાઉન્ટડાઉન રોકી દેવામાં આવ્યું હતું. થોડી વાર પછી તેને ફરીથી શરૂ કરવામાં આવ્યું હતું. આ રોકેટને ભારતમાં જ બનાવવામાં આવ્યું છે. કંપનીએ 2022માં વિક્રમ-એસ સબઓર્બિટલ રોકેટ લોન્ચ કર્યું હતું, જે 89.5 કિમીની ઊંચાઈ સુધી ગયું હતું. હવે વિક્રમ-1 પૃથ્વીની 4base(લો અર્થ ઓર્બિટ) 450 કિમીની ગોળાકાર નીચલી કક્ષા સુધી પહોંચી ગયું છે. આ સફળ લોન્ચિંગને ભારતના સ્પેસ સેક્ટર માટે એક બહુ મોટી સફળતા માનવામાં આવી રહી છે. લો અર્થ ઓર્બિટમાં 'વિક્રમ-1'નું સફળતા પૂર્વક લોન્ચિંગ થતાં જ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કૉલ કરીને સ્કાયરૂટ એરોસ્પેસની ટીમને અભિનંદન પાઠવ્યા. તેમણે કહ્યું કે, 'આ 'મિશન આગમન' છે, આગમનને આગળ વધતું જ જવાનું છે.

## ગાળ આપવી દરેક વખતે અશ્લીલતા નથી હોતી: સુપ્રીમ કોર્ટ

**નવી દિલ્હી**

સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે ગાળાગાળી કે અપશબ્દોનો ઉપયોગ કરવો હંમેશા અશ્લીલતાના દાયરામાં આવતો નથી. શુક્રવારે જસ્ટિસ સંજય કરોલ અને જસ્ટિસ વિપુલ એમ પંચોલીની બેન્ચે કહ્યું કે કોઈ શબ્દ ત્યારે જ અશ્લીલ ગણાશે, જ્યારે તે કામુકતાને પ્રોત્સાહન આપનારો હોય અથવા લોકોને ભ્રષ્ટ કરવાની વૃત્તિ ધરાવતો હોય. કોર્ટે આ ટિપ્પણી તમિલનાડુના એક કેસની સુનાવણી દરમિયાન કરી હતી. આરોપી મણિને જમીન વિવાદ દરમિયાન માતાની ગાળ આપવા બદલ અશ્લીલતાના આરોપમાં દોષિત ઠેરવવામાં આવ્યો હતો. ઓગસ્ટ 2017માં જમીન વિવાદને લઈને આરોપીએ ફરિયાદી સાથે ગાળાગાળી કરી હતી. પીડિતનો આરોપ હતો કે આરોપીએ જાતિસૂચક શબ્દો પણ કહ્યા હતા.

# દુનિયાની કોઈ તાકાત વિદ્યાર્થીઓને રોકી નહીં શકે: રાહુલ ગાંધી

**નવી દિલ્હી**

સોનમ વાંગચુકને ધરણા પ્રદર્શન પરથી હટાવ્યા બાદ દિલ્હી પોલીસે તેમને સફદરજંગ હોસ્પિટલમાં એડમિટ કર્યા છે. આ કાર્યવાહીને લઈને સરકાર વિપક્ષના નિશાના પર આવી ગઈ છે. હવે કોંગ્રેસ નેતા અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ એક્સ (X) પર એક પોસ્ટ શેર કરી છે, જેમાં તેમણે પીએમ મોદી પર આકરા પ્રહારો કર્યા છે. રાહુલ ગાંધીએ જણાવ્યું કે, 'મોદી સરકારનો મુખ્ય સિદ્ધાંત અસત્ય અને હિંસા છે. સોનમ વાંગચુકજી જ્યારે એક અહિંસક ભૂખ હડતાળ પર બેઠા હતા, ત્યારે તેમને જંતર-મંતર પરથી હટાવવા તે તદ્દન ખોટું છે. પેપર લીક, શિક્ષણનો વધતો ખર્ચ અને વિદ્યાર્થીઓના સુસાઈડ એ ભારતના ભવિષ્ય માટે ગંભીર મુદ્દાઓ છે. 'રાહુલ ગાંધીએ વધુમાં ઉમેર્યું કે, 'કોઈપણ તાકાત ભારતના વિદ્યાર્થીઓને અને અમારામાંથી જે લોકો તેમના પર વિશ્વાસ રાખે છે, અને તેમને પ્રેમ કરે છે, તેમને આ મુદ્દાઓ ઉઠાવતા રોકી શકશે નહીં.' 18 જુલાઈની સવારે અનિશ્ચિત મુદતની ભૂખ હડતાળ પર બેઠેલા સોનમ વાંગચુકના ઉપવાસના 21માં દિવસે તબિયત લથડતા દિલ્હી પોલીસે તેમને સફદરજંગ હોસ્પિટલમાં એડમિટ કર્યા છે. પોલીસે પોતાના નિવેદનમાં જણાવ્યું છે કે, આ કાર્યવાહી મેડિકલ એક્સપર્ટ્સની સલાહ અને દિલ્હી હાઈકોર્ટના નિર્દેશોના આધારે કરવામાં આવી છે.

# હૉસ્પિટલમાં પણ સોનમ વાંગચુકના ઉપવાસ યથાવત્

## ઉપવાસ ચાલુ રાખી 20 જુલાઈએ સંસદ માર્ચ કરશે, હૉસ્પિટલે નબળાઈ અને ડીહાઈડ્રેશન જણાવ્યું છે

**નવી દિલ્હી**

દિલ્હીના જંતર-મંતર પર દેશની શિક્ષણ વ્યવસ્થામાં સુધારા અને NEET પેપર લીક વિવાદ મુદ્દે છેલ્લા 20 દિવસથી આમરણ અનશન પર બેઠેલા પ્રખ્યાત ક્લાઈમેટ એક્ટિવિસ્ટ સોનમ વાંગચુકને દિલ્હી પોલીસે સવારે સફદરજંગ હૉસ્પિટલમાં ખસેડ્યા છે. આ ઘટના બાદ આંદોલન વધુ ઉગ્ર બન્યું છે. સોનમ વાંગચુકના પત્ની ગીતાંજલિ જે. આંગમોએ હૉસ્પિટલ બહાર પત્રકારો સાથે વાતચીત કરતાં સ્પષ્ટ કર્યું છે કે, વાંગચુકને હૉસ્પિટલમાં દાખલ કરવા છતાં તેમનું અનશન ચાલુ જ છે અને આગામી 20 જુલાઈએ યોજાનારી સંસદ માર્ચ



પોતાના નિર્ધારિત સમય મુજબ જ આગળ વધશે. ગીતાંજલિ જે. આંગમોએ જણાવ્યું કે, 20 જુલાઈએ સંસદ તરફ યોજાનારી માર્ચ સંપૂર્ણપણે યથાવત્ છે. શિક્ષણ પ્રણાલીમાં ફેરફાર કરવો એ વહીવટીતંત્ર અને નીતિ ઘડવૈયાઓની જવાબદારી છે. આપણું કામ માત્ર તેમને એ જણાવવાનું છે કે વર્તમાન સિસ્ટમ સંપૂર્ણપણે પડી ભાંગી છે. આ આંદોલન હવે માત્ર NEET પેપર લીક પૂરતું મર્યાદિત નથી રહ્યું. આ આખી શિક્ષણ વ્યવસ્થામાં સુધારા માટેની વ્યાપક ઝુંબેશ બની ચૂકી છે. આ મુવમેન્ટ સમગ્ર દેશના અંતરાત્માને જગાડવા માટે છે, અને તે ઘણી હદ સુધી જાગી પણ ચૂક્યો છે. - ગીતાંજલિ જે. આંગમો. હૉસ્પિટલ દ્વારા સોનમ વાંગચુકને ગ્લુકોઝ અથવા ઈલેક્ટ્રોલાઈટ પાવડર આપવાની સલાહ આપવામાં આવી હતી, પરંતુ વાંગચુક પોતાના નિર્ણય પર અડગ રહ્યા છે અને તેમણે કોઈપણ પ્રકારની શુગર કે પાવડર લેવાનો સ્પષ્ટ ઈન્કાર કરી દીધો છે.

## NEWS TRACK

### યુદ્ધના કારણે દુનિયાની ચિંતા વધી: કુવૈત ઍરપૉર્ટ ઠપ, ક્રૂડ ઓઈલના ભાવમાં તોતિંગ ઉછાળો

અમેરિકા અને ઈરાન વચ્ચે થયેલો યુદ્ધવિરામ એક જ સપ્તાહમાં તૂટી જતાં બંને દેશો વચ્ચેનો વિવાદ હવે ખૂબ જ ગંભીર તબક્કે પહોંચી ગયો છે. અમેરિકાએ સતત સાતમી રાત્રે ઈરાનના લશ્કરી ઠેકાણાઓ અને સૈન્ય પુરવઠાના કેન્દ્રો પર જોરદાર હવાઈ હુમલા કર્યા હતા. આ હુમલાના જવાબમાં, શનિવારે ઈરાને વળતો પ્રહાર કરીને ખાડી વિસ્તારમાં આવેલા અમેરિકાના સહયોગી દેશો પર મિસાઈલ અને ડ્રોન વડે મોટો હુમલો કર્યો છે. આ ભીષણ સ્થિતિને કારણે હવે સમગ્ર મિડલ ઈસ્ટમાં મોટું યુદ્ધ ફાટી નીકળવાનો ગંભીર ખતરો ઊભો થયો છે. કુવૈતમાં ઍરપૉર્ટ ઠપ અને પાણીનો પુરવઠો ખોરવાયો ઈરાનના સખત હુમલાને કારણે કુવૈત ભારે મુશ્કેલીમાં મૂકાયું છે. વારંવાર થઈ રહેલા મિસાઈલ અને ડ્રોન હુમલાના જોખમને પગલે કુવૈત ઈન્ટરનેશનલ ઍરપૉર્ટ પર તમામ કામગીરી તાત્કાલિક ધોરણે સ્થગિત કરી દેવામાં આવી છે. આ ઉપરાંત, ઈરાની હુમલામાં કુવૈતના એક પાવર જનરેશન અને દરિયાઈ પાણીને મીઠું કરવાના પ્લાન્ટ (ડીસેલિનેશન પ્લાન્ટ) પર બોમ્બમારો કરવામાં આવ્યો છે.

### સોનમ વાંગચુક મામલે સુપ્રીમ કોર્ટમાં અરજી, અમેરિકાથી પણ મળ્યું સમર્થન, સરકારની મુશ્કેલી વધી

દિલ્હીના જંતર-મંતર પર અનિશ્ચિત મુદતની ભૂખ હડતાળ પર બેઠેલા સોનમ વાંગચુકના સમર્થનમાં હવે અમેરિકામાં પણ અવાજ ઉઠવા લાગ્યો છે. વોશિંગ્ટન ડીસીમાં શુક્રવારે બે અમેરિકન નાગરિક સંગઠનોએ પ્રદર્શન કરીને ભારત સરકાર પાસે કથિત NEET પરીક્ષા પેપર લીક પર તાત્કાલિક કાર્યવાહી કરવા અને પ્રદર્શનકારીઓ સાથે વાતચીત શરૂ કરવાની માંગ કરી. વોશિંગ્ટનમાં ભારતીય દૂતાવાસ સામે વિરોધ પ્રદર્શન 'હિંદુઝ ફોર હ્યુમન રાઈટ્સ' અને 'ધ આઝાદી પ્રોજેક્ટ'ના કાર્યકરો ભારતીય દૂતાવાસ નજીક મહાત્મા ગાંધીની પ્રતિમા સામે એકઠા થયા હતા. પ્રદર્શનકારીઓએ સોનમ વાંગચુકના સમર્થનમાં પોસ્ટર ઉઠાવ્યા હતા અને શિક્ષણ પ્રણાલીમાં સુધારા, જવાબદારી નક્કી કરવા અને કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગ કરી હતી. PM મોદીને લખાયેલા ઓપન લેટરમાં વાતચીતની માંગ પ્રદર્શન પહેલા 'હિંદુઝ ફોર હ્યુમન રાઈટ્સ' એ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને એક ખુલ્લો પત્ર પણ લખ્યો હતો.

# કરજણ ભાજપમાં સડો: હજારો યુવાનોની રોજગારી હડપ કરી તાગડધિન્ના કરતા જયદીપસિંહ ચૌહાણ સામે બામણ ગામ અને ધરતીપુત્રોનો મહાસંગ્રામ!

## કોંગ્રેસમાંથી ભાજપમાં આવતા જ કરોડોના ભંગાર કૌભાંડનું લાયસન્સ મળી ગયું? 'એક વ્યક્તિ, એક પદ'ના લીરેલીરા ઉડાવી એપીએમસી પર ફરી કબ્જો જમાવવાની પેરવીમાં નફ્ફટાઈની હદ વટાવી, જો દાગદારને મેન્ડેટ આપ્યો તો વિધાનસભામાં કમળને કચડી નાખવાની ખેડૂતોની છેલ્લી ચેતવણી!

**ખાસ પ્રતિનિધિ, કરજણ/વડોદરા:**

વડોદરા જિલ્લા ભાજપ અને કરજણ તાલુકાના રાજકારણમાં અત્યારે એક મોટો વિસ્ફોટ થયો છે. સત્તાના નશામાં ચૂર નેતાઓની કથની અને કરણી વચ્ચેનો તફાવત જ્યારે ગરીબોના મોંમાંથી કોળિયો છીનવી લે છે, ત્યારે કેવો ભયાનક જનઆક્રોશ ફાટી નીકળે છે તેનો જીવતો-જાગતો પુરાવો કરજણનું બામણ ગામ પૂરું પાડી રહ્યું છે. હાઈવે નંબર 48 પર પોર પાસે આવેલી મોર્ડન કંપની રાતોરાત બંધ થવા પાછળ કયું કાળું રહસ્ય છુપાયેલું છે અને તેમાં વડોદરા જિલ્લા ભાજપના મહામંત્રી તેમજ કરજણ એપીએમસીના ચેરમેન જયદીપસિંહ ચૌહાણે કેવો ખેલ પાડ્યો છે, તેની સનસનાટીપૂર્ણ વિગતો હવે ચોરે ને ચૌટે ચર્ચાઈ રહી છે.

### મોર્ડન કંપનીનું પતન: હજારો પરિવારોના ઘરમાં અંધારું, નેતાજીના બંગલે લક્ષ્મીજીની મહેરબાની!

સૂત્રો પાસેથી મળતી ચોંકાવનારી વિગતો મુજબ, પોર પાસે આવેલી મોર્ડન કંપની જ્યારે ધમધમતી હતી ત્યારે તે કરજણ તાલુકાના અને ખાસ કરીને બામણ ગામના સેંકડો સ્થાનિક યુવાનો માટે રોજીરોટીનો મુખ્ય આધાર હતી. આ જ કંપનીમાં જયદીપસિંહ ચૌહાણ એચ.આર. મેનેજર જેવા જવાબદાર પદ પર બેઠા હતા. સ્થાનિકોનો સીધો અને ગંભીર આક્ષેપ છે કે, પોતાના જ ગામના દીકરાઓના હિતોનું રક્ષણ કરવાને બદલે, સત્તા અને હોદ્દાની વગ વાપરીને કંપનીને પદ્ધતિસર તાળાં મરાવી દેવાનું પાપ કરવામાં આવ્યું.



**જયદીપસિંહ વિજયસિંહ ચૌહાણ**

કંપની બંધ થવાની આડમાં અંદરખાને કરોડો રૂપિયાની કિંમતી મશીનરી અને સ્ક્રેપ એટલે કે ભંગાર ગેરકાયદેસર રીતે વેચી મારવાનું એક બહુ મોટું કૌભાંડ આચરવામાં આવ્યું હોવાના આક્ષેપોથી આખું કરજણ ગુંજી રહ્યું છે. પરિણામ એ આવ્યું કે હજારો ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારોના દીકરાઓ રાતોરાત રસ્તા પર આવી ગયા અને તેમના ઘરમાં ચૂલા સળગવા પણ મુશ્કેલ બની ગયા. બીજી તરફ, કંપની ભલે ડૂબી ગઈ પણ એચ.આર. મેનેજર તરીકે જયદીપસિંહ ચૌહાણ રાતોરાત અબજોપતિઓની યાદીમાં સામેલ થઈ ગયા. પોતાના જ ગામના યુવાનો સાથે થયેલા આ ભયાનક દગાના કારણે અગાઉ પણ આક્રોશિત ગ્રામજનોએ નેતાજીના ઘરની બહાર અને જાહેર રસ્તાઓ પર ઉગ્ર હોબાળો મચાવી, જયદીપસિંહ વિરુદ્ધ ભારે સૂત્રોચ્ચાર કરીને પોતાનો રોષ ઠાલવ્યો હતો.

ભાજપનું 'વોશિંગ મશીન' અને બેવડા હોદ્દાની જોહુકમી

કરજણ તાલુકાની જનતા હવે સીધા ભાજપના પ્રદેશ નેતૃત્વની આંખમાં આંખ પરોવીને સવાલો પૂછી રહી છે. ભાજપના મોટા નેતાઓ સ્ટેજ પરથી 'એક વ્યક્તિ, એક પદ'ના શિસ્તના ગમે તેટલા ગપ્પાં મારે, પણ જયદીપસિંહ ચૌહાણના કિસ્સામાં આ નિયમોના સરેઆમ લીરેલીરા ઉડાડવામાં આવ્યા છે. શું શિસ્તની આ વાતો માત્ર કાગળ પર જ છે? શું એપીએમસીની ચૂંટણીમાં આ નીતિ લાગુ પડતી નથી?

### હાલમાં તેમની પાસે સત્તાના બબ્બે પાવર છે:

1. વડોદરા જિલ્લા ભાજપ સંગઠનના મહામંત્રી
2. કરજણ એપીએમસીના વર્તમાન ચેરમેન

જનતા ખુલ્લેઆમ પૂછી રહી છે કે, શું કોંગ્રેસમાંથી બીજેપીમાં આવી જાઓ એટલે કૌભાંડો કરવાનું સત્તાવાર લાઈસન્સ મળી જાય છે? શું ભાજપ કોઈ વોશિંગ મશીન છે જેમાં જોડાતા જ નેતાના બધા જ કાળા કારનામા ધોવાઈ જાય છે? શું વડોદરા ભાજપ પાસે કોઈ એક પણ સ્વચ્છ, પ્રમાણિક અને લોકપ્રિય ચહેરો નથી બચ્યો કે વારંવાર પ્રજાના રોષનો ભોગ બનેલા અને વિવાદાસ્પદ નેતાઓને જ મહત્વની ખુરશીઓ પધરાવવામાં આવે છે?

### ધરતીપુત્રોની લાલ આંખ: 'ખેડૂત પુત્રને મેન્ડેટ આપો, નહીંતર કરજણમાંથી કમળ સાફ!'

હાલમાં કરજણ એપીએમસીની ચૂંટણીનો માહોલ ચરમસીમાએ પહોંચ્યો છે. કરોડોના ભંગાર ચોરીના ગંભીર આક્ષેપો હોવા છતાં જયદીપસિંહ ચૌહાણે ફરી એકવાર ચેરમેન પદ માટે પોતાની દાવેદારી ઠોકી દેતા જ ખેડૂતોનો પિત્તો ગયો છે. કરજણ તાલુકાના ભોળા ખેડૂતો સાથે વર્ષોથી અન્યાય થતો આવ્યો છે, પણ આ વખતે ખરાખરીનો જંગ જામવાનો છે. ખેડૂતોની સંસ્થા ગણાતી એપીએમસીમાં કોઈ વેપારી માનસિકતાવાળા કે કંપનીના ભંગાર ચોરની દાવેદારી ખેડૂતો સહેજ પણ સહન કરવાના મૂડમાં નથી. આ લડાઈ હવે જયદીપ ચૌહાણ વિરુદ્ધ એક સાચા ખેડૂત પુત્ર વચ્ચેની આરપારની જંગ બની ગઈ છે.

કરજણ તાલુકાના તમામ નાના-મોટા ખેડૂતોએ એક થઈને ભાજપ હાઈકમાન્ડને આખરી અલ્ટીમેટમ આપી દીધું છે કે, એપીએમસીની ચૂંટણીમાં કરજણ તાલુકાના કોઈ દાગદાર કે વિવાદાસ્પદ ઉમેદવારને મેન્ડેટ આપવાની ભૂલ કરવાના બદલે માત્ર અને માત્ર સાચા, ધરતીપુત્ર અને સ્વચ્છ છબી ધરાવતા ખેડૂતને જ મેન્ડેટ આપવામાં આવે. જો ભાજપે સત્તાના અહંકારમાં આવીને ખેડૂતોની આ ન્યાયી માંગણી ફગાવી દીધી અને ફરીથી કોઈ કૌભાંડી નેતા પર પસંદગીનો કળશ ઢોળ્યો, તો આગામી ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં કરજણ-સિનોર બેઠક પર ભાજપને ધૂળ ચટાડી દેવાની અને તેનો સદંતર બહિષ્કાર કરવાની ખેડૂતોએ ખુલ્લી ચીમકી આપી છે.

પાક્કો ગુજરાતનો આખરી સૂર: પ્રજા હવે નેતાઓની ગુલામ કે ગાડરિયો પ્રવાહ નથી રહી. સત્તાના જોરે હજારો યુવાનોના પેટ પર લાત મારનારા અને પોતાના જ ગામના લોકો સાથે ગદ્દારી કરનારા નેતાઓને ઘરભેગા કરવા માટે કરજણની જનતાએ રણશિંગું ફૂંકી દીધું છે. હવે જોવાનું એ રહેશે કે ભાજપ સંગઠન સમયસર જાગીને કોઈ સ્વચ્છ ઉમેદવારને મેન્ડેટ આપે છે કે પછી પોતાના જ લાડકા કૌભાંડી નેતાના મોહમાં ડૂબીને કરજણ પંથકમાંથી ભાજપનું અસ્તિત્વ ભૂંસી નાખવાનું મોટું રાજકીય નુકસાન વહોરે છે!

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો 9662420070

## સુરતમાં પાવરગ્રીડ લાઇનની કામગીરી સામે આક્રોશ, 'વળતર નહીં તો ટાવર નહીં'ના નારા સાથે સરકારના પરિપત્રની કરી હોળી

**સુરત**

સુરત જિલ્લામાં પાવરગ્રીડ લાઈનની કામગીરી સામે ખેડૂતોનો આક્રોશ ચરમસીમાએ પહોંચ્યો છે. ખાનગી કંપની દ્વારા ખેડૂતોની જમીનમાં પાવરગ્રીડ લાઈન માટે ટાવર ઊભા કરવાની કામગીરી સામે અસરગ્રસ્ત ખેડૂતોએ ઉગ્ર વિરોધ નોંધાવ્યો છે. આજે શનિવારે સુરત જિલ્લા કલેક્ટર કચેરી ખાતે મોટી સંખ્યામાં ખેડૂતો મોરચો લઈને પહોંચ્યા હતા અને કલેક્ટર કચેરીની બહાર જ સરકારના 4 જુલાઈના પરિપત્રની હોળી કરીને પોતાનો રોષ વ્યક્ત કર્યો હતો.

પાવરગ્રીડ લાઈનના ટાવર ઊભા કરવાથી જમીનને થઈ રહેલા નુકસાન સામે સુરત જિલ્લાના વિવિધ તાલુકાના ખેડૂતો એકઠા થયા હતા. ઓલપાડ, માંગરોળ, કામરેજ, બારડોલી, મહુવા અને પલસાણા સહિતના વિસ્તારોમાંથી 500થી વધુ ખેડૂતો આ વિરોધ પ્રદર્શનમાં જોડાયા હતા. ખેડૂતોએ 'વળતર નહીં તો ટાવર નહીં'ના સૂત્રોચ્ચારો સાથે કલેક્ટર કચેરી ગજવી મૂકી હતી.

સરકાર દ્વારા પાવરગ્રીડના ટાવર ઊભા કરવા બદલ અસરગ્રસ્ત ખેડૂતોને યોગ્ય વળતર મળી રહે તે માટે 4 જુલાઈના રોજ એક પરિપત્ર જાહેર કરવામાં આવ્યો હતો.

## ભુજ પોક્સો કોર્ટનો ઐતિહાસિક ચુકાદો: કચ્છના ચકચારી લવ જેહાદ અને દુષ્કર્મ કેસના આરોપીને આજીવન સખત કેદની સજા

**કચ્છ**

કચ્છમાં લવ જેહાદ અને પોક્સો ગુનાના આરોપીને ભુજ કોર્ટે અંતિમ શ્વાસ સુધી સખત આજીવન કેદની સજા ફટકારી છે. વર્ષ 2024ના ગુનામાં પોલીસે 45 દસ્તાવેજ પુરાવા અને 16 સાક્ષીઓ સાથે પોક્સો કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરી હતી. સમગ્ર મામલે કોર્ટે આરોપીને આજીવન સખત કેદની સજા અને અન્ય બે સહઆરોપીને નિર્દોષ જાહેર કર્યા છે.

પોલીસ ફરિયાદ મુજબ, મહારાષ્ટ્રમાં ઘણા સમયથી રહેતા પરિવારની અને મૂળ માંડવીની સગીરા 'ફ્રી ફાયર' ગેમ્સના માધ્યમથી જીગર નામની નકલી આઈડી ધરાવતા મહારાષ્ટ્રના જીયાદ ઊર્ફે સમીર લતીફ શેખ(ઉં.વ.22)ના સંપર્કમાં આવી હતી. જેમાં જીયાદે પોતાની ઓળખ છૂપાવીને સગીરાને પ્રેમજાળમાં ફસાવ્યા બાદ લગ્નની લાલચ આપીને દુષ્કર્મ આચર્યું હતું. આરોપી સગીરાના આપત્તિજનક ફોટોગ્રાફ વાઈરલ કરવાની ધમકી આપીને ધર્મ પરિવર્તન કરવા દબાણ કરતો હતો. અંતે કંટાળીને પીડિતાનો પરિવાર મહારાષ્ટ્રથી કચ્છ પરત ફર્યો હતો. આ પછી છેલ્લા બે વર્ષથી કચ્છમાં રહેતા પરિવાર પીડિતાની એક યુવક સાથે સગાઈ નક્કી કરી હતી. જો કે, આ દરમિયાન આરોપી જીયાદે પીડિતાના ફોટોગ્રાફ્સ વાઈરલ કરતાં તેની સગાઈ તૂટી ગઈ હતી. આ ઉપરાંત, માંડવીના ગોધરાના સહઆરોપી કાસમ ઓસમાણ હિંગોરજા અને અલ્તાફ જુમા લાખાની મદદથી આરોપી પીડિતાના ઘર અને પરિવારની રેકી કરતો હતો. અંતે પીડિતાએ 16 ઓક્ટોબર 2024ના રોજ ભુજમાં બોર્ડર રેન્જ સાયબર ક્રાઈમમાં જીયાદ શેખ, કાસમ હિંગોરજા અને અલ્તાફ લાખા સામે ફરિયાદ નોંધાવી હતી.

## વડોદરામાં હોડી હોનારત ફેઈમ ન્યુ સનરાઈઝ સ્કુલનું મકાન જર્જરિત: પરવાનગી રદ કરવા રજૂઆત

**વડોદરા**

હોડી હોનારતમાં ભોગ બનેલા બાળકોના પરિવારજનોએ આજે વોર્ડ નંબર 15 ના કોર્પોરેટર આશિષ જોશીની આગેવાનીમાં જિલ્લા શિક્ષણાધિકારીને આવેદનપત્ર આપી ન્યુ સનરાઈઝ સ્કૂલના મકાન જર્જરીત હાલતમાં હોવાથી કોઈ દુર્ઘટના બને તે પહેલા અને રહેણાંક મંજૂરી મેળવી તે મકાનમાં શાળા ચલાવવામાં આવી રહી હોવા અંગે તપાસ કરી શાળાને આપેલી પરવાનગી તાત્કાલિક અસરથી રદ કરવા માંગણી કરી છે.

આવેદનપત્રમાં જણાવ્યું છે કે તાજેતરમાં ન્યુ સનરાઈઝ સ્કુલ ખાતે અંગત કામ અર્થે મુલાકાતે ગયા હતા ત્યારે સ્કુલની બિલ્ડીંગની પરિસ્થિતિ જોતા જર્જરીત થઇ ગઈ છે.

સ્કુલની પ્રીમાઈસીસની તપાસ કરવામાં આવે તો તેમા કેટલા વાંધા વચકાઓ બહાર આવી શકે તેમ છે અને કાયદેસર રીતે તે સ્કુલ ખાતેની જગ્યા છે કે કેમ? તેની પણ પુષ્ટી થાય તેમ હોય કે પછી કોર્પોરેશનની જગ્યા ખાથે ગેરકાયદેસર રીતે સ્કુલ બોર્ડના નિયમો વિરુદ્ધ તથા કાયદાઓને નેવે મુકી આ ખોટી રીતે માત્ર રૂપિયા પડાવવા આશયથી સ્કુલ બનાવી છે, અને તેનો ઉપયોગ કોઇ ખોટું કામ અર્થે થઇ રહેલ હોય કે કેમ તેની તપાસ કરવાની જરૂર છે.

## સાણંદ-બાવળા હાઈવે પર રખડતા ઢોરનો આતંક: પીંપણ નજીક ગાયોના ધણ સાથે બાઈક અથડાતા આશાસ્પદ યુવકનું મોત

**અમદાવાદ**

રાજ્યના હાઈવે અને માર્ગો પર રખડતા ઢોરનો ત્રાસ યથાવત્ રહ્યો છે, જે વધુ એક નિર્દોષ વાહનચાલક માટે જીવલેણ સાબિત થયો છે. અમદાવાદના સાણંદ-બાવળા હાઈવે પર પીંપણ ગામ નજીક ગત 16મી જુલાઈની રાત્રે રોડની વચોવચ અડીંગો જમાવીને બેઠેલી ગાયોના ધણ સાથે બાઈકચાલક યુવાન ધડાકાભેર અથડાયો હતો. આ ગમખ્વાર અકસ્માતમાં યુવકનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. આ સમગ્ર ઘટના નજીકમાં લાગેલા સીસીટીવી (CCTV) કેમેરામાં કેદ થઈ છે.

મળતી માહિતી અનુસાર, આ અકસ્માત 16મી જુલાઈની રાત્રિના આશરે સાડા આઠ વાગ્યાના સુમારે સર્જાયો હતો. એક યુવક પોતાના બાઈક પર સાણંદ-બાવળા રોડ પરથી પસાર થઈ રહ્યો હતો. આ દરમિયાન પીંપણ ગામ નજીક રસ્તાની વચ્ચે જ ગાયોનું આખું ધણ બેઠેલું હતું. રાત્રિના અંધારાના કારણે બાઈકચાલકને ગાયો ન દેખાતા તેનું બાઈક સીધું ગાયો સાથે જોરદાર રીતે અથડાયું હતું.

### આદિવાસી સમાજમાં ભારે રોષની લાગણી; કેજરીવાલે મોરચો સંભાળ્યો

# રાજકીય મહાસંગ્રામ: ચૈતર વસાવા મુદ્દે PM મોદીના નિવેદનથી ગુજરાતનું રાજકારણ ગરમાયું!

**ગાંધીનગર/રાજપીપળા**

ગુજરાતના રાજકારણમાં ફરી એકવાર આદિવાસી મતો અને નેતૃત્વને લઈને ભારે ગરમાવો આવી ગયો છે. આમ આદમી પાર્ટી (AAP)ના ફાયરબ્રાન્ડ નેતા અને ધારાસભ્ય ચૈતર વસાવા મુદ્દે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આપેલા એક તાજેતરના નિવેદન બાદ શાસક પક્ષ ભાજપ અને વિપક્ષ AAP સામસામે આવી ગયા છે. વડાપ્રધાનના આ નિવેદનને લઈને આમ આદમી પાર્ટીએ ભાજપ સરકાર પર આકરા પ્રહારો કર્યા છે અને દાવો કર્યો છે કે આ નિવેદનથી સમગ્ર આદિવાસી સમાજમાં ભારે રોષ ફેલાયો છે.



### AAPનો પલટવાર: "આદિવાસી અસ્મિતા પર પ્રહાર"

ચૈતર વસાવા મુદ્દે વડાપ્રધાનના નિવેદન બાદ આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય કન્વીનર અરવિંદ કેજરીવાલ અને ગુજરાત AAPના ટોચના નેતાઓએ તાબડતોબ મોરચો ખોલી દીધો છે. 'આપ'ના નેતાઓનો આક્ષેપ છે કે ભાજપ સરકાર જાણીજોઈને લોકપ્રિય આદિવાસી નેતા ચૈતર વસાવાને ટાર્ગેટ કરી રહી છે. અરવિંદ કેજરીવાલે સોશિયલ મીડિયા અને નિવેદનો મારફતે જણાવ્યું છે કે, ચૈતર વસાવા આદિવાસીઓના હક અને જળ, જંગલ, જમીનની લડાઈ લડી રહ્યા છે, તેથી સત્તાધારી પક્ષ તેમને દબાવવાનો પ્રયાસ કરી રહ્યો છે. આ લડાઈ માત્ર એક નેતાની નથી, પણ આખા આદિવાસી સમાજના સન્માનની છે.

### આદિવાસી બેલ્ટમાં ગરમાયેલું રાજકારણ

ગુજરાતના પૂર્વપટ્ટીના આદિવાસી વિસ્તારોમાં આ મુદ્દો ભારે જોર પકડી રહ્યો છે. ચૈતર વસાવાના સમર્થકો અને સ્થાનિક આદિવાસી સંગઠનો દ્વારા વડાપ્રધાનના નિવેદન સામે વિરોધ પ્રદર્શનો અને સૂત્રોચ્ચાર કરવામાં આવી રહ્યા છે. સ્થાનિક આદિવાસી આગેવાનોનું કહેવું છે કે, જ્યારે પણ કોઈ આદિવાસી નેતા પ્રજાના હકના સવાલો ઉઠાવે છે, ત્યારે તેને ગુનેગાર કે વિપક્ષી ગણીને હાંસિયામાં ધકેલવાના પ્રયાસો થાય છે, જે હવે સહન કરવામાં નહીં આવે.

### સત્તા અને વિપક્ષ વચ્ચે આરપારની જંગ

એક તરફ ભાજપ આ નિવેદનને કાયદો અને વ્યવસ્થા તેમજ ભ્રષ્ટાચાર સામેની લડાઈ તરીકે રજૂ કરી રહ્યું છે, ત્યારે બીજી તરફ વિપક્ષ તેને લોકશાહીમાં વિપક્ષનો અવાજ દબાવવાનું રાજકારણ ગણાવી રહ્યો છે. લોકસભાની ચૂંટણીઓ અને આગામી રાજકીય સમીકરણોને જોતાં, આદિવાસી મતો મેળવવા માટે તમામ પક્ષો એડીચોટીનું જોર લગાવી રહ્યા છે, ત્યારે ચૈતર વસાવા ફરી એકવાર ગુજરાતના રાજકારણના કેન્દ્રબિંદુ બની ગયા છે. આ વિવાદ આગામી દિવસોમાં વધુ ઉગ્ર બને તેવા સ્પષ્ટ સંકેતો દેખાઈ રહ્યા છે. હવે જોવાનું એ રહેશે કે ભાજપ આ રોષને શાંત પાડવા માટે શું રણનીતિ અપનાવે છે અને આમ આદમી પાર્ટી આ મુદ્દાને જનઆંદોલનમાં બદલવામાં કેટલી સફળ રહે છે!

### પ્રમુખ પર સત્તાના દુરુપયોગના આક્ષેપ, સભ્યો અને નગરજનોમાં ભારે ચર્ચા

## કરજણ નગરપાલિકામાં કથિત ખોટા ઠરાવનો વિવાદ

**વડોદરા**

કરજણ નગરપાલિકામાં સામાન્ય સભામાં મંજૂર ન થયેલા ઠરાવની કથિત સહીવાળી નકલ બહાર આવતાં પાલિકાના વહીવટ સામે ગંભીર સવાલો ઊભા થયા છે. આ મામલે પાલિકાના સભ્યોમાં ભારે ગણગણાટ શરૂ થયો છે, જ્યારે નગરમાં પણ આ મુદ્દો ચર્ચાનો વિષય બન્યો છે.

મળતી માહિતી મુજબ કરજણ નગરપાલિકાની તા. 30 એપ્રિલ, 2025ના રોજ પ્રમુખ ઈલાબા અટાલિયાના અધ્યક્ષસ્થાને સામાન્ય સભા યોજાઈ હતી. જેમાં વિકાસલક્ષી તેમજ અન્ય વિવિધ ઠરાવો સર્વસંમતિથી પસાર કરવામાં આવ્યા હતા.

વિવાદ પાલિકાના ફાઈનલ પ્લોટ નં. 507 ખાતે આવેલા શોપિંગ સેન્ટરની બેઝમેન્ટમાં આવેલી દુકાન નં. 1ના નામ ફેરબદલને લઈને ઊભો થયો છે. કમરૂદ્દીન રહેમુદ્દીન અન્સારીએ અગાઉ આ બાબતે વાંધા અરજી આપી હતી. ત્યારબાદ દુકાનના નામ ફેરબદલ અંગેનો અગાઉનો ઠરાવ રદ કરી દુકાન કમરૂદ્દીન અન્સારીના નામે કરવાનો ઠરાવ સામાન્ય સભામાં મંજૂર થયો હોવાનું દર્શાવતી પ્રમુખની સહીવાળી નકલ સંબંધિત વ્યક્તિને આપવામાં આવી હોવાનું સામે આવ્યું છે.

જોકે, પાલિકાના કેટલાક સભ્યોએ તપાસ કરતાં દાવો કર્યો છે કે સામાન્ય સભામાં આવો કોઈ ઠરાવ થયો જ નહોતો. આ બાબત બહાર આવતા સભ્યોમાં ભારે અસંતોષ જોવા મળ્યો હતો.

દરમિયાન મૂળ માલિકના વારસદારોના વકીલ દ્વારા પુરાવા સાથે પાલિકાના તમામ સભ્યોને લેખિત રજૂઆત કરવામાં આવતા સમગ્ર મામલો વધુ ગંભીર બન્યો છે. ત્યારબાદ મીડિયાએ પણ દસ્તાવેજોની તપાસ કરતાં કથિત ઠરાવ અંગેની હકીકતો ચકાસવાનો પ્રયાસ કર્યો હતો.

આક્ષેપો મુજબ પ્રમુખની સહીવાળો ઠરાવ તથા મિલકતના વેરા અંગેનું માંગણી બિલ મુખ્ય અધિકારી અથવા સંબંધિત વિભાગીય અધિકારીની સહી વગર જારી કરવામાં આવ્યું હોવાનું પણ સામે આવ્યું છે. જો આ આક્ષેપો સાચા સાબિત થાય તો પાલિકાના વહીવટ અને કાયદાકીય પ્રક્રિયા અંગે ગંભીર પ્રશ્નો ઊભા થઈ શકે છે.

આ સમગ્ર ઘટનાને લઈને કરજણ શહેરમાં રાજકીય અને સામાજિક સ્તરે ચર્ચાઓ તેજ બની છે. નગરજનોમાં પણ એવી ચર્ચા ચાલી રહી છે કે ભારતીય જનતા પાર્ટી આ મામલે નિષ્પક્ષ તપાસ કરાવી જવાબદારી નક્કી કરીને યોગ્ય કાર્યવાહી કરશે કે નહીં.

### સજાના આરોપીને બચાવવા કોર્ટને ગેરમાર્ગે દોરનાર

## પોરબંદરના DySP, PI અને હેડ કોન્સ્ટેબલ સામે ગુનો નોંધવા ફેમિલી કોર્ટનો સખત આદેશ!

કાયદાના રક્ષકો જ બન્યા ભક્ષકો? કોર્ટ સાથે રમત રમવી ભારે પડી; પોલીસ બેડામાં ભારે ફફડાટ અને ચકચાર

**પોરબંદર**

કાયદો અને વ્યવસ્થા જાળવવાની જેમના શિરે જવાબદારી છે, એવા જ ઉચ્ચ પોલીસ અધિકારીઓ જ્યારે કાયદાની મજાક ઉડાવવા લાગે ત્યારે જનતા ન્યાય માટે ક્યાં જાય? પોરબંદરમાંથી ખાખી વર્દીને શર્મસાર કરતો એક અત્યંત ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. સજા પામેલા એક આરોપીને બચાવવા માટે અને અદાલતને ગેરમાર્ગે દોરવા સત્તાનો દુરુપયોગ કરનાર પોરબંદરના તત્કાલીન ડેપ્યુટી સુપરિટેન્ડન્ટ ઓફ પોલીસ (DySP), પોલીસ ઈન્સ્પેક્ટર (PI) અને એક હેડ કોન્સ્ટેબલ (HC) સામે ગુનો દાખલ કરવાનો ફેમિલી કોર્ટે ઐતિહાસિક અને કડક આદેશ કર્યો છે. કોર્ટના આ આકરા વલણથી પોલીસ બેડામાં સન્નાટો વ્યાપી ગયો છે. ભરણપોષણના એક કેસમાં ફેમિલી કોર્ટ દ્વારા જે-તે આરોપીને સજા ફટકારવામાં આવી હતી અને તેને જેલભેગો કરવાનો આદેશ હતો.

### બાળકોને બહારના પડીકા આપતાં પહેલાં સાચવજો

## અમરાઈવાડીથી પાસ્તામાંથી પ્રતિબંધિત ડાઈનો કલર મળ્યો, 75 હજાર પેકેટ જપ્ત

**અમદાવાદ**

અમદાવાદના અમરાઈવાડીમાં 'બચ્ચો કા પાસ્તા' પેકેટમાં પ્રતિબંધિત ઓઈલ સોલ્યુબલ ડાઈ મળી આવતા અમન સેલ્સ એજન્સી સીલ કરાઈ. ફૂડ વિભાગે મહેન્દ્ર ગુપ્તા સંચાલિત એજન્સીમાંથી 7 નમૂના લઈ 3.75 લાખના 75,000 શંકાસ્પદ પેકેટનું વેચાણ અટકાવ્યું. પાટણના સિદ્ધપુરની ધારીવાલા ફૂડ્સ દ્વારા ઉત્પાદિત આ પાસ્તાથી લિવર ઈન્ફેક્શનનું જોખમ રહેલું છે. અમદાવાદના અમરાઈવાડીમાં 'બચ્ચો કા પાસ્તા' નામના પેકેટમાં વેચાતા પાસ્તામાંથી પ્રતિબંધિત ઓઈલ સોલ્યુબલ ડાઈ મળી આવતા અમન સેલ્સ એજન્સીને સીલ કરાઈ હતી. આ દરમિયાન ત્યાં વેચાઈ રહેલા વિવિધ પ્રકારના નાસ્તાના પેકેટમાંથી સાત નમૂના લઈ તપાસ માટે મોકલવામાં આવ્યા હતા. જ્યારે રૂપિયા પોણા ચાર લાખના 75 હજાર શંકાસ્પદ પેકેટનું વેચાણ બંધ કરાવવામાં આવ્યું હતું.

અમદાવાદ મ્યુનિસિપલના ફૂડ વિભાગ દ્વારા થોડા દિવસો અગાઉ બાપુનગરની છૂટક દુકાનમાંથી




'બચ્ચો કા પાસ્તા' નામના પેકેટમાં વેચાતા પાસ્તાના નમૂના લેવાયા હતા. જેની લેબોરેટરીમાં તપાસ કરાતા પાસ્તામાં પ્રતિબંધિત ઓઈલ સોલ્યુબલ ડાઈ હોવાનું બહાર આવ્યું હતું. જે પગલે આજે ફૂડ વિભાગ દ્વારા અમરાઈવાડીના નાગરવેલ હનુમાન મંદિર પાસે આવેલી અમન સેલ્સ એજન્સીમાં તપાસ હાથ ધરાઈ હતી. જે મહેન્દ્ર શિવપૂજન ગુપ્તા નામના વ્યક્તિ દ્વારા ચલાવવામાં આવી રહી હતી. ત્યાંથી જોખમી પાસ્તાનું વેચાણ કરાતું હોવાનું જણાતા એજન્સીને સીલ કરાઈ હતી. આ દરમિયાન પોપકોર્ન, સોયા ચિપ્સ સહિત શંકાસ્પદ વસ્તુઓના 7 નમૂના લઈ વધુ તપાસ માટે મોકલવામાં આવ્યા હતા. તેમજ વિવિધ પ્રકારના નાસ્તાના 75 હજાર પેકેટ એટલે પોણા ચાર લાખ રૂપિયાના 1500 કિલો શંકાસ્પદ જથ્થાનું વેચાણ સ્થગિત કરાવવામાં આવ્યું હતું. જો કે વધુ તપાસ દરમિયાન નાસ્તાના પેકેટોનું ઉત્પાદન પાટણના સિદ્ધપુરમાં ધારીવાલા ફૂડ્સ નામના એકમ દ્વારા કરાતું હોવાની જાણ થઈ હતી.

### લાંચ લીધી તો કાયમી સરકારી બાબુઓની જેમ જ જેલના સળિયા ગણવા પડશે!

## સરકારનો ભ્રષ્ટાચારના મૂળ પર મોટો પ્રહાર: કરાર-આઉટસોર્સિંગ કર્મચારીઓ હવે 'જાહેર સેવક' ગણાશે!

ભ્રષ્ટાચારની જનકની સમાન 'કોન્ટ્રાક્ટ પ્રથા' ના નામે ચાલતી કાળી કમાણી પર સરકારનો હથોડો; 'પાક્કો ગુજરાત' જનતાના હિતમાં આ ઐતિહાસિક નિર્ણયને આવકારે છે!

**ગાંધીનગર/અમદાવાદ**

ગુજરાત સરકારની વિવિધ કચેરીઓમાં ચાલતા ભ્રષ્ટાચાર, લાંચખોરી અને બાબુશાહીના દૂષણને જડમૂળમાંથી ઉખાડી ફેંકવા માટે રાજ્ય સરકારે એક અત્યંત ક્રાંતિકારી અને ઐતિહાસિક નિર્ણય લીધો છે. અત્યાર સુધી સરકારી કચેરીઓમાં ભ્રષ્ટાચાર કરવા માટે જે સૌથી મોટી છટકબારી ગણાતી હતી, તેના પર સરકારે કાયદાનો સકંજો કસી દીધો છે. રાજ્ય સરકારના મહત્વના વિભાગો દ્વારા લેવાયેલા નિર્ણય અનુસાર, હવેથી સરકારી કચેરીઓમાં ફરજ બજાવતા તમામ આઉટસોર્સિંગ, કરાર આધારિત કે અંશકાલીન કર્મચારીઓ પણ કાયદાની નજરમાં 'જાહેર સેવક' (Public Servant) ગણાશે. જો તેઓ લાંચ લેતા કે ભ્રષ્ટાચાર કરતા પકડાશે, તો તેમની સામે પણ એક કાયમી ક્લાસ-૧ કે ક્લાસ-૨ અધિકારીની જેમ જ એન્ટી કરપ્શન બ્યુરો (ACB) અને કાયદા હેઠળ કડક પગલાં ભરી જેલભેગા કરવામાં આવશે!

લોકમુખે ચર્ચા છે કે, સરકારી તંત્રમાં ભ્રષ્ટાચારની અસલી શરૂઆત આ કોન્ટ્રાક્ટ પ્રથા અને આઉટસોર્સિંગથી જ થતી હોય છે. કાયમી સરકારી કર્મચારીઓ પકડાઈ જવાની બીકે સીધી લાંચ લેવાનું ટાળતા હતા અને ફાઈલો પાસ કરાવવા કે નાણાં સગેવગે કરવા માટે આઉટસોર્સિંગ પર રાખેલા કોમ્પ્યુટર ઓપરેટર, ક્લાર્ક કે પટાવાળા જેવા નાના કર્મચારીઓનો મોહરો (હથિયાર) તરીકે ઉપયોગ કરતા હતા. જ્યારે લાંચના કેસમાં આવા કરાર આધારિત કર્મચારીઓ પકડાય, ત્યારે કાયદાકીય વ્યાખ્યાની છટકબારીનો લાભ લઈને કે પછી 'અમે તો સરકારી નોકર નથી' એવું બહાનું બતાવીને તેઓ છૂટી જતા હતા અથવા તો મુખ્ય સૂત્રધારો બચી જતા હતા. પરંતુ હવે આ કાળો ખેલ કાયમ માટે બંધ થઈ જશે. સામાન્ય રીતે લાંચના કેસોમાં પકડાયેલા મોટા બાબુઓ સામે કોર્ટમાં કેસ ચલાવવા માટે જે-તે વિભાગની 'પ્રોસિક્યુશન સરકારી મંજૂરી' મેળવવામાં મહિનાઓ કે વર્ષો નીકળી જતા હતા, જેનો સીધો ફાયદો ગુનેગારોને થતો હતો. પરંતુ સરકારે હવે આ નવી નીતિથી ભ્રષ્ટ તત્વો સામે શિકંજો કસવો પોલીસ અને એસીબી (ACB) માટે વધુ સરળ બનાવી દીધો છે.

## શું રૂ.168 પ્રતિ લીટર મળશે પ્યોર પેટ્રોલ? એથેનોલ વિવાદ વચ્ચે નીતિન ગડકરીએ ખોલ્યું મોટું રહસ્ય!


### "જેમને એથેનોલ બ્લેન્ડેડ ફ્યુઅલ નથી જોઈતું, તેઓ 100% શુદ્ધ પેટ્રોલ ખરીદી શકે છે, પણ ચૂકવવા પડશે વધુ નાણાં"; સોશિયલ મીડિયા પર એન્જિન બગડવાની અફવાઓ ફેલાવનારા પ્રોપગેન્ડાબાજોને ગડકરીએ આપ્યો સણસણતો જવાબ

**અમદાવાદ**

દેશમાં આ દિવસોમાં એથેનોલ મિશ્રિત પેટ્રોલ (E20 ફ્યુઅલ) ને લઈને સોશિયલ મીડિયાથી લઈને બજાર સુધી એક મોટો વિવાદ અને રાજકારણ ગરમાયું છે. લોકો સવાલો ઉઠાવી રહ્યા છે કે જો પેટ્રોલમાં ૨૦ ટકા એથેનોલ ભેળવવામાં આવે છે, તો પેટ્રોલ સસ્તું કેમ નથી થતું? આ સિવાય E20 પેટ્રોલથી એન્જિન બગડી જાય છે તેવી અફવાઓ પણ જોર પકડી રહી છે. આ ગરમાગરમ વિવાદ વચ્ચે હંમેશાં દેશને નવો માર્ગ બતાવનારા કેન્દ્રીય માર્ગ પરિવહન અને હાઈવે મંત્રી નીતિન ગડકરીએ એક મોટો ખુલાસો કર્યો છે. તેમણે સાફ શબ્દોમાં કહ્યું છે કે ભવિષ્યમાં જો કોઈને એથેનોલ મિશ્રિત પેટ્રોલ નથી જોઈતું અને ૧૦૦% પ્યોર (શુદ્ધ) પેટ્રોલ જ વાપરવું છે, તો તેની કિંમત પ્રતિ લીટર આશરે ૧૬૮ રૂપિયા સુધી પહોંચી શકે છે! એક એક્સક્લુઝિવ ઈન્ટરવ્યુ અને કાર્યક્રમ દરમિયાન નીતિન ગડકરીએ સરકારના એથેનોલ બ્લેન્ડિંગ પ્રોગ્રામનો જોરદાર બચાવ કર્યો હતો. તેમણે જણાવ્યું કે, ગ્રાહકો પાસે વિકલ્પ રહેશે. જે વાહનચાલકો એથેનોલ મિશ્રિત પેટ્રોલ વાપરવા નથી માંગતા, તેઓ સંપૂર્ણ શુદ્ધ (100% pure) પેટ્રોલ પસંદ કરી શકે છે, પરંતુ તેના માટે તેમણે ઘણી મોટી કિંમત ચૂકવવી પડશે, જે ભવિષ્યમાં ૧૬૮ રૂપિયા લીટર સુધી જઈ શકે છે. તેની સામે એથેનોલ બેઝ્ડ પેટ્રોલ લોકોને ઘણું સસ્તું પડશે અને ગ્રાહકોના નાણાં બચશે. સોશિયલ મીડિયા પર ચાલી રહેલી એ અફવાઓ કે E20 પેટ્રોલથી ગાડીના એન્જિન ખરાબ થઈ જાય છે, તેને નીતિન ગડકરીએ સખત શબ્દોમાં નકારી કાઢી છે. તેમણે આક્ષેપ કર્યો છે કે, સરકાર અને મારી વિરુદ્ધ એક સુનિયોજિત રાજકીય ભ્રામક પ્રચાર (Misinformation Campaign) ચલાવવામાં આવી રહ્યો છે. ગડકરીએ સ્પષ્ટ કર્યું કે E20 ફ્યુઅલ પ્રોપર ટેસ્ટિંગ બાદ જ માર્કેટમાં લાવવામાં આવ્યું છે. મારુતિ સુઝુકી જેવી દેશની સૌથી મોટી ઓટોમોબાઈલ કંપનીઓએ પણ આ ફ્યુઅલને સપોર્ટ કર્યો છે અને તેઓ ગાડીઓ પર વોરંટી પણ આપી રહ્યા છે.

## કમિશનમાં પ્રતિ ક્વિન્ટલ રૂ.35નો તોતિંગ વધારો

# CM ભૂપેન્દ્ર પટેલનો મોટો નિર્ણય: રેશનિંગ દુકાનદારોની દિવાળી સુધરી!



**વાજબી ભાવની દુકાનના સંચાલકોને હવે રૂ. 150ના બદલે રૂ.185 કમિશન મળશે; રાજ્ય સરકાર તિજોરીમાંથી રૂ.67.20 કરોડ ખર્ચશે, 17,000થી વધુ સંચાલકોને સીધો લાભ**

ગાંધીનગર

ગુજરાતમાં ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારો સુધી અનાજ પહોંચાડતી જાહેર વિતરણ પ્રણાલી (PDS) ને વધુ સુદ્રઢ અને પારદર્શક બનાવવા માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે એક અત્યંત મહત્ત્વપૂર્ણ અને સંવેદનશીલ નિર્ણય લીધો છે. રાજ્ય સરકારે અંત્યોદય અન્ન યોજના (AAY) અને પ્રાયોરિટી હાઉસહોલ્ડ (PHH) કુટુંબોને વિતરણ કરવામાં આવતા ઘઉં અને ચોખાના જથ્થા પર વાજબી ભાવની દુકાનના સંચાલકોને ચૂકવવામાં આવતા કમિશનના દરમાં મોટો વધારો કરવાની જાહેરાત કરી છે. સરકારના આ નિર્ણયથી રેશનિંગ દુકાનના સંચાલકોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલા સત્તાવાર ઠરાવ અનુસાર, અત્યાર સુધી રાજ્યમાં વાજબી ભાવના દુકાન સંચાલકોને પ્રતિ ક્વિન્ટલ રૂ. ૧૫૦ કમિશન ચૂકવવામાં આવતું હતું. સંચાલકોના આર્થિક હિત અને તેમની રજૂઆતોને ધ્યાને રાખીને મુખ્યમંત્રીએ આ કમિશનમાં પ્રતિ ક્વિન્ટલ રૂ. ૩૫નો ધરખમ વધારો મંજૂર કર્યો છે.

આ ઐતિહાસિક વધારા બાદ હવે રેશનિંગ દુકાનના સંચાલકોને પ્રતિ ક્વિન્ટલ રૂ. ૧૮૫ લેખે કમિશન ચૂકવવામાં આવશે.

## વડોદરામાં નશામાં ધૂત નબીરાનો આતંક

# મોંઘીદાટ કારમાંથી મળ્યા બિયરના ટીન, સ્થાનિકોએ પકડીને પોલીસને હવાલે કર્યો

વડોદરા

સંસ્કારી નગરી વડોદરામાં ફરી એકવાર નબીરાઓનો બેફામ આતંક સામે આવ્યો છે. ગોત્રી વિસ્તારમાં એક મોંઘીદાટ લક્ઝુરિયસ કારમાં સવાર યુવકે નશાની હાલતમાં રસ્તા પર હોબાળો મચાવ્યો હતો. યુવકની શંકાસ્પદ હિલચાલ જોઈને સ્થાનિક લોકો એકઠા થઈ ગયા હતા અને યુવક નશાની હાલતમાં હોવાના આક્ષેપ સાથે તેને ઘટનાસ્થળે જ પકડી પાડ્યો હતો. આ ઘટનાને પગલે આસપાસના લોકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. સ્થાનિકોએ જ્યારે આ મોંઘીદાટ કારની તપાસ કરી તો તેમાંથી બિયરના ટીન પણ મળી આવ્યા હતા, જેનાથી યુવક નશામાં હોવાની આશંકા વધુ પ્રબળ બની હતી. ગુસ્સે ભરાયેલા સ્થાનિકોએ આ નબીરાને ભાગવા દીધો ન હતો અને તેને પકડી રાખીને તાત્કાલિક ગોત્રી પોલીસને આ અંગે જાણ કરી હતી. ઘટનાની માહિતી મળતા જ ગોત્રી પોલીસનો કાફલો તાબડતોબ ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે સ્થાનિકોના કબજામાંથી યુવકને છોડાવી પોતાની કસ્ટડીમાં લીધો હતો અને કાર સહિતનો મુદ્દામાલ જપ્ત કરીને વધુ તપાસ હાથ ધરી છે. ગોત્રી પોલીસના જણાવ્યા અનુસાર, હાલ આ મામલે પ્રાથમિક તપાસ ચાલી રહી છે. યુવકનું મેડિકલ પરીક્ષણ કરાવીને તે નશામાં હતો કે નહીં તેની પુષ્ટિ કરવામાં આવશે. પ્રાથમિક તપાસ અને મેડિકલ રિપોર્ટ આવ્યા બાદ આ નબીરા સામે કાયદેસરની કડક કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

## સુરતમાં હોસ્પિટલની ઘોર બેદરકારીનો ભયાનક આક્ષેપ

# ગળામાંથી સોય કાઢતા જ 9 માસની લાડકવાયી બાળકીનું મોત : કલ્પાંતથી વાતાવરણ ગમગીન!

સુરત

સુરતની જાણીતી કથિત હાઈટેક 'કિરણ હોસ્પિટલ' ફરી એકવાર ગંભીર વિવાદ અને તબીબોની કથિત બેદરકારીના કારણે સવાલોના ઘેરામાં આવી ગઈ છે. એક અત્યંત હૃદયદ્રાવક અને કાળજું કંપાવી દેતી ઘટનામાં, માત્ર ૯ મહિનાની એક માસૂમ અને પરિવારની એકની એક લાડકવાયી દીકરીનું હોસ્પિટલના બિછાને જ કરુણ મોત નીપજ્યું છે. પરિવારનો ગંભીર આક્ષેપ છે કે બાળકીના ગળામાં ફસાયેલી સોય કાઢવાની પ્રક્રિયા દરમિયાન ડૉક્ટરો દ્વારા રાખવામાં આવેલી ઘોર બેદરકારીના કારણે તેમની વ્હાલસોયી દીકરીનો જીવ ગયો છે. બાળકીના કમકમાટીભર્યા મોતને પગલે રોષે ભરાયેલા પરિવારજનો અને સગા-સંબંધીઓએ હોસ્પિટલ પરિસરમાં જ ભારે હોબાળો મચાવ્યો હતો, જેના કારણે વાતાવરણ તંગ બની ગયું હતું. મળતી વિગતો મુજબ, આ ૯ માસની બાળકી રમતા-રમતા અકસ્માતે એક નાની સોય ગળી ગઈ હતી, જે તેના ગળાના ભાગે ફસાઈ ગઈ હતી. બાળકીને તકલીફ થતાં જ ચિંતાતુર પરિવારજનો તેને તાત્કાલિક સારવાર માટે સુરતની પ્રતિષ્ઠિત ગણાતી કિરણ હોસ્પિટલમાં લઈને દોડી આવ્યા હતા. ડૉક્ટરોએ બાળકીના ગળામાંથી સોય બહાર કાઢવા માટેની પ્રક્રિયા (મેડિકલ



પ્રોસિજર) શરૂ કરી હતી. પરિવારજનો આશા રાખીને બેઠા હતા કે થોડી જ વારમાં તેમની દીકરી હસતી-રમતી બહાર આવશે. પરિવારના આક્ષેપ અનુસાર, હોસ્પિટલના તબીબો દ્વારા ગળામાંથી સોય કાઢવામાં તો આવી, પરંતુ આ ઓપરેશન કે પ્રોસિજર દરમિયાન કંઈક એવું ખોટું થયું અથવા એવી ગંભીર બેદરકારી દાખવવામાં આવી કે સોય બહાર આવતાની સાથે જ ૯ મહિનાની માસૂમ બાળકીનું પ્રાણપંખેરૂ ઊડી ગયું! ડૉક્ટરોએ જ્યારે બાળકીને મૃત જાહેર કરી, ત્યારે માતા-પિતા પર જાણે આભ તૂટી પડ્યું હતું.

# હાથીજણ રિંગરોડ પર આઇસરની અડફેટે બાઈક ચાલકનું ઘટનાસ્થળે કરૂણ મોત

અમદાવાદ

અમદાવાદના હાથીજણ રિંગરોડ પર વધુ એક અકસ્માત થયો છે. રિંગરોડ પર આઈસર ટ્રકે બાઈકને ટક્કર મારી હતી. જે બાદ આઈસર ટ્રકનું ટાયર ફરી વળતા બાઈક ચાલકનું માથું ચગદાઈ ગયું હતું. અકસ્માતમાં બાઈક ચાલકનું મોત થયું હતું. બનાવ અંગે જે ડિવિઝન ટ્રાફિક પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ કઠવાડા રહેતો ભલુ ભાર્ગવ નામનો 25 વર્ષીય યુવક બાઈક લઈને હાથીજણ રિંગરોડ પરથી જઈ રહ્યો હતો. તે દરમિયાન પાછળથી પૂર ઝડપે ઈંટો ભરેલી આઈસર ટ્રક આવી રહી હતી જેને ભાર્ગવના બાઈકને ટક્કર મારી હતી. ટક્કર વાગતા ભાર્ગવ બાઈક પરથી નીચે પટકાયો હતો અને ટ્રકના ટાયર ભાર્ગવના માથા પરથી ફરી વળી હતી. ભાર્ગવના માથા પરથી ટ્રક ફરી વળતા ભાર્ગવનું માથું છુંદાઈ ગયું હતું જેના કારણે સ્થળ પર જ ભાર્ગવનું મોત થયું હતું. અકસ્માતમાં ભાર્ગવના બાઈકને કોઈ નુકસાન થયું નહોતું, પરંતુ ભાર્ગવનું સ્થળ પર જ મોત થયું હતું. અકસ્માત બાદ સમગ્ર રિંગરોડ પર ભારે ટ્રાફિક જામ સર્જાયો હતો.

## રાજકોટમાં કાળમુખી આગ

# સોફાના કારખાનામાં ભયાનક આગથી માલિકના જમાઈનું કમકમાટીભર્યું મોત!

રાજકોટ

શહેરમાં ફરી એકવાર આગની ગોઝારી ઘટના સામે આવી છે, જેમાં એક હસતો-રમતો પરિવાર વિખેરાઈ ગયો છે. રાજકોટના એક સોફા બનાવવાના કારખાનામાં અચાનક ભભૂકી ઉઠેલી ભયાનક આગમાં કારખાનાના માલિકના જમાઈનું કરુણ મોત નીપજ્યું છે. આગ એટલી ઝડપથી ફેલાઈ કે યુવાન ટોઈલેટમાં જ ફસાઈ ગયો હતો.

ફાયર વિભાગની ટીમે ભારે જહેમત બાદ તેને બહાર તો કાઢ્યો, પરંતુ હોસ્પિટલ પહોંચે તે પહેલાં જ તેણે દમ તોડી દીધો હતો. આ ભયાનક આગમાં માત્ર ૩૦ જ મિનિટમાં આખું કારખાનું અને લાખો રૂપિયાનો સામાન બળીને ખાખ થઈ ગયો છે. મળતી વિગતો મુજબ, રાજકોટમાં આવેલા 'ઉત્તમ સોફા' નામના કારખાનામાં રોજની જેમ કામકાજ ચાલી રહ્યું હતું. આ દરમિયાન કારખાનાના માલિકના જમાઈ ત્યાં હાજર હતા અને તેઓ કોઈ કામસર ટોઈલેટમાં ગયા હતા. બરાબર એ જ સમયે કારખાનામાં અગમ્ય કારણોસર શોર્ટ સર્કિટ અથવા અન્ય કોઈ કારણથી અચાનક આગ ફાટી નીકળી હતી.

સોફા બનાવવામાં વપરાતું મટીરિયલ જેમ કે ફોર્મ, કાપડ અને લાકડાના કારણે આગે જોતજોતામાં રૌદ્ર સ્વરૂપ ધારણ કરી લીધું હતું. ટોઈલેટમાં ફસાયેલા યુવાનને બહાર નીકળવાનો મોકો જ ન મળ્યો અને તેઓ અંદર જ ગૂંગળાઈ ગયા હતા. ઘટનાની જાણ થતાં જ આસપાસના વિસ્તારમાં ભારે નાસભાગ મચી ગઈ હતી. સ્થાનિક લોકોએ તાત્કાલિક ફાયર બ્રિગેડને જાણ કરી હતી. ફાયર વિભાગનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવવાનો પ્રયાસ શરૂ કર્યો હતો. ફાયર ફાઈટરોએ ઓક્સિજન માસ્ક પહેરીને ફેક્ટરીની અંદર ફસાયેલા યુવાનને બહાર કાઢવા માટે ભારે જહેમત ઉઠાવી હતી. યુવાનને રેસ્ક્યુ કરીને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, પરંતુ ડોક્ટરોએ તેને મૃત જાહેર કરતાં પરિવાર પર આભ તૂટી પડ્યું હતું.

માત્ર અડધા કલાકના ગાળામાં જ કાળમુખી આગે 'ઉત્તમ સોફા' કારખાનામાં રાખેલા લાખો રૂપિયાના તૈયાર સોફા અને રો મટીરિયલને બાળીને ભસ્મીભૂત કરી દીધું હતું.

## વાહનો જાતે જ પીળા પાટાની બહાર ખેંચીને કર્યા ટોઇંગ!

# સુરત ટ્રાફિક પોલીસનું શરમજનક કારનામું: ટાર્ગેટ પૂરો કરવા ખાખી વર્દી થઇ ગઇ આંધળી!

સુરત

સ્માર્ટ સિટી સુરતમાંથી ખાખી વર્દીને લજવતો અને જનતાને ખુલ્લેઆમ લૂંટતો એક અત્યંત શરમજનક અને ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. સુરતમાં વાહનચાલકો પાસેથી દંડ વસૂલવાનો અથવા તો ટોઈંગનો રોજેરોજનો કથિત 'ટાર્ગેટ' પૂરો કરવા માટે ટ્રાફિક પોલીસે નૈતિકતાની તમામ હદો વટાવી દીધી છે. નો-પાર્કિંગના નામે નિર્દોષ નાગરિકોને લૂંટવા માટે ટ્રાફિક પોલીસના જવાનો અને ક્રેનના માણસોએ જાતે જ પાર્ક કરેલા વાહનોને પીળા પાટાની બહાર ખેંચી કાઢ્યા અને પછી તેનો



ફોટો પાડીને ટોઈંગ કરી લીધા હોવાના પુખ્તા પુરાવા સામે આવ્યા છે. આ સમગ્ર કરતૂતનો વીડિયો વાયરલ થતાં જ સુરતીઓમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે.

મળતી વિગતો મુજબ, સુરતના એક વ્યસ્ત વિસ્તારમાં રોડની સાઈડમાં સરકારે મારેલી પીળી લાઈન (વ્હાઈટ/યલો પટ્ટી) ની અંદર જ વાહનચાલકોએ પોતાના ટુ-વ્હીલર શિસ્તબદ્ધ રીતે પાર્ક કર્યા હતા. કાયદા મુજબ આ વાહનો પાર્કિંગ ઝોનમાં જ ગણાય. પરંતુ, ત્યાં ત્રાટકેલી ટ્રાફિક પોલીસની ટોઈંગ ક્રેનના માણસોએ જે શરમજનક કરતૂત કરી તે કેમેરામાં કેદ થઈ ગઈ. ક્રેનના માણસોએ પહેલાં આજુબાજુ જોયું અને પછી લાઈનની અંદર પડેલા બાઈકને પકડીને જાતે જ ઢસડીને પીળા પાટાની બહાર નો-પાર્કિંગ ઝોનમાં મૂકી દીધા! ત્યારબાદ જાણે મોટો ગુનો પકડ્યો હોય તેમ તેનો ફોટો પાડીને બાઈક ક્રેનમાં ચડાવી દીધું.

આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયુવેગે વાયરલ થયો છે અને લોકો ટ્રાફિક પોલીસ પર ફિટકાર વરસાautoવી રહ્યા છે. 'પાક્કો ગુજરાત' સુરત ટ્રાફિક પોલીસના ઉચ્ચ અધિકારીઓને સણસણતા સવાલો પૂછે છે:

શું સામાન્ય જનતા પાસેથી ગજવાં હળવાં કરાવવા માટે પોલીસને આવા ગંદા કાવતરાં કરવાની સત્તા અપાઈ છે?

વાહનચાલકો કાયદાનું પાલન કરે તો પણ જો તેમને દંડાવાના જ હોય, તો પછી નિયમો બનાવવાનો અર્થ જ શું છે?

## કોંગ્રેસ પ્રવક્તા ડૉ. પાર્થિવરાજસિંહ કઠવાડીયાનો સણસણતો પ્રહાર!

# આત્મનિર્ભરતાના નામે માત્ર જાહેરાતો : 19,000થી વધુ સ્ટાર્ટ-અપ્સ સાથે ગુજરાત સરકારનો ઘોર અન્યાય

80,000 કરોડની સરકારી ખરીદીમાં યુવા ઉદ્યોગ સાહસિકોનો હિસ્સો માત્ર 1 ટકા; મળતિયાઓને ફાયદો કરાવવા વર્ષ 2024ની પ્રોક્યોરમેન્ટ પોલિસીનું પાલન ન થતું હોવાનો સનસનાટીપૂર્ણ આક્ષેપ

અમદાવાદ/ગાંધીનગર

નવીનતા (ઈનોવેશન), 'મેક ઈન ઈન્ડિયા' અને 'આત્મનિર્ભર ભારત' જેવા મોટા-મોટા સ્લોગનો આપીને યુવા ઉદ્યોગ સાહસિકોને પ્રોત્સાહન આપવાના દાવા કરતી ગુજરાત સરકારની નીતિઓ સામે વિપક્ષે મોટો હલ્લાબોલ કર્યો છે. આજે રાજીવ ગાંધી ભવન ખાતે યોજાયેલી એક વિશેષ પત્રકાર પરિષદને સંબોધતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા ડૉ. પાર્થિવરાજસિંહ કઠવાડીયાએ સત્તાધારી પક્ષ પર પ્રહારો કરતા સવાલ ઉઠાવ્યો છે કે, કેન્દ્ર સરકાર દ્વારા માન્યતા પ્રાપ્ત રાજ્યના ૧૯,૦૦૦થી વધુ સ્ટાર્ટ-અપ્સ સાથે ગુજરાત સરકાર સાવકા ભાઈ જેવું વર્તન કેમ કરી રહી છે? સરકારની ઢીલી નીતિઓના કારણે આજે ગુજરાતના હજારો યુવા સાહસિકો હેરાન-પરેશાન થઈ રહ્યા છે. કોંગ્રેસ પ્રવક્તાએ સરકારી દસ્તાવેજો અને નીતિઓની પોલ ખોલતા જણાવ્યું કે, કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ ૨૦૧૨ અને ૨૦૧૭માં MSME અને સ્ટાર્ટ-અપ્સને પ્રોત્સાહન આપવા પબ્લિક પ્રોક્યોરમેન્ટ (જાહેર ખરીદી) માટે સ્પષ્ટ આદેશો કરાયા છે. જે અંતર્ગત ગુજરાત સરકારે પણ વર્ષ ૨૦૨૪માં 'ગુજરાત સ્ટેટ પ્રોક્યોરમેન્ટ પોલિસી' બહાર પાડી હતી. આ પોલિસી મુજબ DPIIT માન્ય સ્ટાર્ટ-અપ્સને સરકારી ટેન્ડરોમાં અનુભવ અને વાર્ષિક ટર્નઓવર જેવી કડક શરતોમાં મોટી છૂટછાટ આપવાની સ્પષ્ટ જોગવાઈ છે. પરંતુ વાસ્તવિકતા સાવ અલગ છે! વિવિધ સરકારી વિભાગો, બોર્ડ અને નિગમો આ પોલિસીને સંપૂર્ણપણે કચરાપેટીમાં નાખી ચૂક્યા છે અને પોતાના મળતિયા કોન્ટ્રાક્ટરોને જ મોટો આર્થિક લાભ પહોંચાડવા માટે ટેન્ડરોની શરતોમાં જાણીજોઈને છટકબારીઓ રાખવામાં આવી રહી છે.

આંકડાકીય વિગતો રજૂ કરતા ડૉ. કઠવાડીયાએ જણાવ્યું કે, દર વર્ષે ગુજરાત સરકારના જુદા જુદા વિભાગો અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ દ્વારા અંદાજે ૮૦,૦૦૦ કરોડ રૂપિયાથી વધુના પ્રોડક્ટ્સ અને સર્વિસની ખરીદી સરકારી નાણાંમાંથી કરવામાં આવે છે.

# ગાંધીનગરમાં ખાખીનો સપાટો: SOG પોલીસે મહિલાઓની સુરક્ષા હણતા ચેઇન સ્નેચિંગ ગેંગનો પર્દાફાશ કર્યો!

ગાંધીનગર

પાટનગર ગાંધીનગર અને તેની આસપાસના વિસ્તારોમાં મોર્નિંગ વોક કે ખરીદી માટે નીકળતી મહિલાઓના ગળામાંથી સોનાના દાગીના ઝૂંટવી લેતી રીઢા ગુનેગારોની ટોળકી સામે ગાંધીનગર પોલીસ એક્શન મોડમાં આવી ગઈ છે. ગાંધીનગર જિલ્લાના પેથાપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનેલી ચેઈન સ્નેચિંગની એક ગંભીર ઘટનાનો ગાંધીનગર એસ.ઓ.જી. (Special Operations Group) પોલીસે ગણતરીના દિવસોમાં સફળતાપૂર્વક ભેદ ઉકેલી નાખ્યો છે. પોલીસે બાતમી અને ટેકનિકલ સોર્સના આધારે એક શાતિર આરોપીને ચોરીના અસલી મુદ્દામાલ સાથે દબોચી લઈને જેલના સળિયા પાછળ ધકેલી દીધો છે.

મળતી વિગતો મુજબ, થોડા દિવસો પહેલાં પેથાપુર વિસ્તારમાં આવેલા રાંધેજા રેલવે ફાટક નજીકથી એક મહિલા વહેલી સવારે રોજની જેમ મોર્નિંગ વોક (અર્લી મોર્નિંગ વોક) માટે નીકળી હતી. આ દરમિયાન બાઈક પર આવેલા અજાણ્યા ગઠિયાઓએ મહિલાને નિશાન બનાવી હતી. આરોપીઓએ પહેલાં બાઈક ધીમું કર્યું અને ખૂબ જ ભોળા બનીને મહિલાને કોઈ અજાણ્યા સ્થળનું સરનામું પૂછ્યું હતું. મહિલા હજુ કંઈ સમજે કે સરનામું બતાવે તે પહેલાં જ ઝાપટ મારીને તેના ગળામાંથી સોનાની કિંમતી ચેઈન તોડીને બૂમરાણ મચે તે પહેલાં પૂરપાટ ઝડપે ફરાર થઈ ગયા હતા.

# સાણંદ પોલીસ મથકમાં આરોપીને તાલિબાની સજા : છેડતીના કેસમાં ધરપકડ કરી ઝાડ સાથે બાંધી ઢોરમાર માર્યો



**ઉલ્લેખનીય છે કે, સુપ્રીમ કોર્ટના આદેશ સાથે થોડા સમય પહેલાં રાજ્યના પૂર્વ DGPએ પણ પરિપત્ર કરી આરોપીઓના સરઘસ કાઢવા, માર મારવા પર સ્પષ્ટ પ્રતિબંધ મુક્યો હતો, છતાં અધિકારી આ આદેશને ઘોળીને પી રહ્યાં છે**

અમદાવાદ

અમદાવાદ જિલ્લાના સાણંદ પોલીસ સ્ટેશનમાં કાયદા રક્ષકો દ્વારા જ કાયદો હાથમાં લઈને આરોપીઓને તાલિબાની સજા આપવામાં આવી હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. પોલીસે છેડતીના ગુનામાં પકડેલા બે આરોપીને પોલીસ સ્ટેશનના કમ્પાઉન્ડમાં જ ઝાડ સાથે બાંધીને બેરહેમપણે મારમાર્યો હતો. આરોપીઓને બાંધી રાખ્યા હોવાનો ફોટો સોશિયલ મીડિયા પર વાઈરલ થતાં ચકચાર મચી ગઈ છે. સાણંદ વિસ્તારમાં રહેતી એક યુવતી તેના ફિયાન્સ (મંગેતર) સાથે પાણીપુરી ખાવા ગઈ હતી, ત્યારે બે યુવકે તેની છેડતી કરીને હાથ પકડી લીધો હતો. આ આરોપીઓ સતત યુવતીનો પીછો કરીને તેને દબાણ કરી હેરાન-પરેશાન કરતા હતા. યુવતીની ફરિયાદના આધારે સાણંદ પોલીસે બંને આરોપીની ધરપકડ કરી હતી. સાણંદ પોલીસ સ્ટેશનના પીઆઈ બી.ટી. ગોહિલે જણાવ્યું હતું કે, આરોપીઓની પજવણીના કારણે યુવતી આપઘાત કરવા સુધી મજબૂર થઈ ગઈ હતી. ધરપકડ કર્યા બાદ પોલીસે બંને આરોપીઓને કાયદાકીય પ્રક્રિયાના બદલે પોલીસ સ્ટેશનની અંદર જ આવેલા એક ઝાડ સાથે બાંધી દીધા હતા અને લાકડીઓ વડે ઢોરમાર માર્યો હતો.

# ગુજરાતમાં ચાંદીપુરાનો કેર: વડોદરામાં વાયરસની એન્ટ્રીથી હાહાકાર, બાળકો નિશાના પર!

વડોદરા

સમગ્ર રાજ્યમાં દહેશતનો માહોલ સર્જનારો ઘાતક ચાંદીપુરા વાયરસ હવે સંસ્કારી નગરી વડોદરામાં પણ પગપેસારો કરી ચૂક્યો છે, જેને પગલે સ્થાનિક રહીશો અને આરોગ્ય તંત્રમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. શહેરના ભાયલી વિસ્તારમાં એક માસૂમ બાળક આ વાયરસની ઝપેટમાં આવ્યું હોવાનો શંકાસ્પદ કેસ પ્રકાશમાં આવ્યો છે. આ સિવાય સયાજી હોસ્પિટલમાં પણ અન્ય ૩ બાળકો આ જ ઘાતક વાયરસની સારવાર હેઠળ હોવાનું સામે આવતા વડોદરામાં કુલ ૪ કેસ નોંધાયા છે, જેમાં એક બાળકની સ્થિતિ અત્યંત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે. મળતી વિગતો મુજબ, ભાયલી વિસ્તારમાં રહેતા



એક બાળકમાં ચાંદીપુરા વાયરસના શંકાસ્પદ લક્ષણો દેખાતા તેને તાત્કાલિક ગોત્રીની સરકારી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો છે. બાળકની સ્થિતિને જોતાં હોસ્પિટલના તબીબો દ્વારા તાબડતોબ તેના લોહીના નમૂના (બ્લડ સેમ્પલ) લેવામાં આવ્યા છે અને તેને સત્તાવાર કન્ફર્મેશન માટે ગાંધીનગર લેબોરેટરી ખાતે તપાસ માટે મોકલી આપવામાં આવ્યા છે.

## તંત્રી લેખ...

# જંતર-મંતર પર 'હિંદુ દેવી-દેવતાઓનું અપમાન અને 'હેટ સ્પીચ'

કુણાલ કામરા અને પ્રકાશ રાજ સામે ગુનો દાખલ કરો ! - હિંદુ જનજાગૃતિ સમિતિ અને સર્વોચ્ચ ન્યાયાલયના વકીલોની માંગ

જંતર-મંતર ખાતે 'કોકરોચ જનતા પાર્ટી' (CJP) અને સોનમ વાંગચુકના નેતૃત્વમાં NEET પરીક્ષાના પ્રશ્ન વિશે ચાલી રહેલા વિદ્યાર્થીઓના આંદોલનમાં ખુલ્લેઆમ હિંદુ ધર્મનું અપમાન અને દેશવિરોધી ઉશ્કેરણી કરવામાં આવતી હોવાની આઘાતજનક બાબત સામે આવી છે. આની સામે આજે સર્વોચ્ચ ન્યાયાલયના વકીલો અને 'હિંદુ જનજાગૃતિ સમિતિ'ના સંયુક્ત પ્રતિનિધિમંડળે નવી દિલ્હીના સંસદ માર્ગ પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ નોંધાવી છે અને કડક કાનૂની કાર્યવાહીની માંગ કરી છે.

સંસદ માર્ગ પોલીસ સ્ટેશનના એસએચઓ (SHO) ને રૂબરૂ મળીને આ આવેદનપત્ર આપવામાં આવ્યું. આ પ્રતિનિધિમંડળમાં સર્વોચ્ચ ન્યાયાલયના ધારાશાસ્ત્રી મકરંદ અડકર, ધારાશાસ્ત્રી અમિતા સચદેવા, ધારાશાસ્ત્રી અતુલ શર્મા, ધારાશાસ્ત્રી મયંક દ્વિવેદી, ધારાશાસ્ત્રી કેશરી સત્યા, ધારાશાસ્ત્રી પાર્થ યાદવ, ધારાશાસ્ત્રી યાદવેંદ્ર સક્સેના સહિત હિંદુ જનજાગૃતિ સમિતિના દિલ્હી રાજ્ય સમન્વયક શ્રી. કાર્તિક સાળુંખે અને શ્રી. શ્રીરામ લુકતુકે સહભાગી હતા.

ફરિયાદમાં જણાવવામાં આવ્યું છે કે, સ્ટેન્ડ-અપ કોમેડિયન કુણાલ કામરાએ મંચ પરથી ''આ સરકાર ઘણા વર્ષોથી સીતાના પતિનું (રામનું) નામ લઈને નીતાના પતિનું (મુકેશ અંબાણીનું) કામ કરી રહી છે,'' એવું અત્યંત અપમાનજનક વિધાન કરીને




૧૦૦ કરોડ હિંદુઓની લાગણી દુભાવી છે. આંદોલનના મંચ પરથી એક મહિલાએ ''સબ બુત ઉઠવાયે જાયેંગે... બસ નામ રહેગા અલ્લાહ કા'' (તમામ મૂર્તિઓ હટાવી દેવાશે અને માત્ર અલ્લાહનું નામ રહેશે) એ પાકિસ્તાની કવિ ફૈઝ અહેમદ ફૈઝનું ભડકાઉ ગીત ગાયું હતું. આ સીધો મૂર્તિપૂજક હિંદુ ધર્મ પર હુમલો છે. આ મંચ પર ભારત સરકાર દ્વારા પ્રતિબંધિત કટ્ટરપંથી સંગઠન 'સિમી' (SIMI) સાથે સંકળાયેલા અને દિલ્હી રમખાણોના આરોપી ઉમર ખાલિદના પિતા સૈયદ કાસિમ રસૂલ ઈલિયાસ પણ ઉપસ્થિત હતા. આ ઉપરાંત, અભિનેતા પ્રકાશ રાજ મંચ પરથી 'અમને આતંકવાદી કે પાકિસ્તાની કહે તોય પરવા નથી,' તેમ કહીને યુવાનોને વ્યવસ્થા સામે વિદ્રોહ અને બળવો કરવા માટે ઉશ્કેરી રહ્યા હતા.

આનાથી સ્પષ્ટ થાય છે કે, આ વિદ્યાર્થીઓનું આંદોલન નથી પરંતુ દેશવિરોધી અને ડાબેરી વિચારધારા ધરાવતા લોકોનો એક રાજકીય એજન્ડા છે. આ આવેદનપત્રમાં સર્વોચ્ચ અદાલતે 'હેટ સ્પીચ' (દ્વેષપૂર્ણ ભાષણ) ના કેસમાં આપેલા ઐતિહાસિક ચુકાદાનો (શાહીન અબ્દલ્લા વિરુદ્ધ ભારત સંઘ) સંદર્ભ આપવામાં આવ્યો છે અને તે પ્રમાણે પોલીસે પોતાની જાતે જ (સુઓમોટો) તુરંત કાર્યવાહી કરવી જોઈએ તેવી આગ્રહભરી માંગ કરવામાં આવી છે. આ સાથે જ ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ ૨૯૯ (ધાર્મિક લાગણી દુભાવવી), ૧૯૬ (શત્રુતા ફેલાવવી), ૧૫૨ (દેશની અખડતા જોખમમાં લાવવી) અને ૩૫૩ (ભડકાઉ નિવેદનો) હેઠળ તાબડતોબ ગુનો (FIR) નોંધવાની માંગ કરવામાં આવી છે; તેમજ આ આંદોલનના ફંડિંગની અને 'સિમી' સાથે સંકળાયેલા લોકોની સંડોવણીની ગેરકાનૂની પ્રવૃત્તિઓ નિવારણ (UAPA) કાયદા હેઠળ ઊંડી તપાસ કરવાની માંગણી પણ કેંદ્રીય ગૃહમંત્રી અને દિલ્હી પોલીસ કમિશનરને આ પત્ર દ્વારા કરવામાં આવી છે.

**- ગ્રુપ એડિટર પવન માકન**

# પ્રેમનો ગુલાબી એકરાર એટલે 'લવ બાઈટ'

## દામ્પત્ય જીવનમાં રોમાન્સનો રોમાંચ જગાડતી આ કળા પાછળ શું છે વિજ્ઞાન અને ઈતિહાસ?

સહજીવન અને પ્રેમની અભિવ્યક્તિની જ્યારે વાત આવે છે, ત્યારે કપલ્સ પોતાના પાર્ટનર પ્રત્યેનો પ્રેમ દર્શાવવા માટે અલગ-અલગ રીતો અપનાવતા હોય છે. આ રીતોમાં સૌથી વધુ ચર્ચિત, આકર્ષક અને રોમેન્ટિક રીત એટલે 'લવ બાઈટ' (Love Bite). જેને અંગ્રેજીમાં 'હિકી' (Hickey) પણ કહેવામાં આવે છે. લવ બાઈટનું નામ સાંભળતા જ યુગલોના ચહેરા પર શરમની લાલી છવાઈ જતી હોય છે. ગુજરાતી ભાષા અને સંસ્કૃતમાં આ ક્રિયાને 'દંત ક્ષત' કહેવામાં આવે છે. ભલે આ એક નાનો અને મીઠો દુખાવો આપતી પ્રક્રિયા છે, પરંતુ તેનો અહેસાસ પાર્ટનર્સને વારંવાર એકબીજાની નિકટતા અને રોમાંચક પળોની યાદ અપાવતો રહે છે.

**આવો આજે વિગતવાર જાણીએ કે લવ બાઈટ પાછળનો ઈતિહાસ, તેની પાછળનું વિજ્ઞાન અને તેને માણતી વખતે કઈ સાવચેતી રાખવી જરૂરી છે.**

૧. કામસૂત્ર અને આપણો સાંસ્કૃતિક ઈતિહાસ: 'પરવાળા અને રત્ન'નો સંયોગ

ઘણા લોકોને એવું લાગે છે કે લવ બાઈટ આપવી એ પશ્ચિમી સંસ્કૃતિ (વેસ્ટર્ન કલ્ચર)ની દેન છે, પણ હકીકતમાં એવું નથી. ભારતના પ્રાચીન કામશાસ્ત્ર અને ખાસ કરીને મહર્ષિ વાત્સ્યાયન રચિત 'કામસૂત્ર'માં આ કળાનું ખૂબ જ ઊંડાણપૂર્વક અને કાવ્યાત્મક વર્ણન કરવામાં આવ્યું છે.

પરવાળા અને રત્ન: કામસૂત્રમાં હોઠને 'પરવાળા' (મૂલ્યવાન લાલ રંગનું મોતી) અને દાંતને 'રત્ન' સાથે સરખાવવામાં આવ્યા છે. જ્યારે આ બંનેનો મેળાપ પાર્ટનરની ત્વચા પર થાય છે, ત્યારે તેને એક સુંદર કળાત્મક ચિહ્ન તરીકે જોવામાં આવે છે.

આઠ પ્રકારના દંત ક્ષત: કામસૂત્રમાં જુદા-જુદા આઠ પ્રકારના બાઈટ્સ અને નખના નિશાનો (નખ ક્ષત) વિશે સમજાવવામાં આવ્યું છે, જે દર્શાવે છે કે આપણા પૂર્વજો પણ પ્રેમની તીવ્રતાને શારીરિક સંકેતો દ્વારા વ્યક્ત કરવાની કળામાં કેટલા નિપુણ હતા.

૨. કુદરત અને પ્રાણીઓ સાથેનું કનેક્શન

વિજ્ઞાન અને જીવશાસ્ત્ર (Biology) મુજબ, લવ બાઈટ્સની આ આદત આપણને પ્રકૃતિ અને પ્રાણી સૃષ્ટિમાંથી મળી છે. જો તમે ક્યારેય વન્યજીવોના વર્તનને બારીકાઈથી જોયું હોય, તો સિંહ, વાઘ, બિલાડી કે અન્ય સસ્તન પ્રાણીઓ જ્યારે મેટિંગ (સહવાસ) કરે છે, ત્યારે નર પ્રાણી માદા પ્રાણીના ગળાના પાછળના ભાગ પર હળવા બચકાં ભરે છે. આ કોઈ હિંસા નથી, પરંતુ તે પોતાના પાર્ટનર પ્રત્યેનો તીવ્ર પ્રેમ અને 'તું માત્ર મારી જ છે/ મારો જ છે' તેવી માલિકીભાવ (Possessiveness) દર્શાવવાની કુદરતી રીત છે. મનુષ્યોમાં પણ આ વૃત્તિ કુદરતી રીતે જ જોવા મળે છે.

૩. લવ બાઈટ પાછળનું તબીબી વિજ્ઞાન (Medical Science)

લવ બાઈટ ખરેખર શું છે? તબીબી ભાષામાં કહીએ તો તે કોઈ વાગવાનો ઘા નથી, પરંતુ ત્વચાની નીચે રહેલી રક્તવાહિનીઓનો એક રમતિયાળ પ્રયોગ છે:

કેશવાહિનીઓનું તૂટવું: જ્યારે પાર્ટનર ગળા કે ખભાની અત્યંત નાજુક ત્વચા પર હોઠ વડે હળવું દબાણ લાવે છે અથવા ચૂસે છે, ત્યારે ત્વચાની બરાબર નીચે રહેલી નાની લોહીની નળીઓ (Capillaries) તૂટી જાય છે.

લોહીનું જામવું: આ નળીઓ તૂટવાથી લોહી આસપાસની પેશીઓમાં ફેલાય છે અને ત્યાં લાલ, ગુલાબી કે જાંબલી રંગનું નિશાન બની જાય છે.

સમયગાળો: સામાન્ય રીતે આ નિશાન ૫ થી ૧૨ દિવસ સુધી ત્વચા પર રહે છે અને સમય જતાં શરીર આ રક્તકણોને ફરીથી શોષી લે છે, જેથી નિશાન આપમેળે ગાયબ થઈ જાય છે.

૪. સંબંધોમાં ઉત્તેજનાનો નવો સંચાર

જે દંપતીઓ વાઈલ્ડ સેક્સ અથવા પ્રખર રોમાન્સ પસંદ કરે છે, તેમના માટે લવ બાઈટ એક અજોડ ઉત્તેજક તરીકે કામ કરે છે. તે શરીરના ક્રીડાત્મક હોર્મોન્સ જેવા કે 'ડોપામાઈન' અને 'ઓક્સિટોસિન' (જેને લવ હોર્મોન પણ કહે છે) નો સ્ત્રાવ વધારે છે. આ હોર્મોન્સ પાર્ટનર્સ વચ્ચેનો પરસ્પર વિશ્વાસ અને ઘનિષ્ઠતા વધારે છે. તે ક્ષણો વીતી ગયા પછી પણ, અરીસામાં દેખાતું એ નાનું નિશાન અઠવાડિયા સુધી હોઠ પર સ્મિત લાવી દે છે.

૫. આનંદ સાથે સાવધાની પણ છે અત્યંત અનિવાર્ય

આનંદની પળો ક્યારેક મુશ્કેલીમાં ન મુકે તે માટે કપલ્સે કેટલીક બાબતો ખાસ ધ્યાનમાં રાખવી જોઈએ:

અતિશય ઉત્તેજનાથી બચો: સહવાસ દરમિયાન અતિશય ઉત્તેજિત થઈને ક્યારેય એટલું જોરથી બચકું ન ભરવું જોઈએ કે જેથી લોહી નીકળે અથવા ત્વચા ફાટી જાય. આનાથી ઈન્ફેક્શન થવાનો ભય રહે છે. સંવેદનશીલ ભાગોનું ધ્યાન: ગળાની બંને બાજુએ મુખ્ય રક્તવાહિનીઓ (Carotid Arteries) આવેલી હોય છે જે મગજ સુધી લોહી પહોંચાડે છે. ત્યાં ખૂબ ભારે દબાણ આપવાનું ટાળવું જોઈએ.

સંમતિ જરૂરી છે: લવ બાઈટ આપતા પહેલા તમારા પાર્ટનરની ઈચ્છા અને કમ્ફર્ટ જાણવી જરૂરી છે. જો પાર્ટનરને દુખાવો થતો હોય તો તરત જ અટકી જવું જોઈએ.

ઉપસંહાર:

લવ બાઈટ એ પાર્ટનર તરફથી મળેલી એવી 'પ્રેમની ઈજા' છે, જે પીડા આપવા છતાં પણ વારંવાર ગમે છે. જો પ્રેમની આ ક્રીડા હળવાશ, સાવધાની અને અત્યંત વહાલપૂર્વક કરવામાં આવે, તો તે સંબંધને વધુ મજબૂત, મીઠો અને ગાઢ બનાવે છે. તમારા રોમાન્સને આ ગુલાબી સ્પર્શથી સજાવો અને જીવનભર આ મધુર યાદોને માણતા રહો!

**- પવન માકન**

# સત્તા સાથે જવાબદારી ક્યાં ગઈ? રાજીનામું એ નાટક નહીં, નૈતિકતાનો આયનો છે!

લોકશાહીમાં જ્યારે પણ મોટી નિષ્ફળતા, ભ્રષ્ટાચાર કે ગેરરીતિઓ સામે આવે ત્યારે એક બંધિયાર દલીલ ફેંકવામાં આવે છે: 'રાજીનામું આપવાથી શું સુધારો થઈ જશે?' આ સવાલ જ મૂળભૂત રીતે ખોટો અને છટકબારી શોધનારો છે. સાચો સવાલ એ હોવો જોઈએ કે, 'જવાબદારી વગર સુધારો કેવી રીતે શક્ય છે?'

આજે જ્યારે પણ નૈતિકતાની વાત નીકળે ત્યારે દેશના પૂર્વ વડાપ્રધાન લાલ બહાદુર શાસ્ત્રીજીનું ઉદાહરણ અચૂક આપવામાં આવે છે. પણ શું આપણે એ ઉદાહરણનો સાચો અર્થ સમજ્યા છીએ? શાસ્ત્રીજીએ જ્યારે રેલ અકસ્માત બાદ રાજીનામું આપ્યું, ત્યારે તેમણે પોતે જઈને ટ્રેન નહોતી અથડાવી. તેમણે એક મંત્રી તરીકે, તંત્રના વડા તરીકે 'નૈતિક જવાબદારી' સ્વીકારી હતી. એ તેમની મહાનતા અને લોકશાહીના મૂલ્યો પ્રત્યેની વફાદારી હતી. રાજીનામું આપવાનો અર્થ એ નથી કે અકસ્માતો સદંતર બંધ થઈ જશે, પણ તેનો અર્થ એ છે કે સમગ્ર તંત્રમાં એક કડક સંદેશ જાય છે કે જો કોઈ મોટી બેદરકારી થશે તો ટોચ પર બેઠેલી વ્યક્તિએ પણ કિંમત ચૂકવવી પડશે. કોર્પોરેટ સેક્ટરમાં પણ જો મેનેજર લેવલ પર મોટી ભૂલ થાય તો રાજીનામાં લઈ લેવામાં આવે છે, તો પછી જનતાના પ્રતિનિધિઓ માટે અલગ નિયમો કેમ?

NEET જેવી રાષ્ટ્રીય સ્તરની પરીક્ષાઓમાં જ્યારે લાખો વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે ચેડાં થવાના ગંભીર આરોપો લાગે, ત્યારે તેની નિષ્પક્ષ તપાસ અને જવાબદારીની માંગ કરવી એ જ સાચી લોકશાહી પ્રક્રિયા છે. કોઈ એક કે બે વિદ્યાર્થીઓની સફળતા આખી સિસ્ટમ પવિત્ર અને દૂધે ધોયેલી છે તેનો પુરાવો બની શકતી નથી. સત્તા પર બેઠેલા લોકો રાજકારણ કરે તે સ્વીકાર્ય, પણ જ્યારે સામાન્ય જનતા કે સામાજિક કાર્યકરો અવાજ ઉઠાવે ત્યારે તેને 'રાજકારણ'નું લેબલ લગાવી દેવું ક્યાંનો ન્યાય છે?

સોનમ વાંગચૂક જેવા સામાજિક કાર્યકરોના વિચારો સાથે કોઈ અસહમત હોઈ શકે, પરંતુ શાંતિપૂર્ણ રીતે પ્રશ્નો પૂછવાનો, અન્યાય સામે અવાજ ઉઠાવવાનો કે ઉપવાસ કરવાનો તેમનો બંધારણીય અધિકાર કોઈ છીનવી શકતું નથી. લોકશાહીના આ અહિંસક વિરોધને 'ઈમોશનલ બ્લેકમેઈલિંગ' કે 'નાટક' કહેવું એ બંધારણનું અને દેશના ઈતિહાસનું અપમાન છે. જો ઉપવાસ એ માત્ર બ્લેકમેઈલિંગ હોત, તો ગાંધીજીના અહિંસક આંદોલનો અને સત્યાગ્રહોનું મૂલ્ય જ શૂન્ય થઈ ગયું હોત! ઉપવાસનો હેતુ કોઈને હરાવવાનો કે ડરાવવાનો નથી હોતો, પણ સત્તાના નશામાં ચૂર શાસકોના અંતરાત્માને જગાડવાનો હોય છે.

જ્યારે દેશના સામાન્ય નાગરિક પાસે સત્તા, અઢળક પૈસા કે મીડિયા પર પ્રભાવ નથી હોતો, ત્યારે પોતાની વાત સરકાર સુધી પહોંચાડવા માટે તેની પાસે અહિંસક આંદોલન અને ઉપવાસ સિવાય કોઈ રસ્તો બચતો નથી. જો સરકાર સમયસર સંવાદ સાધે અને પ્રશ્નોના વ્યાજબી જવાબો આપી દે, તો કોઈને પણ રસ્તા પર ઉતરવાની કે ભૂખ્યા રહેવાની જરૂર જ ન પડે. પણ કમનસીબે, સત્તા સામે સીધા સવાલો પૂછવાની આદત છૂટી ચૂકેલો એક વર્ગ આવા નૈતિક વિરોધને પણ વગોવવામાં લાગી જાય છે.

એ વાત બિલકુલ સાચી છે કે દેશમાં એક મજબૂત વિપક્ષ હોવો જરૂરી છે, પણ વિપક્ષ નબળો હોય એટલે નાગરિકોએ પોતાના અધિકારો અને વિરોધ કરવાનો હક જતો કરી દેવો જોઈએ? લોકશાહી માત્ર સંસદમાં બેઠેલા વિપક્ષથી નથી ચાલતી; તેના માટે જાગૃત મીડિયા, સ્વતંત્ર ન્યાયતંત્ર અને સડક પર ઉતરીને અવાજ ઉઠાવતું જનઆંદોલન આ ચારેય સ્તંભો એટલા જ જરૂરી છે.

કોઈપણ વૈચારિક લડાઈમાં શબ્દોના હુમલા કરવા કે વ્યક્તિગત ટીકાઓ કરીને સંસ્કારનું પ્રદર્શન કરવાને બદલે, જે મુદ્દા ઉઠાવવામાં આવ્યા છે તેના પર તાર્કિક ચર્ચા થવી જોઈએ. સત્તા હંમેશા જવાબદારી સાથે આવે છે. જો મોટી નિષ્ફળતાઓ પછી પણ કોઈની




જવાબદારી નક્કી ન થતી હોય, તો લોકશાહીમાં સામાન્ય માણસના મતનું અને જવાબદારીનું મૂલ્ય જ ખતમ થઈ જશે. અસહમતિને નકારવાને બદલે સવાલોના સાચા જવાબો આપવા એ જ લોકશાહીની સાચી પરંપરા છે!

# અહંકારનો પરાજય અને ક્ષમાનો વિજય: મનુષ્ય જીવનનો સાચો અરીસો!

## અહમથી ઊંચું કોઈ આસમાન નથી અને ક્ષમાથી મોટું કોઈ દાન નથી; આજના સોશિયલ મીડિયાના યુગમાં અંતરાત્માને ઢંઢોળતો એક સણસણતો વિચાર


આજના આધુનિક અને ભાગદોડ ભરેલા યુગમાં માણસ ભૌતિક સુખ-સુવિધાઓ પાછળ એટલો આંધળો દોટ મૂકી રહ્યો છે કે તે પોતાના અસ્તિત્વના મૂળભૂત મૂલ્યો જ ભૂલી ગયો છે. ચારેય તરફ સ્પર્ધા, ઈર્ષ્યા અને એકબીજાને નીચા દેખાડવાની હોડ જામી છે. આવા સમયે માનવ જીવનને સાચો પથ બતાવતી ચાર વાતો આપણા અંતરાત્માને ઢંઢોળવા માટે પૂરતી છે.

૧. અહમથી ઊંચું કોઈ આસમાન નથી (અહંકારનું પતન નક્કી છે)

માણસ જ્યારે સત્તા, પૈસો કે પદ મેળવે છે ત્યારે તેનામાં અહંકાર (અહમ) ઘર કરી જાય છે. તે ભૂલી જાય છે કે કુદરતની લાકડીમાં અવાજ નથી હોતો. ઈતિહાસ સાક્ષી છે કે મોટા-મોટા રાજાઓ અને સિકંદરો પણ ખાલી હાથે ગયા છે. અહંકારનું આસમાન ગમે તેટલું ઊંચું દેખાતું હોય, પણ સમય આવ્યે તેનો કૂદકો જમીન પર જ લાગે છે. નમ્રતા એ જ માણસનું સાચું ઘરેણું છે, કારણ કે જે વૃક્ષ નમે છે તે જ ફળ આપે છે.

૨. કોઈની બુરાઈ કરવા જેવું સરળ કોઈ કામ નથી (નિંદાની સસ્તી માનસિકતા)

આજે સોશિયલ મીડિયા હોય કે ચાની કીટલી, કોઈની ટીકા કે બુરાઈ કરવી એ સૌથી સહેલું કામ બની ગયું છે. બીજાની ભૂલો શોધવામાં માણસ એટલો વ્યસ્ત છે કે તેને પોતાની ખામીઓ દેખાતી જ નથી. કોઈના




ચરિત્ર પર કાદવ ઉછાળવો કે કોઈની પીઠ પાછળ નિંદા કરવી એ કાયરતાની નિશાની છે. જો ખરેખર કંઈક કરવું જ હોય, તો કોઈની સલાઈ (પ્રશંસા) કરો અથવા તો મૌન રહો. બુરાઈ કરનારો ક્યારેય મહાન બની શકતો નથી.

૩. સ્વયંને ઓળખવા સિવાય મોટું કોઈ જ્ઞાન નથી (આત્મજ્ઞાન એ જ સર્વોપરી)

માણસ આખી દુનિયાની ખબર રાખે છે. કોણ શું કરે છે, ક્યાં જાય છે, બધી જ પંચાત તેની પાસે હોય છે. પરંતુ જો તેને પૂછવામાં આવે કે 'તું કોણ છે? તારા જીવનનું લક્ષ્ય શું છે?' તો તે નિરુત્તર થઈ જાય છે. દુનિયાના તમામ શાસ્ત્રો અને ગ્રંથોનો એક જ નીચોડ છે– 'આત્મસાક્ષાત્કાર'. જે માણસ પોતાની શક્તિઓ, પોતાની નબળાઈઓ અને પોતાના આત્માને ઓળખી લે છે, તેનાથી મોટો જ્ઞાની આ પૃથ્વી પર બીજો કોઈ નથી.

૪. ક્ષમાથી મોટું કોઈ દાન નથી (મોટા મનની નિશાની)

બદલો લેવો એ સામાન્ય પ્રકૃતિ છે, પરંતુ સામેવાળાની ભૂલને માફ કરી દેવી એ સંસ્કૃતિ છે. ક્ષમા આપવી એ કમજોરી નથી, પણ અદભુત આંતરિક શક્તિની નિશાની છે. જ્યારે તમે કોઈને હૃદયપૂર્વક ક્ષમા આપો છો, ત્યારે તમે સામેવાળા વ્યક્તિને સુધરવાની તક આપો છો અને સાથે-સાથે પોતાના મનને પણ નકારાત્મકતાના બોજમાંથી મુક્ત કરો છો. એટલા માટે જ કહેવાયું છે કે, વીર પુરુષોનું ઘરેણું ક્ષમા છે.

### 'પાક્કો ગુજરાત' નો અંતિમ સંદેશ:

આ ચાર પંક્તિઓ માત્ર વાંચવા માટે નથી, પણ જીવનમાં ઉતારવા માટે છે. આવો, આપણે સૌ સાથે મળીને અહંકારનો ત્યાગ કરીએ, કોઈની નિંદા કરવાનું છોડીએ, પોતાની જાતને ઓળખીએ અને હૃદયમાં ક્ષમા ભાવ રાખીને એક સભર અને સભ્ય સમાજનું નિર્માણ કરીએ!

# રૂપિયો, પાસપોર્ટ અને શાસન પણ દિલ્હીથી... શું બહેરીન ભારતનો જ હિસ્સો હતો?

પર્શિયન ગલ્ફ(અખાત)માં આવેલો કોઈ સમૃદ્ધ આરબ દેશ ક્યારેય ભારતીય વહીવટનો હિસ્સો હતો એમ કહેવામાં આવે તો એ વાત પર વિશ્વાસ થઈ શકે? હા, વાત થઈ રહી છે બહેરીનની.

એક એવો સમય હતો જ્યારે બહેરીનના નાગરિકો ભારતીય પાસપોર્ટ મેળવતા હતા અને ત્યાંની બજારોમાં ભારતીય રૂપિયો ધૂમ મચાવતો હતો. પરંતુ આજે સમય બદલાયો છે. વર્તમાન સમયમાં અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા તણાવમાં બહેરીન અચાનક મુખ્ય નિશાન બની ગયું છે. ઈરાન વારંવાર બહેરીન પર હુમલા કેમ કરે છે અને આ સમગ્ર વિવાદ પાછળ સદીઓ જૂનો કયો તિહાસ છુપાયેલો છે? ચાલો વિગતવાર સમજીએ. પૃથ્વી પર બહેરીનનું સ્થાન બહેરીન(સત્તાવાર નામ: કિંગડમ ઑફ બહેરીન) પર્શિયન ગલ્ફમાં આવેલો ટાપુ દેશ છે. તેની રાજધાની મનામા(Manama) છે. બહેરીનની પશ્ચિમે સાઉદી અરેબિયા, દક્ષિણે કતાર અને ઉત્તર-પૂર્વમાં ઈરાન આવેલું છે. વૈશ્વિક તેલ વેપાર અને દરિયાઈ માર્ગોની દૃષ્ટિએ બહેરીનનું ભૌગોલિક સ્થાન અત્યંત મહત્ત્વનું છે. બહેરીન અને ભારતનો સદીઓ જૂનો સંબંધ બહેરીન ભૌગોલિક રીતે ભલે ભારતથી અલગ હતું, પરંતુ 1947 સુધી વહીવટી રીતે તે બ્રિટિશ ભારત(British India) હેઠળ આવતું હતું. જયપુર, જોધપુર અને હૈદરાબાદ જેવા ભારતના રજવાડાઓની જેમ જ બહેરીન અને અખાતના અન્ય શેખડોમ(અખાતના એ રાજ્યો જ્યાં પરંપરાગત રીતે કોઈ 'શેખ'(આરબ શાસક કે શાહી પરિવાર)નું શાસન હોય) પણ બ્રિટિશ શાસન હેઠળ હતા. બહેરીનની આખી વિદેશ નીતિ અને વહીવટ તે સમયે નવી દિલ્હીથી ઓપરેટ થતો હતો. બહેરીનમાં તૈનાત બ્રિટિશ પોલિટિકલ એજન્ટ સીધો દિલ્હી રિપોર્ટ કરતો અને ત્યાં વ્યવસ્થા જાળવવા માટે 'ભારતીય રાજકીય સેવા'(Indian Political Service - IPS)ના અધિકારીઓ મોકલવામાં આવતા. આ જ કારણ હતું કે ત્યાં ભારતીય પાસપોર્ટ(1947 સુધી) અને રૂપિયો ચાલતો હતો. ભારતીય ચલણ તો આઝાદી પછી પણ લાંબા સમય સુધી ત્યાં માન્ય હતું. 1965માં બહેરીની દિનાર માર્કેટમાં આવતાં 'ગલ્ફ રૂપિયો' બંધ કરી દેવાયો હતો.


જાહેરાત માટે
ટચુકડી જાહેરાત, શ્રદ્ધાંજલિ, પ્રેસનોટ અને સમાચાર
આપવા માટે સંપર્ક કરો
ટચુકડી જાહેરાત — વ્યવસાય, ઓફર, પ્રોડક્ટ, દુકાન, સર્વિસ જાહેરાત
શ્રદ્ધાંજલિ — જન્મજયંતિ, પુણ્યતિથિ, શ્રદ્ધાંજલિ નિમંત્રણ
PRESS NOTE
પ્રેસનોટ — સંસ્થાઓ, કાર્યક્રમો, અમંત્રણ, જાહેરાત યાદી
સમાચાર
સમાચાર — સ્થાનિક, સામાજિક, શૈક્ષણિક, વ્યાપારિક સમાચાર
કોન્ટેક્ટ નંબર 96388 77700
ઝડપી સેવા — તાત્કાલિક પ્રકાશન
વિશ્વસનીય માધ્યમ — વાંચકો સુધી ચોક્કસ પહોંચ
વ્યાપક પ્રસાર — સ્થાનિકથી વ્યાપક સ્તરે
આકર્ષક ડિઝાઇન — સુંદર અને પ્રોફેશનલ લુક

પાક્કો ગુજરાત

રવિવાર | 19 જુલાઈ 2026 | અમદાવાદ

# ગાંધીનગરમાં હ્રદયધબકાવી દેતો ગુનો: બ્લેકમેઇલ અને ધમકીના કરુણ અંતમાં યુવકની કરપીણ હત્યા!

## કાવતરાખોર દંપતીની પાપલીલાનો થયો પર્દાફાશ, પોલીસે બંનેની ધરપકડ કરી સળિયા પાછળ ધકેલ્યા

ગાંધીનગર

શાંત અને સુરક્ષિત ગણાતા પાટનગર ગાંધીનગરમાંથી માનવ સંબંધોને લજવતી અને કોઈ પણ સામાન્ય નાગરિકને ચોંકાવી દે તેવી એક અત્યંત ગંભીર અને સનસનાટીપૂર્ણ ઘટના સામે આવી છે. પ્રેમ, વાસના અને પૈસાની લાલચમાં રચાયેલા એક ભયાનક ષડયંત્રમાં એક નિર્દોષ યુવકે પોતાનો જીવ ગુમાવવો પડ્યો છે. સતત બ્લેકમેઈલિંગ અને ધમકીઓ આપ્યા બાદ આખરે યુવકની હત્યા કરી દેવાના ગંભીર આરોપ હેઠળ એલર્ટ પોલીસે ગુનાનો પર્દાફાશ કર્યો છે. પોલીસે આ ક્રૂર મર્ડર મિસ્ટ્રીમાં સામેલ કળિયુગી આરોપી દંપતી (પતિ-પત્ની) ની ધરપકડ કરીને જેલભેગા કરી દીધા છે. મળતી ચોંકાવનારી વિગતો મુજબ, મૃતક યુવકને પોતાની જાળમાં



ફસાવીને આ દંપતી દ્વારા લાંબા સમયથી માનસિક અને આર્થિક રીતે ટોર્ચર કરવામાં આવી રહ્યું હતું. યુવકને બદનામ કરવાની અને જાનથી મારી નાખવાની સતત ધમકીઓ આપીને લાખો રૂપિયા પડાવવાનો કાળો કારોબાર ચાલી રહ્યો હતો. યુવક આ બ્લેકમેઈલિંગના ચક્રવ્યૂહમાંથી બહાર નીકળવાનો પ્રયાસ કરતો હતો, પરંતુ આરોપીઓનો લોભ અને આક્રોશ એટલો વધી ગયો કે તેમણે યુવકનો કાયમ માટે કાંટો કાઢી નાખવાનું ગુપ્ત કાવતરું ઘડી કાઢ્યું અને નિર્દયતાપૂર્વક તેની હત્યા કરી નાખી. યુવકની લાશ મળતાં અને પરિવાર દ્વારા ગંભીર આક્ષેપો કરાતાં જ ગાંધીનગર પોલીસ હરકતમાં આવી ગઈ હતી. ઉચ્ચ પોલીસ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ ટીમો બનાવીને તપાસનો ધમધમાટ શરૂ કરાયો હતો. ટેકનિકલ સર્વેલન્સ અને મૃતકના મોબાઈલ ડિટેઈલ્સના આધારે પોલીસે ગણતરીના કલાકોમાં જ હત્યારા પતિ-પત્નીને દબોચી લીધા હતા. આરોપીઓની કડકાઈથી પૂછપરછ કરાતાં તેમણે પોતાનો ગુનો કબૂલી લીધો છે, જેને પગલે પોલીસે બંનેના રિમાન્ડ મેળવી આ નેટવર્કમાં અન્ય કોઈ સામેલ છે કે કેમ તેની તપાસ તેજ કરી છે.

'પાક્કો ગુજરાત' નો સણસણતો સવાલ– આ કાળા ખેલના શિકાર બનેલા બીજા કેટલા નાગરિકો છે?

ગાંધીનગર પોલીસની આ ત્વરિત કામગીરી ખરેખર પ્રશંસનીય છે, પણ આ ઘટના સમાજની આંખો ઉઘાડનારી છે. 'પાક્કો ગુજરાત' સવાલ ઉઠાવે છે: શું આ દંપતી અગાઉ પણ અન્ય લોકોને આ જ રીતે બ્લેકમેઈલ કરીને પૈસા પડાવતું હતું? સોશિયલ મીડિયા અને ડિજિટલ યુગમાં સામાન્ય નાગરિકોને આવી જાળમાં ફસાવતા ગુનેગારો સામે સાયબર અને લોકલ પોલીસ કોઈ કાયમી એક્શન પ્લાન બનાવશે ખરી?

---

### અંકલેશ્વરમાં કાયદો-વ્યવસ્થાના લીરેલીરા

# જૂની અદાવતનો બદલો લેવા 2 સગી બહેનો પર બેફામ કાર ચડાવી દીધી..!

## રોડ પર લોહીના ખાબોચિયા અને કંપાવી દેતી ચીસો: હિંસક ઘટનાનો વીડિયો વાયરલ થતાં સમગ્ર પંથકમાં ભારે ફફડાટ; બંને યુવતીઓ હોસ્પિટલના બિછાને જિંદગી અને મોત વચ્ચે ઝોલાં ખાય છે

અંકલેશ્વર/ભરૂચ

ઔદ્યોગિક નગરી અંકલેશ્વરમાંથી માનવતાને મૂર્છિત કરી દે તેવી અને કાયદાના ડર વગર ધોળા દિવસે ખેલાયેલા ખુની ખેલની એક અત્યંત હચમચાવી દેનારી ઘટના સામે આવી છે. અંકલેશ્વરમાં જૂના ઝઘડા અને અદાવતનો ભયાનક બદલો લેવા માટે બે સગી બહેનો પર નિર્દયતાપૂર્વક પૂરપાટ ઝડપે કાર ચડાવી દેવામાં આવી હોવાનો સણસણતો આરોપ લાગ્યો છે. કારની જોરદાર ટક્કર વાગતાં જ બંને યુવતીઓ હવામાં ઉછળીને રોડ પર પટકાઈ હતી અને ગંભીર રીતે લોહીલુહાણ થઈ ગઈ હતી. આ રમતિયાળ હિંસાનો લાઈવ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં જ લોકોના કાળજાં કંપી ઊઠ્યા છે. હાલમાં બંને બહેનોને અત્યંત નાજુક હાલતમાં સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવી છે, જ્યાં તેઓ જીવન-મરણ વચ્ચે જંગ લડી રહી છે. મળતી વિગતો મુજબ, ભોગ બનનાર બંને સગી બહેનો અને હુમલાખોરો વચ્ચે અગાઉ કોઈ બાબતે ભારે વિવાદ કે જૂનો ઝઘડો ચાલતો હતો. આ જ વિવાદની ખાર રાખીને હુમલાખોરોએ યુવતીઓ પર જીવલેણ હુમલો કરવાનું પૂર્વઆયોજિત કાવતરું ઘડ્યું હતું. બંને બહેનો જ્યારે રસ્તા પરથી પસાર થઈ રહી હતી, ત્યારે જ કાળમુખી કાર લઈને આવેલા નરાધમોએ બ્રેક મારવાના બદલે સીધું જ એક્સિલરેટર દબાવી દીધું અને ગાડી બંને બહેનો પર ચડાવી દીધી. ટક્કર એટલી પ્રચંડ હતી કે આસપાસના લોકો પણ ધડાકાનો અવાજ સાંભળીને સ્તબ્ધ થઈ ગયા હતા. આ આખી હિંસક ઘટના નજીકમાં લાગેલા કેમેરા કે મોબાઈલમાં કેદ થઈ ગઈ હતી અને જોતજોતામાં તેનો વીડિયો વાયુવેગે સોશિયલ મીડિયા પર પ્રસરવા લાગ્યો છે. વીડિયોમાં દેખાતા દ્રશ્યો એટલા ભયાનક છે કે સામાન્ય નાગરિકો પણ ધ્રૂજી ઊઠ્યા છે. સરાજાહેર આ પ્રકારે દીકરીઓ પર ગાડી ચડાવી દેવાની હિંમત ગુનેગારોમાં ક્યાંથી આવે છે? તેવા સવાલો સાથે સ્થાનિક લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

---

# સંતરામપુરના ગોધરા ભાગોળ ચોકડીથી બાયપાસ રોડ સુધીનો રસ્તો 30 જુલાઈ સુધી વન-વે રહેશે

મહિસાગર, વિજય ડામોર

મહીસાગર જિલ્લાના સંતરામપુર નગરપાલિકા વિસ્તારમાં ચોમાસા દરમિયાન પાણી ભરાવાની ગંભીર સમસ્યાના કાયમી નિકાલ માટે વહીવટી તંત્ર દ્વારા મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. સંતરામપુરના મુખ્ય માર્ગ એવા ગોધરા ભાગોળ ચોકડીથી કારગીલ પેટ્રોલ પંપ સુધીના રસ્તા પર સ્ટોર્મ વોટર ડ્રેનેજ લાઈન નાખવાની અત્યંત જરૂરી કામગીરી હાલ પ્રગતિમાં છે. આ માર્ગ શહેરનો મુખ્ય અને વ્યસ્ત રસ્તો હોવાથી ત્યાં જેસીબી, ટ્રેક્ટર અને અન્ય ભારે મશીનરી વડે ખોદકામ ચાલી રહ્યું છે. આ કામગીરી દરમિયાન ટ્રાફિક જામની સમસ્યા ન સર્જાય અને વાહનચાલકોની સુરક્ષા જળવાઈ રહે તે હેતુથી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ સી.વી. લટા દ્વારા આ વિસ્તારમાં ટ્રાફિકના નિયમન માટે ખાસ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૩(૧)(ખ) હેઠળ મળેલી સત્તાની રૂએ મહીસાગર જિલ્લાના સંતરામપુર નગરમાં ગોધરા ભાગોળ ચોકડી (સરદાર પટેલ સર્કલ) થી આદિવાસી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ (બાયપાસ રોડ) સુધીના રસ્તાને અસ્થાયી ધોરણે 'વન-વે' જાહેર કરવામાં આવ્યો છે. આ વ્યવસ્થા તાત્કાલિક અસરથી અમલમાં આવશે અને આગામી તારીખ ૩૦ જુલાઈ ૨૦૨૬ સુધી કાર્યરત રહેશે. આ સમયગાળા દરમિયાન સામેથી આવતા વાહનો માટે સંતરામપુર-ઝાલોદ બાયપાસ રોડનો ડાયવર્ઝન અથવા વૈકલ્પિક રસ્તા તરીકે ઉપયોગ કરવાનો રહેશે.

---

## હવે તો હદ થઈ ગઈ! ગ્રામસભામાં ગ્રામજનોએ પોકાર :

# "ગામમાં ગેરકાયદેસર દારૂનું વેચાણ તાત્કાલિક બંધ કરો"

બેડિયા (કવાંટ), ઇમરાન મિર્ઝા

બેડિયા ગ્રુપ ગ્રામપંચાયતમાં યોજાયેલી ગ્રામસભામાં માત્ર વિકાસના મુદ્દાઓ જ નહીં, પરંતુ ગામમાં ચાલી રહેલા ગેરકાયદેસર દારૂના ધંધા સામે ગ્રામજનોએ ઉગ્ર અવાજ ઉઠાવ્યો હતો. પરિસ્થિતિ એવી બની ગઈ કે ગ્રામજનોએ ખુલ્લેઆમ કહ્યું કે, 'હવે તો હદ થઈ ગઈ, ગામને દારૂના દુષણમાંથી મુક્ત કરો.'

તા. 17/07/2026ના રોજ યોજાયેલી ગ્રામસભામાં વર્ષ 2026-27ના વિકાસ કાર્યો અંગે ચર્ચા કરી વાર્ષિક વિકાસ આયોજનને મંજૂરી આપવામાં આવી હતી. સાથે જ ગામના



રસ્તા, પાણી, સફાઈ સહિતના વિવિધ પ્રશ્નો અંગે ગ્રામજનોએ રજૂઆતો કરી હતી.

પરંતુ સમગ્ર ગ્રામસભાનું કેન્દ્રબિંદુ ગામમાં ચાલી રહેલું ગેરકાયદેસર દારૂનું વેચાણ રહ્યું હતું. ગ્રામજનોએ આક્ષેપ કર્યો કે દારૂના કારણે યુવાનોનું ભવિષ્ય બરબાદ થઈ રહ્યું છે, પરિવારનું વાતાવરણ બગડી રહ્યું છે અને કાયદો-વ્યવસ્થાની સ્થિતિ પર પણ ગંભીર અસર પડી રહી છે.

આક્રોશ વચ્ચે ગ્રામસભાએ ગામમાં ગેરકાયદેસર દારૂના વેચાણ અને હેરફેર સામે સંપૂર્ણ પ્રતિબંધનો કડક ઠરાવ સર્વાનુમતે પસાર કર્યો હતો. સાથે જ સંબંધિત વિભાગ અને પોલીસ તંત્રને તાત્કાલિક અસરથી કડક કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી હતી.

ગ્રામજનોએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે જો આ ઠરાવ બાદ પણ ગેરકાયદેસર દારૂનું વેચાણ ચાલુ રહેશે તો તેની સીધી જવાબદારી જવાબદાર તંત્રની રહેશે. હવે જોવાનું રહ્યું કે ગ્રામસભાના આ કડક ઠરાવ બાદ પોલીસ અને વહીવટી તંત્ર ખરેખર કાર્યવાહી કરે છે કે પછી આ ઠરાવ માત્ર કાગળ પૂરતો જ સીમિત રહી જાય છે.

---

# પોલીસ સ્ટેશનના કમ્પાઉન્ડમાંથી જ કબ્જે કરાયેલી સ્કોર્પિયો કારની ચોરી!

## પ્રોહિબિશન કેસમાં જપ્ત કરાયેલ વાહન બે શખ્સો ઉઠાવી ફરાર; CCTVમાં કેદ, પોલીસમાં ખળભળાટ

છોટાઉદેપુર

છોટાઉદેપુર: છોટાઉદેપુર ટાઉન પોલીસ સ્ટેશનમાંથી જ કબ્જે કરાયેલી સ્કોર્પિયો કારની ચોરી થતાં સમગ્ર પોલીસ તંત્રમાં ભારે ખળભળાટ મચી ગયો છે. પોલીસ સ્ટેશનના કમ્પાઉન્ડમાં રાખવામાં આવેલી સ્કોર્પિયો કાર બે અજાણ્યા શખ્સો ઉઠાવી લઈ ફરાર થઈ જતાં સુરક્ષા વ્યવસ્થાને લઈને ગંભીર સવાલો ઊભા થયા છે.

મળતી માહિતી મુજબ, છોટાઉદેપુર એલ.સી.બી.ની ટીમે તા. 17 જુલાઈની રાત્રે ઘેલવાંટ ગામ નજીક પ્રોહિબિશનના ગુનામાં સ્કોર્પિયો કાર કબ્જે કરી હતી. કાયદેસરની કાર્યવાહી બાદ કારને છોટાઉદેપુર ટાઉન પોલીસ સ્ટેશનના કમ્પાઉન્ડમાં રાખવામાં આવી હતી.

પરંતુ એ જ રાત્રે બે શખ્સો પોલીસ સ્ટેશનમાં ઘૂસી કબ્જે કરાયેલી સ્કોર્પિયો કાર લઈ ફરાર થઈ ગયા હોવાનું સામે આવ્યું છે. સમગ્ર ઘટના પોલીસ સ્ટેશનમાં લાગેલા CCTV કેમેરામાં કેદ થઈ હોવાનું જાણવા મળ્યું છે. ફૂટેજના આધારે પોલીસ આરોપીઓની ઓળખ માટે તપાસ તેજ કરી રહી છે. પ્રાથમિક તપાસમાં બંને આરોપીઓ મધ્યપ્રદેશના હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. કાર લઈને આરોપીઓ મધ્યપ્રદેશ તરફ ભાગી છૂટ્યા હોવાની માહિતી મળતા છોટાઉદેપુર પોલીસનો કાફલો મધ્યપ્રદેશ તરફ રવાના થઈ તપાસ હાથ ધરી છે.

---

### પૂરપાટ આવતી કારે બાઈકને પાછળથી ટક્કર મારી હતી

# ધોળાકુવા બ્રિજ ચડતા હાઈવે પર અકસ્માત : બે સંતાનોએ પિતાની છત્રછાયા ગુમાવી; એક ગંભીર

ગાંધીનગર

ગાંધીનગરના ધોળાકુવા બ્રિજ ચડતા હાઈવે પર પુરપાટ ઝડપે અને ગફલતભરી રીતે આવી રહેલી એક ફોર વ્હીલ કારના ચાલકે આગળ જઈ રહેલા બાઈકને પાછળથી જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં બાઈક પાછળ બેઠેલા 38 વર્ષીય યુવકનું માથાના તેમજ શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું છે, જ્યારે બાઈક ચલાવી રહેલા અન્ય એક યુવકને નાની-મોટી ઈજાઓ થઈ છે. આ અંગે ઈન્ફોસિટી પોલીસે ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી છે. અમદાવાદના બાપુનગર વિસ્તારમાં




રહેતા અને સાઈન બોર્ડ લગાવવાનું કામ કરતા રજનિશકુમાર મકવાણા તેના મિત્ર મનોજકુમાર મુન્નાલાલ સંખવાર સાથે કામ અર્થે પલ્સર બાઈક લઈને ગાંધીનગરના સરગાસણ તરફ આવી રહ્યા હતા. ત્યારે ળાકુવા બ્રિજ પાસેના સર્વિસ રોડ તરફ પાછળથી પુરઝડપે ધસી આવેલી એક ફોર વ્હીલ ગાડી (GJ-05-RX-5488) ના ચાલકે બાઈકને પાછળથી જોરદાર ટક્કર મારી હતી.

આ ટક્કરથી બંને મિત્રો રોડ પર પટકાયા હતા. અકસ્માત સર્જાયા બાદ કાર ચાલક પોતાની ગાડી સહેજ આગળ ઉભી રાખીને તરત જ ત્યાંથી નાસી છૂટ્યો હતો. દરમિયાન હાઈવે પરથી પસાર થતા રાહદારીઓ ઘટનાસ્થળે એકત્ર થઈ ગયા હતા અને તાત્કાલિક 108 એમ્બ્યુલન્સને ફોન કરીને જાણ કરવામાં આવી હતી. બાદમાં ઈજાગ્રસ્ત મનોજકુમાર અને ગંભીર રીતે ઘવાયેલા રજનિશકુમારને તાત્કાલિક સારવાર અર્થે ગાંધીનગરની સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.

જો કે હોસ્પિટલ પહોંચતા જ ફરજ પરના તબીબોએ રજનિશકુમારને તપાસીને મૃત જાહેર કર્યા હતા. આ અકસ્માતમાં બાઈક ચાલક મનોજકુમારને શરીરે વત્તી-ઓછી ઈજાઓ પહોંચી હતી.

---

# વેરીપુલ પાસે પોલીસનો ટ્રેપ સફળ : ચોરીનો આરોપી 81 હજારના મુદ્દામાલ સાથે ઝડપાયો

મહીસાગર, કાનજી ધામોત

લુણાવાડા ટાઉન પોલીસને મળેલી ચોક્કસ બાતમીના આધારે ચોરીના ગુનામાં સંડોવાયેલા એક આરોપીને ઝડપી પાડવામાં સફળતા મળી છે. પોલીસને માહિતી મળી હતી કે લુણાવાડા ટાઉન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ચોરીના ગુનાનો મુદ્દામાલ લઈને એક ઈસમ નંબર પ્લેટ વગરની હીરો CD ડિલક્સ મોટરસાયકલ પર મોડાસા હાઈવે રોડ તરફથી લુણાવાડા તરફ આવી રહ્યો છે.

આ બાતમીના આધારે લુણાવાડા ટાઉન પોલીસ સ્ટાફે વેરીપુલ નજીક વોચ ગોઠવી હતી. દરમિયાન શંકાસ્પદ ઈસમ બાઈક પર આવતો દેખાતા પોલીસે તેને અટકાવી તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન તેની પાસેથી ચોરીના ગુનામાં સંડોવાયેલ રૂ. 81 હજારનો મુદ્દામાલ, જેમાં મોબાઈલ ફોન અને એલઈડી ટીવી સહિતનો સામાન મળી આવ્યો હતો. પોલીસે આરોપીની ધરપકડ કરીને મુદ્દામાલ કબજે લીધો છે અને તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. તેમજ અન્ય કોઈ ચોરીના ગુનાઓમાં તેની સંડોવણી છે કે નહીં તે દિશામાં પણ વધુ તપાસ ચાલુ રાખવામાં આવી છે.

---

### જુગાર ધારા હેઠળ ગુનો નોંધાયો

# રાણાવાવના ખીજદળ ગામે મીણસાર નદીના પટ્ટમાંથી તીનપત્તી જુગાર રમતા 4 શખ્સ ઝડપાયા

રાણાવાવ, વિરમભાઈ કે. આગઠ

તા.૧૮/૦૭/૨૦૨૭ જુનાગઢ રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમા તથા પોરબંદર જિલ્લા પોલીસ અધિક્ષક ભગીરથસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ જિલ્લામાં જુગાર અને અન્ય ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે ચલાવવામાં આવી રહેલી ઝુંબેશ અંતર્ગત રાણાવાવ પોલીસે સફળ કાર્યવાહી હાથ ધરી હતી.

રાણાવાવ ડિવિઝનના નાયબ પોલીસ અધિક્ષક ધ્રુવલ સી. સુતરીયાના માર્ગદર્શન હેઠળ રાણાવાવ પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર એમ.ડી. વાળાએ પોલીસ સ્ટાફને જુગાર પ્રવૃત્તિઓ સામે કડક કાર્યવાહી કરવા સૂચના આપી હતી.

તે અનુસંધાને પોલીસ સબ ઈન્સ્પેક્ટર આર.વી. મોરી તથા પોલીસ સ્ટાફ પેટ્રોલિંગમાં હતા ત્યારે સર્વેલન્સ સ્ટાફના પોલીસ કોન્સ્ટેબલ સંજય વાલાભાઇ, સરમણ દેવાયતભાઇ અને જયમલ સામતભાઈને મળેલી બાતમીના આધારે ખીજદળ ગામ નજીક મીણસાર નદીના પટ્ટામાં દરોડો પાડવામાં આવ્યો હતો.

દરોડા દરમિયાન જાહેર સ્થળે તીનપત્તી (રોનપોલીસ) જુગાર રમતા ચાર શખ્સોને ઝડપી પાડવામાં આવ્યા હતા. ઝડપાયેલા શખ્સોમાં મેરૂભાઈ અરશીભાઈ ભુતીયા (ઉ.વ.૩૮), પરબતભાઈ પાંચાભાઈ મોરી (ઉ.વ.૩૫), શૈલેષ રામભાઈ ભુતીયા (ઉ.વ.૪૫) અને વિરમભાઈ પીઠાભાઈ સિસોદિયા (ઉ.વ.૫૯), તમામ રહે. ખીજદળ ગામ, તા. રાણાવાવ, જી. પોરબંદરનો સમાવેશ થાય છે.

પોલીસે તેમની પાસેથી ગંજીપત્તાના 52 પાના તથા રોકડ રૂ.૧૦,૫૩૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ અંગે તમામ આરોપીઓ સામે જુગાર ધારા કલમ-12 મુજબ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

આ કામગીરીમાં પી.આઈ. એમ.ડી. વાળા, પી.એસ.આઈ. આર.વી. મોરી, પોલીસ હેડ કોન્સ્ટેબલ બી.જે. દાસા, એ.કે. લુવા, કે.પી. ઝાલા તેમજ પોલીસ કોન્સ્ટેબલ સંજય વાલાભાઈ, સરમણ દેવાયતભાઈ, જયમલ સામતભાઈ અને ભરત કાનાભાઈએ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

---

### કલેક્ટર સીટના આદેશથી ગુનો દાખલ

# દહેગામના કડજોદરા ગામમાં મૃતકના નામે નકલી સોગંદનામું બનાવી કરોડોની જમીન હડપવાનો કારસો

ગાંધીનગર

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના કડજોદરા ગામમાં વડીલોપાર્જિત કરોડોની જમીન પચાવી પાડવા માટે સરકારી કાગળો પર જાળસાજી રચી અન્ય વ્યક્તિની માલિકીની જમીનમાં ખોટી રીતે પોતાના પરિવારના નામ દાખલ કરાવી કાયદાકીય ગૂંચવણો ઊભી કરનાર શખ્સ વિરૂદ્ધ ગાંધીનગર જિલ્લા જમીન તકેદારી સમિતિના આદેશથી રખીયાલ પોલીસ મથકે ગુનો નોંધવામાં આવ્યો છે. ગાંધીનગરના કડજોદરા ગામના હનુમાનવાળા વાસમાં રહેતા અને હાલ નિવૃત્ત જીવન જીવતા 66 વર્ષીય બરમનભાઈ ગણેશભાઈ પટેલે નોંધાવેલી ફરિયાદ મુજબ,ગામની સીમમાં આવેલી સર્વે નંબર 534 વાળી 0-48-56 હેક્ટર જમીન તેમની પેઢી દર પેઢીથી ચાલી આવતી મિલકત છે. તેમાંથી થોડી જમીન સ્મશાનના વપરાશમાં કપાઈ જતાં હાલ 0-18-64 હેક્ટર ક્ષેત્રફળ બચ્યું છે. આ જમીન વર્ષ 1956 માં તેમના દાદા સુખાભાઈ કાળાભાઈએ અન્ય લોકો સાથે મળીને ખરીદી હતી, જેના લીધે વર્ષ 2005 સુધી સરકારી ચોપડે તેમના દાદાનું નામ બોલતું હતું. સુખાભાઈના અવસાન બાદ પરિવારના કોઈ સભ્યએ તાત્કાલિક વારસાઈ નોંધી ન હતી, જેનો ફાયદો ઉઠાવીને વર્ષ 2006 માં રામાભાઈ કાળાભાઈ નામની એક અજ્ઞાત વ્યક્તિનું નામ મહેસૂલી રેકોર્ડમાં ખોટી રીતે ઉમેરાઈ ગયું હતું.

આ સરકારી ભૂલનો દુરુપયોગ કરીને ફરિયાદીના કાકા રામાભાઈ સુખાભાઈ ચમારના પુત્ર પિયુષભાઈ રામાભાઈ પટેલે જમીન ઓળવી જવાનું કાવતરું ઘડ્યું હતું. આરોપી પિયુષભાઈએ 1 ડિસેમ્બર 2020 ના રોજ દહેગામના એક નોટરી સમક્ષ ખોટી હકીકતો દર્શાવતું સોગંદનામું તૈયાર કરાવ્યું હતું. આ સોગંદનામામાં તેણે એવો બનાવટી દાવો કર્યો કે સરકારી રેકોર્ડમાં ચાલતા જુદા જુદા નામો જેવા કે રામાભાઈ સુખાભાઈ, રામાભાઈ કાળાભાઈ, રામાભાઈ સુખાભાઈ ચમાર અને રામાજી સુખાજી એ તમામ વ્યક્તિઓ અલગ નથી.

---

### "પાણી આપો, ઝેર નહીં"ના નારા

# સાબરકાંઠા જિલ્લાના ઈડરમાં દૂષિત પાણીના મુદ્દે સ્થાનિકોનો નગરપાલિકામાં હલ્લાબોલ...!

ઈડર, જાકીર મેમણ

સાબરકાંઠા જિલ્લાના ઈડર નગરપાલિકા વિસ્તારમાં પીવાના પાણીની ગંભીર સમસ્યાને લઈને સ્થાનિક રહીશોનો આક્રોશ ફાટી નીકળ્યો છે. ઈડર નગરપાલિકાના વોર્ડ નંબર ૩માં છેલ્લા ઘણા સમયથી પીળું અને ગંદુ પાણી આવતું હોવાની વ્યાપક ફરિયાદો ઉઠી રહી છે. આ દૂષિત પાણીના કારણે સ્થાનિકોના સ્વાસ્થ્ય પર ગંભીર અસરો પડી રહી હોવાના આક્ષેપો સાથે આજે રોષે ભરાયેલા લોકોએ નગરપાલિકા



કચેરી ખાતે ઉગ્ર વિરોધ પ્રદર્શન કર્યું હતું. સ્થાનિક રહીશોએ નગરપાલિકા પરિસરમાં એકઠા થઈને તંત્ર સામે ભારે નારેબાજી કરી હતી. લોકોએ 'આરોગ્ય સાથે રમત બંધ કરો' અને 'પાણી આપો, ઝેર નહીં' જેવા સૂત્રોચ્ચારો કરીને પોતાનો વિરોધ નોંધાવ્યો હતો. સ્થાનિકોએ મીડિયા સમક્ષ આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતુ કે, આ ગંદુ પાણી પીવાના કારણે લોકોના મોઢામાં ચાંદા પડી રહ્યા છે અને અન્ય બીમારીઓ ફેલાઈ રહી છે. તંત્ર દ્વારા આ સમસ્યાના કાયમી ઉકેલ માટે કોઈ નક્કર કામગીરી કરવામાં આવતી નથી, પરંતુ માત્ર પાણીમાં વધુ પડતો ક્લોરીન નાખીને સંતોષ માની લેવામાં આવે છે, જે સ્વાસ્થ્ય માટે વધુ નુકસાનકારક સાબિત થઈ રહ્યું છે. નગરપાલિકા કચેરીમાં સ્થાનિકોના ભારે હોબાળાની જાણ થતાં જ નગરપાલિકા પ્રમુખ અનસૂયાબેન પટેલ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. તેમણે ઉગ્ર રજૂઆત કરી રહેલા રહીશોની મુશ્કેલીઓ શાંતિપૂર્વક સાંભળી હતી. ત્યારબાદ તેમણે સંબંધિત વિભાગના અધિકારીઓને તાકીદ કરી મુશ્કેલીનું મૂળ કારણ શોધી કાઢવા અને ટૂંક જ સમયમાં આ સમસ્યાનો કાયમી ઉકેલ લાવવા માટે કડક સૂચના આપી હતી.



'હસે ત્યારે લાવણ્ય, ન હસે ત્યારે જ્વાળા'

# પ્રિયંકાનો 'વારાણસી'નો ફર્સ્ટ લુક રિવીલ; 44માં જન્મદિવસે મેકર્સની ચાહકોને ભેટ

મુંબઈ

બોલિવૂડની 'દેશી ગર્લ' પ્રિયંકા ચોપરા આજે તેનો 44મો જન્મદિવસ ઉજવી રહી છે. ત્યારે 'વારાણસી'ના મેકર્સે એક્ટ્રેસના ચાહકોને સરપ્રાઈઝ ગિફ્ટ આપી છે. ફિલ્મના ડિરેક્ટર એસએસ રાજામૌલીએ ફિલ્મમાંથી પ્રિયંકાનો ફર્સ્ટ લુક રિવીલ કર્યો છે. જેને સોશિયલ મીડિયા યુઝર્સ ખૂબ જ વખાણી રહ્યા છે. પ્રિયંકા ચોપરા 'બાહુબલી' ફેમ ડિરેક્ટર એસએસ રાજામૌલીની ફિલ્મ 'વારાણસી'થી મોટા પડદે કમબેક કરી રહી છે. 'વારાણસી'ના મેકર્સે રિવીલ કરેલા 2 ફોટોમાં પ્રિયંકાના બે જૂદા જૂદા અવતારો જોવા મળી રહ્યા છે. જ્વાળા જેવો ખતરનાક, નીડર અને સાહસિક અવતાર

પ્રિયંકા ચોપરાના એક લુકમાં તેની આંખોમાં અનોખો પાવર અને આક્રોશ દેખાઈ રહ્યા છે. તેના ચહેરા પર આત્મવિશ્વાસ, પડકાર અને વિજયી ભાવ જોવા મળે છે. તેણે ડાર્ક બ્રાઉન રંગનો ગોથિક અને મોર્ડન વોરિયર સ્ટાઈલનો આઉટફિટ પહેર્યો છે, જેમાં એક કોર્સેટ ડિઝાઈન અને ટ્રાન્સપરન્ટ સ્લીવ્ઝ છે. આ સાથે જ તેણે કાનમાં એમેરલ્ડ (લીલા) કલરની ઈયરિંગ્સ પહેરેલી છે. તેણે મેસી બન હેરસ્ટાઈલ કરેલી છે. તેની કેટલીક લટો તેના ચહેરા પર એ રીતે લપેટાઈ રહી છે, જાણે આગમાંથી જ્વાળાઓ નીકળી રહી હોય. લુકને વધુ ઈન્ટેન્સ બનાવવા આંખોમાં ઘેરું આંજણ અને સ્મોકી આઈશેડોનો ઉપયોગ કરાયો છે. જે તેના એક્સપ્રેશનમાં વધુ ડ્રામા ક્રિએટ કરે છે. સાથે જ બેકગ્રાઉન્ડમાં વારાણસીના ઘાટ જેવું વાતાવરણ, ગોલ્ડન અને ઓરેન્જ લાઈટ્સ દેખાઈ રહી છે. આ વોર્મ લાઈટ્સ તેના ચહેરા પર પડતા ડ્રામેટિક શેડોઝને વધુ રહસ્યમય અને ભવ્ય બનાવી રહ્યા છે. પ્રકૃતિના ખોળે ઉન્મુક્ત આનંદ માણતી યુવતી પ્રિયંકાના ફિયર્સી લુક બાદ તેનો એક બીજો ફોટો શેર કરવામાં આવ્યો છે, જેમાં તેનો તદ્દન અલગ અંદાજ દેખાઈ રહ્યો છે. ફોટોમાં પ્રિયંકા હૃદયથી સ્મિત કરતી અને હવામાં કૂદકો મારીને પોતાની ખુશી અને આઝાદી વ્યક્ત કરી રહી છે. તે બંને હાથ ફેલાવીને હવામાં ઉછળતી જોવા મળી રહી છે.

આ ફોટોમાં તેણે ઓલિવ ગ્રીન રંગનું સાઈડ પોકેટ્સવાળું કાર્ગો પેન્ટ, વ્હાઈટ ટેન્ક ટોપ અને બેજ રંગનો શર્ટ કે જેકેટ રહેર્યા છે. સાથે જ તેણે હાઈકિંગ શૂઝ પહેરેલા છે. તેણે વાળમાં અંબોડો વાળેલો છે.

**ફોટોને શેર કરતા એસએસ રાજામૌલીએ લખ્યું, 'જ્યારે તે સ્મિત કરે છે, ત્યારે લાવણ્ય, જ્યારે તે નથી કરતી ત્યારે આગ**

# આમિર ખાનને લૉરેન્સ ગેંગની ધમકી

## ગૌરી સ્પ્રેટ સાથેના લગ્નને લવ જેહાદ ગણાવ્યા, કહ્યું- 'પાઠ ભણાવીશું'



મુંબઈ

બોલિવૂડ એક્ટર આમિર ખાનને લોરેન્સ ગેંગ તરફથી જાનથી મારી નાખવાની ધમકી મળ્યાના સમાચાર છે. રિપોર્ટ અનુસાર, ગેંગે આમિર ખાનના 5 જુલાઈના રોજ થયેલા ગૌરી સ્પ્રેટ સાથેના લગ્નને લવ જેહાદ ગણાવ્યા છે.

'આજ તક'ની રિપોર્ટ અનુસાર, શનિવારે લોરેન્સ ગેંગ તરફથી એક પત્ર અને ઓડિયો નોટ જાહેર કરવામાં આવી છે. પત્ર આરઝુ બિશ્નોઈ અને ટાયસન બિશ્નોઈના નામથી આપવામાં આવ્યો છે. પત્રમાં લખવામાં આવ્યું છે કે, 'જેઓ આપણા દેશની સંસ્કૃતિ વિરુદ્ધ, આપણા દેશમાં લવ જેહાદના નામે આમિર ખાન જેવા લોકોને પ્રોત્સાહન આપી રહ્યા છે, અમે તેમને સહન નહીં કરીએ.' ગેંગ તરફથી લખવામાં આવ્યું છે કે, 'જલદી જ તેનો જવાબ આપવામાં આવશે. આ દેશ અને સંસ્કૃતિ વિરુદ્ધ છે, જે કોઈ પણ તેનું સમર્થન કરશે, તેને જલદી જ ગેંગ તરફથી જવાબ મળશે.' આમિરે લવ જેહાદના આરોપ પર સ્પષ્ટતા આપી હતી ત્રીજા લગ્ન કર્યા પછી આમિર ખાનને સોશિયલ મીડિયા પર લવ જેહાદનો બ્રાન્ડ એમ્બેસેડર કહેવામાં આવી રહ્યા છે. વેબસાઈટ રેડિફ સાથેની વાતચીતમાં આમિરે કહ્યું, 'મારા ત્રણેય લગ્નમાં કોઈ પણ પત્નીએ ધર્મ પરિવર્તન કર્યું નથી, કારણ કે લગ્ન સિવિલ મેરેજ હતા. ત્રીજી પત્ની ગૌરી હિંદુ નથી પણ ખ્રિસ્તી છે.' આમિર ખાનની ત્રીજી પત્ની ગૌરી સ્પ્રેટના પિતા તમિલ-બ્રિટિશ મૂળના છે અને તેમની માતા પંજાબી-આઈરિશ મૂળની છે. આમિરે કહ્યું, 'મારી દીકરી આયરાના લગ્ન એક હિંદુ સાથે થયા છે. મારી બંને બહેનો નિખત ખાન અને ફરહત ખાનના પતિ પણ હિંદુ છે. કઝિન મન્સૂરના લગ્ન એક ખ્રિસ્તી સાથે થયા છે.'


# કાજલ અગ્રવાલ અને શ્રેયસ તલપડેની 'ધ ઇન્ડિયા સ્ટોરી'નું ટ્રેલર રિલીઝ

## ફિલ્મમાં કેટલીક હકીકત દેખાડવામાં આવી છે. શ્રેયસ એક આર્મી મેન છે, દીકરીના સપના પૂરા કરવા માટે શક્ય એટલા પ્રયાસ કરે છે

મુંબઈ

શ્રેયલ તલપડે અને કાજલ અગ્રવાલની ફિલ્મ 'ધ ઈન્ડિયા સ્ટોરી'નું ટ્રેલર રિલીઝ થઈ ગયું છે.આ ફિલ્મમાં એક પિતા પોતાની દીકરીના મૃત્યુ પર ન્યાયની માગ સાથે જે લડત ચલાવે છે એ દર્શાવવામાં આવી છે. ટ્રેલર જોયા બાદ ફેન્સ શોક થઈ ગયા છે અને પોતાના વિચારો શૅર કરી રહ્યા છે. ફિલ્મમાં કેટલીક હકીકત દેખાડવામાં આવી છે. શ્રેયસ એક આર્મી મેન છે, પોતાની દીકરીના સપના પૂરા કરવા માટે શક્ય એટલા પ્રયાસ કરે છે. પણ અચાનક દીકરીનું અકાળે મોત થતા પોલીસથી લઈને ન્યાયમંદિર સુધીની કચેરીના ધક્કા ખાય છે. કોઈ રીતે એકપણ પ્રકારની મદદ ન મળતા મામલો ડાયરેક્ટ કોર્ટમાં જાય છે અને પછી અસલી ખેલ શરૂ થાય છે. સમગ્ર કેસને કાજલ અગ્રવાલ લીડ કરે છે. દમદાર ટ્રેલર રિલીઝ થઈ ગયું છે. કાજલ અગ્રવાલ અને શ્રેયસની સ્ટોરી લોકોને ક્નેક્ટ કરી રહી છે. કોર્ટમાં જ્યારે મામલો જાય છે અને મોત પાછળનું કારણ કેન્સર બતાવવામાં આવે છે એ સમયે કાજલ સમગ્ર કેસ પર લડત ચલાવે છે. ગ્રાઉન્ડ લેવલ સુધી તપાસ કર્યા બાદ હકીકત સામે આવતા ફેન્સ પણ હચમચી જાય છે. ખેડૂતોનો મુદ્દો, જંતુનાશકનો બેફામ ઉપયોગ અને આની પાછળ છુપાયેલા કેટલાક માસ્ટર માઈન્ડથી સ્ટોરી આગળ વધી રહી છે. ચેતન ડી.કે.ના ડાયરેક્શનમાં તૈયાર થયેલી ફિલ્મ 24 જુલાઈના રોજ થિયેટર્સમાં રિલીઝ થઈ રહી છે. આ ફિલ્મ તમિલ અને તેલુગુ ભાષામાં પણ રિલીઝ કરવામાં આવી રહી છે. સમગ્ર ફિલ્મને લઈને લીડ સ્ટારકાસ્ટ શ્રેયસ અને કાજલે કહ્યું હતું કે, આ સ્ટોરીના માધ્યમથી અમે એ મુદ્દાઓને ઉઘાડવાનો પ્રયાસ કર્યો છે જેના કારણે અત્યાર સુધીમાં કેટલાય ઘરને માઠી અસર થઈ છે. આ ફિલ્મ જોયા બાદ તમે પણ વિચારવા માટે મજબૂર થઈ જશો.સવાલ કરશો અને પછી તમને પણ એક હકીકત દેખાશે. આવું શ્રેયસે જણાવ્યું હતું. મારૂ પાત્ર એકદમ ખાસ છે, કારણ કે દરેક પરિસ્થિતિમાં સાચું શું છે અને સત્ય શું એની આસપાસ છે. સત્યનો સાથ આપે છે. મને આશા છે કે, તે ફેન્સને ક્નેક્ટ કરવામાં સફળ જશે.




# The Odysseyએ પહેલા જ દિવસે ભારતમાં તોડ્યો રેકોર્ડ

## દુનિયાભરમાં રૂ. 855 કરોડની કમાણી

મુંબઈ


હોલિવૂડના દિગ્ગજ ડાયરેક્ટર ક્રિસ્ટોફર નૌલનની મોસ્ટ અવેટેડ ફિલ્મ 'દ ઓડિસી' આખરે સિનેમાઘરોમાં રિલીઝ થઈ ગઈ છે. આ ફિલ્મને લઈને ફેન્સમાં જબરદસ્ત ક્રેઝ જોવા મળી રહ્યો છે. રિલીઝ પહેલા જ સોશિયલ મીડિયા પર આ ફિલ્મ ભારે ચર્ચામાં હતી અને હવે જ્યારે તે મોટા પડદા પર આવી ચૂકી છે, ત્યારે પ્રેક્ષકોનો ઉત્સાહ સાચે જ જોવા જેવો છે. આ શાનદાર એક્શન અને એડવેન્ચર ફિલ્મે પહેલા જ દિવસે ભારત સહિત વૈશ્વિક સ્તરે રેકોર્ડબ્રેક કમાણી કરીને ટ્રેડ એનાલિસ્ટ્સને પણ ચોંકાવી દીધા છે. આ ફિલ્મની સૌથી મોટી તાકાત તેની મજબૂત સ્ટાર કાસ્ટ છે. 'ઈથાકા'ના રાજા ઓડિસિયસના મુખ્ય રોલમાં મેટ ડેમન અદ્ભુત અભિનય કર્યો છે, જ્યારે એન હેથવે પેનેલોપના રોલમાં ખૂબ જ પ્રભાવશાળી દેખાઈ રહી છે. આ ઉપરાંત ટૉમ હોલેન્ડે તેમના પુત્ર ટેલેમેકસનો અને રોબર્ટ પેટિનસને એન્ટિનોસનો રોલ પ્લે કર્યો છે. જ્યારે ઝેન્ડાયા એથેના અને ચાર્લીઝ થેરોન કાલિપ્સોના પાવરફુલ પાત્રોમાં નજર આવે છે. હોમરની સુપ્રસિદ્ધ પ્રાચીન ગ્રીક ગાથા પર આધારિત આ વાર્તાને નૌલને પોતાની આગવી શૈલીમાં મોટા પડદા પર અદભૂત રીતે જીવંત કરી છે. 'દ ઓડિસી' ફિલ્મે ભારતીય બોક્સ ઑફિસ પર પણ અપેક્ષા પ્રમાણે ધમાકેદાર શરૂઆત કરી છે. સેકનિલ્કના અહેવાલો અનુસાર, ફિલ્મે ભારતમાં પહેલા જ દિવસે આશરે 17.40 કરોડ રૂપિયાનું નેટ કલેક્શન કર્યું છે. જો ભારતના કુલ ગ્રોસ કલેક્શનની વાત કરીએ તો આ આંકડો 20.76 કરોડ રૂપિયા સુધી પહોંચી ગયો છે. સિનેમાઘરોની બહાર લાગેલી દર્શકોની લાંબી લાઈનો સાબિત કરે છે કે ભારતીય ઓડિયન્સમાં ક્રિસ્ટોફર નૌલનની ફિલ્મો માટે કેટલો જબરદસ્ત ક્રેઝ છે. આ ફિલ્મના બજેટ અને વર્લ્ડવાઈડ કમાણીના આંકડા પણ ચોંકાવનારા છે. મીડિયા રિપોર્ટ્સ મુજબ, આ ભવ્ય ફિલ્મને બનાવવામાં અંદાજે 250 મિલિયન ડોલર (આશરે 2137 કરોડ રૂપિયા)નો માતબર ખર્ચ થયો છે. ખાસ વાત એ છે કે, આ દુનિયાની પહેલી એવી ફિલ્મ છે જેને સંપૂર્ણપણે 'આઈમેક્સ 70 એમએમ' (IMAX 70 MM) કેમેરા પર શૂટ કરવામાં આવી છે. કમાણીની દ્રષ્ટિએ, વેરાયટીના રિપોર્ટ અનુસાર માત્ર નોર્થ અમેરિકામાં જ ફિલ્મે પહેલા દિવસે 90થી 100 મિલિયન ડોલર(આશરે 770-855 કરોડ રૂપિયા)ની ધમાકેદાર કમાણી કરી લીધી છે.

# ગ્રીસમાં મિસ્ટ્રી મેન સાથે જોવા મળી મલાઈકા અરોરા

## સોશિયલ મીડિયા પર એક લેટેસ્ટ પોસ્ટમાં તેના વેકેશનના ફોટો સામે આવ્યા

મુંબઈ

બોલિવૂડની ફીટગર્લ અને ગ્લેમરસ એક્ટ્રેસ મલાઈકા અરોરા ફરીવાર ચર્ચામાં છે. સોશિયલ મીડિયા પર એક લેટેસ્ટ પોસ્ટમાં તેના વેકેશનના ફોટો સામે આવ્યા છે. આ વેકેશમાં તેની સાથે મિસ્ટ્રીબોય કોણ છે એ અંગે ચર્ચા શરૂ થઈ છે. ગ્રીસમાં પોતાનું વેકેશન એન્જોય કરતી મલાઈકાએ એકથી એક ચડિયાતા ફોટો શૅર કર્યા છે. માત્ર ફોટો જ નહીં વિડિયો પોસ્ટ મૂકીને પણ ગ્રેસની અને પોતાની સુંદરતા બતાવી છે. ગ્રીન સી ફેસિંગ, સફેદ દિવાલ અને ટ્રેડિશનલ હાઉસની સાથે એક્ટ્રેસે સનસેટની મોમેન્ટ પણ એન્જોય કરી છે. મલાયકાનો વેકેશન મૂડ સોશિયલ મીડિયા પર જોરશોરથી વાયરલ થઈ રહ્યો છે. દરેક આઉટફિટમાં તે બોલ્ડ એન્ડ બ્યૂટીફૂલ દેખાઈ રહી છે. મિસ્ટ્રીબોય સાથે મસ્તી સૌથી વધારે ચર્ચા એ તસવીરની થઈ રહી છે જેમાં તે કોઈ મિસ્ટ્રીબોયની સાથે દરિયામાં પોઝ આપતી દેખાઈ હતી. હવે ફેન્સ જાણવા માગે છે કે ગ્રીસ તેની સાથે દરિયામાં કોણ એન્જોય કરી રહ્યું છે. વેકેશન એન્જોય કરવા માટે ગ્રીસ ગયેલી મલાયકાએ એકથી એક બેસ્ટ લૂક સેટ કર્યો છે અને બેસ્ટ પોઝ આપ્યા છે.વાયબ્રન્ટ પિંક અને રેડ કલર તેના પર એકદમ બેસ્ટ ઉઠાવ આપી રહ્યો છે.નવરાશની પળમાં તે પાણીમાં છબછબિયા કરતી પણ જોવા મળી હતી. મોનોકીની લૂકમાં તેણે બેસ્ટ પોઝ આપ્યા છે. સફેદ દિવાલ અને ગ્રીન વિન્ડો સાથે એના આઉટફિટ એકદમ મસ્ત કોન્સ્ટાસ્ટ આપી રહ્યા છે. આ સિવાય પેસ્ટલ પિંક બિકિનીમાં એનું ટોન્ટ, ફિટ અને કટવાળું બોડી મસ્ત દેખાઈ રહ્યું છે. આ સિવાય સાંજના સમયે સનસેટ ટાઈમ પર ડીપ મરૂન કલરના હોલ્ટર નેક ડ્રેસમાં પણ એનો અંદાજ અનોખો દેખાયો છે.



## BCCI સેક્રેટરીએ તમામ સ્ટેકહોલ્ડર્સ સાથે દિવસભર ચાલેલી વાતચીત બાદ એક ઓફિશિયલ નિવેદન જાહેર કર્યું

# ગૌતમ ગંભીર અને અજિત અગરકરથી ખુશ નથી BCCI

મુંબઈ

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે ત્રીજી વન-ડે 19 જુલાઈના રોજ લોર્ડ્સના ઐતિહાસિક મેદાન પર રમાવાની છે. આ ત્રીજી વન-ડે એક નિર્ણાયક મેચ સાબિત થશે, કારણ કે સિરીઝની પ્રથમ બે મેચ બાદ બંને ટીમો 1-1 ની બરાબરી પર છે. આ વચ્ચે આ મોટા મુકાબલા પહેલા રોહિત શર્માની નિવૃત્તિના સમાચારે સૌ કોઈને ચોંકાવી દીધા હતા. અહેવાલો હતા કે, લોર્ડ્સ વનડે 'હિટમેન'ના કરિયરની છેલ્લી મેચ હોઈ શકે છે અને તેઓ આ મેચ બાદ નિવૃત્તિની જાહેરાત કરી શકે છે. જોકે, આ તમામ અફવાઓ પર પૂર્ણવિરામ મૂકતાં BCCI સેક્રેટરી દેવજીત સૈકિયાએ કહ્યું છે કે, એવું કંઈ જ નથી થવાનું. લોર્ડ્સ વનડે રોહિત શર્માના કરિયરની છેલ્લી મેચ નથી. અજિત અગરકર અને ગંભીરથી ખુશ નથી BCCI જોકે, એક અહેવાલમાં એવો પણ દાવો કરવામાં આવ્યો છે કે, BCCIના વરિષ્ઠ



અધિકારીઓ ચીફ સિલેક્ટર અજીત અગરકર અને હેડ કોચ ગૌતમ ગંભીરથી ખુશ નથી. ઓફિશિયલ નિવેદન જાહેર કર્યું અહેવાલ પ્રમાણે એવું સમજાય છે કે BCCIના વરિષ્ઠ અધિકારીઓ એ વાતથી ખુશ નહોતા કે ચેરમેન ઑફ સિલેક્ટર્સ અજીત અગરકર અને હેડ કોચ ગૌતમ ગંભીર આ બાબતને કઈ રીતે જોઈ રહ્યા હતા. BCCI સેક્રેટરીએ તમામ સ્ટેકહોલ્ડર્સ સાથે દિવસભર ચાલેલી વાતચીત બાદ એક ઓફિશિયલ નિવેદન જાહેર કર્યું હતું. અહીં એ જણાવવું જરૂરી છે કે, BCCIના એક પ્રભાવશાળી પૂર્વ અધિકારી અને જાણીતા કાનૂની નિષ્ણાત સૈકિયાની પણ આમાં મહત્ત્વની ભૂમિકા હતી, કારણ કે તેમણે આ સંવેદનશીલ મામલાને તાર્કિક અંત સુધી પહોંચાડ્યો. રોહિત શર્મા સ્પષ્ટ રીતે એ વાતથી ખૂબ જ નારાજ હતા કે તેમને એક મહત્ત્વપૂર્ણ મેચ પહેલા આ નિર્ણય વિશે જણાવવામાં આવ્યું હતું અને એક સિનિયર ક્રિકેટર સાથે કેવું વર્તન કરવામાં આવી રહ્યું છે તે અંગે તેઓ અગાઉ જ પોતાની નારાજગી વ્યક્ત કરી ચૂક્યા હતા. સૈકિયાએ એમ પણ કહ્યું કે, 'રોહિત શર્મા ત્યાં સુધી ભારત માટે રમતા રહેશે જ્યાં સુધી તેઓ સ્કીમ ઑફ થિંગ્સમાં છે.' શું રોહિત શર્મા 300 વન-ડે રમી શકશે રોહિત શર્મા હાલમાં 'એક્સક્લુઝિવ 300 વન-ડે' ક્લબમાં સામેલ થવાથી માત્ર 13 મેચ દૂર છે. તેમણે ભારત માટે અત્યાર સુધી રમેલી 287 વન-ડે મેચમાં 48.58ની એવરેજથી 11,757 રન બનાવ્યા છે. આ દરમિયાન તેમના નામે 33 સદી નોંધાયેલી છે. જો હિટમેન 2027 વર્લ્ડ કપ સુધી રમશે, તો તેઓ ચોક્કસપણે આ ત્રીજી સદી (300 મેચનો આંકડો) પૂરી કરી લેશે.

## બ્રોન્ઝ માટે ફૂટબોલ વર્લ્ડકપમાં ફ્રાન્સ vs ઈંગ્લેન્ડ મેચ, એમ્બાપ્પે-કેનની ગોલ્ડન બૂટ પર નજર

મેક્સિકો સિટી

2022 વર્લ્ડ કપના ક્વાર્ટર ફાઈનલ પછી ફ્રાન્સ અને ઈંગ્લેન્ડ ફરી એકવાર ફૂટબોલ વર્લ્ડ કપની નોકઆઉટ મેચમાં આમને-સામને થશે. જોકે, બંને ટીમ વચ્ચે ત્રીજા સ્થાન (બ્રોન્ઝ મેડલ) માટે આ પ્રથમ ટક્કર હશે. મિયામીના હાર્ડ રોક સ્ટેડિયમમાં શનિવારે મોડી રાત્રે 2:30 વાગ્યાથી મેચ રમાશે. ફ્રાન્સ ત્રીજી વખત વર્લ્ડ કપનો બ્રોન્ઝ મેડલ જીતવા મેદાનમાં ઉતરશે. ટીમ આ પહેલા 1958 અને 1986માં ત્રીજા સ્થાને રહી હતી. બીજી તરફ, ઈંગ્લેન્ડ પાસે પ્રથમ વખત વર્લ્ડ કપમાં ત્રીજું સ્થાન હાંસલ કરવાની તક હશે. ફ્રાન્સના કોચ દિદિએર ડેશાંની આ છેલ્લી મેચ હશે. આર્જેન્ટિનાના લિયોનેલ મેસ્સી 8 ગોલ અને 4 આસિસ્ટ સાથે ગોલ્ડન બૂટમાં સૌથી આગળ છે. ફ્રાન્સના કિલિયન એમ્બાપ્પે પણ 8 ગોલ કરી ચૂક્યો છે, જ્યારે ઈંગ્લેન્ડના હેરી કેન અને જુડ બેલિંગહામના નામે 6-6 ગોલ છે. આવી સ્થિતિમાં, ત્રણેય ખેલાડીઓ પાસે મેસ્સીને પાછળ છોડવાની છેલ્લી તક હશે. બંને ટીમ વચ્ચે અત્યાર સુધીમાં 32 મેચ રમાઈ છે. જેમાં ઈંગ્લેન્ડે 17, જ્યારે ફ્રાન્સે 10 મેચ જીતી છે અને 5 મેચ ડ્રો રહી છે. ફિફા વર્લ્ડ કપમાં બંને ટીમ ચોથી વખત આમને-સામને થશે. આ પહેલા 1966 અને 1982ના ગ્રુપ સ્ટેજમાં ઈંગ્લેન્ડે જીત નોંધાવી હતી.

### મેચ ફિક્સિંગનો ગંભીર આરોપ

## ભારતના પૂર્વ અંડર-19 વર્લ્ડ કપ હીરોની શ્રીલંકામાં ધરપકડ કરાઈ

કોલંબો

ભારતને અંડર-19 વર્લ્ડ કપ જીતાડવામાં મહત્ત્વની ભૂમિકા ભજવનાર પૂર્વ ક્રિકેટર મનજોત કાલરાની શ્રીલંકામાં ધરપકડ કરવામાં આવી છે. હાલમાં રમાઈ રહેલી લંકા પ્રીમિયર લીગ (LPL) માં જાફના કિંગ્સ ટીમના સહ-માલિક બનેલા 27 વર્ષીય મનજોત કાલરા પર એક ખેલાડીને મેચ ફિક્સિંગ માટે ઉશ્કેરવાનો (લાલચ આપવાનો) ગંભીર આરોપ લાગ્યો છે.



રમતગમતના ગુનાઓ રોકવા માટે બનેલી શ્રીલંકા પોલીસની સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન યુનિટ (SIU) દ્વારા શુક્રવારે આ કડક કાર્યવાહી કરવામાં આવી હતી. અહેવાલ મુજબ, ધરપકડ બાદ મનજોત કાલરાને કોર્ટમાં મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો, જ્યાં અદાલતે તેને 31 જુલાઈ સુધી ન્યાયિક કસ્ટડીમાં (જેલમાં) મોકલી આપ્યો છે. આ કેસમાં માત્ર મનજોત જ નહીં, પરંતુ યુવરાજ પુષ્પા નામના અન્ય એક ભારતીય નાગરિકની પણ ધરપકડ કરવામાં આવી છે. કોર્ટે તેને પણ મનજોતની સાથે જેલ ભેગો કરવાનો આદેશ આપ્યો છે. આ ઘટનાને પગલે રમતગમત ક્ષેત્રે ચકચાર મચી ગઈ છે. આ મોટી ધરપકડ બાદ શ્રીલંકા ક્રિકેટ બોર્ડે (SLC) સત્તાવાર નિવેદન બહાર પાડીને સ્થિતિ સ્પષ્ટ કરી છે. બોર્ડે જણાવ્યું છે કે આ ઘટનાની લંકા પ્રીમિયર લીગના આયોજન પર કોઈ અસર નહીં પડે અને મેચો તેના સમયપત્રક મુજબ જ રમાશે. બોર્ડે તપાસ કરનારી એજન્સીઓને પૂરેપૂરો સાથ આપવાની ખાતરી આપી છે.

## ક્રિકેટ ઈતિહાસના લેજેન્ડ સર ગેરી સોબર્સનું નિધન

### વેસ્ટ ઈન્ડિઝના દિગ્ગજ ઓલરાઉન્ડર સર ગારફિલ્ડ સોબર્સનું 89 વર્ષની વયે નિધન થયું

બ્રિજટાઉન

ક્રિકેટના ઈતિહાસના સર્વશ્રેષ્ઠ ઓલરાઉન્ડર અને વેસ્ટ ઈન્ડિઝના લેજેન્ડ સર ગારફિલ્ડ સોબર્સનું ૮૯ વર્ષની વયે અવસાન થયું છે. ક્રિકેટ ઈતિહાસના મહાન બેટ્સમેન ડોન બ્રેડમેન પછીના સૌથી સિદ્ધ ખેલાડીની ચીરવિદાય તરીકે આ ઘટનાને મૂલવી શકાય.

સોબર્સના પુત્ર ડેનિયલે આ દુઃખદ સમાચાર જાહેર કરતા ક્રિકેટ વિશ્વ શોકમાં ગરકાવ થઈ ગયો છે અને ભૂતપૂર્વ અને વર્તમાન ક્રિકેટરોએ અંજલિનો ધોધ વહેવડાવ્યો છે. સોબર્સના નિધનનું કારણ તેમના પરિવારે આપ્યું નથી પણ છેલ્લા કેટલાક મહિનાઓથી તેઓનું વજન ઘણું ઓછું થયું હોય તેમ લાગતું હતું. તેઓ તેમના



૯૦માં જન્મદિનના ૧૧ દિવસ પહેલા જ નિધન પામ્યા છે. ૨૮ જુલાઈ, ૧૯૩૬ના રોજ બાર્બાડોસમાં જન્મેલા સોબર્સ ક્રિકેટના મેદાન પર એક ખેલાડી કઈ હદની બહુમુખી પ્રતિભા ધરાવી શકે તેનું બેમિસાલ ઉદાહરણ હતાં. ડાબોડી બેટિંગ અને ફાસ્ટ-મીડિયમ બોલર અને સ્પિનર તરીકે પણ એટલા જ પ્રભાવશાળી હતા. તેવી જ રીતે તેમની ચપળતાએ તેમને તેમની પેઢીના સર્વશ્રેષ્ઠ ફિલ્ડરોમાંના એક બનાવ્યા હતા. સોબર્સે માર્ચ, ૧૯૫૪માં માત્ર ૧૭ વર્ષની ઉંમરે વેસ્ટ ઈન્ડિઝ માટે ટેસ્ટ કારકિર્દીનો પ્રારંભ કર્યો હતો. તેમણે ૯૩ ટેસ્ટમાં ૫૭.૭૮ની સરેરાશથી ૮,૦૩૨ રન બનાવ્યા હતા, જેમાં ૨૬ સદી અને ૩૦ અડધી સદી સામેલ છે. મીડીયમ ફાસ્ટ અને સ્પિન બંને પ્રકારે બોલિંગ નાંખીને ૨૩૫ ટેસ્ટ વિકેટ ઝડપી હતી. તેમણે ઈનિંગમાં પાંચ કે વધુ વિકેટ છ વખત ઝડપી હતી.જ્યારે ફિલ્ડિંગમાં તેમના સુરક્ષિત હાથોએ ૧૦૯ કેચ પકડયા હતા. પ્રથમ કક્ષાના ક્રિકેટમાં તેમણે ૩૮૩ મેચમાં ૨૮,૩૧૪ રન, ૫૪.૮૭ની એવરેજથી ૮૬ સદી અને ૧૨૧ અડધી સદી સાથે બનાવ્યા હતાં અને ૧,૦૪૩ વિકેટો ઝડપી હતી. તેમની સૌથી મોટી સિદ્ધિઓમાં ૧૯૫૮માં પાકિસ્તાન સામે કિંગ્સ્ટન ટેસ્ટમાં અણનમ ૩૬૫ રન સામેલ કહી શકાય, જે તે સમયે ટેસ્ટ ક્રિકેટમાં સર્વોચ્ચ વ્યક્તિગત સ્કોર હતો. જોગાનુજોગ સોબર્સની કારકિર્દીની આ પ્રથમ ટેસ્ટ સદી પણ હતી. આ વખતે તેમની વય ૨૧ વર્ષ અને ૨૧૬ દિવસ હતી. દાયકા પછી, ૩૧ ઓગસ્ટ ના દિવસે ૧૯૬૮માં, તેમણે ઈંગ્લિશ કાઉન્ટીમાં નોટિંગહામ તરફથી રમતા ગ્લેમોર્ગન સામે બોલર માલકમ નાશની એક જ ઓવરમાં છ છગ્ગા ફટકાર્યાહતાં અને તે ક્રિકેટ ઈતિહાસના આવા પ્રથમ બેટ્સમેન બન્યા હતાં. સોબર્સ ૧૯૬૫થી ૧૯૭૨ દરમ્યાન ૩૯ ટેસ્ટમાં વેસ્ટ ઈન્ડિઝના કેપ્ટન રહ્યા હતાં જેમાં ટીમના ૯ વિજય અને ૧૦ પરાજય થયા હતાં.



### ગ્રામીણ અને શહેરી બંને વિસ્તારોમાં મહિલા બેરોજગારીમાં વધારો થયો

## મહિલા બેરોજગારી દર 15 મહિનાના ઉચ્ચ સ્તરે પહોંચ્યો

મુંબઈ

રાષ્ટ્રીય આંકડાકીય કાર્યાલય દ્વારા જાહેર કરાયેલા પિરિયોડિક લેબર ફોર્સ સર્વેના નવીનતમ માસિક બુલેટિન મુજબ, ભારતમાં મહિલા બેરોજગારી દર જૂનમાં વધીને ૧૫ મહિનાના ઉચ્ચ સ્તરે ૫.૯ ટકા થયો છે, જે મે મહિનામાં ૫.૬ ટકા હતો. લેબર ફોર્સ દ્વારા ડેટા સંગ્રહ માટે નવી પદ્ધતિ અપનાવવામાં આવી ત્યારથી આ સૌથી વધુ બેરોજગારી દર છે.

છેલ્લા પાંચ મહિનામાંથી ચાર મહિનામાં મહિલા બેરોજગારી દરમાં વધારો થયો છે. ફેબ્રુઆરીમાં તે ૫.૧ ટકા હતો અને જૂનમાં વધીને ૫.૯ ટકા થયો છે. આ દર એપ્રિલ ૨૦૨૫ (વર્તમાન માસિક શ્રેણીનો પ્રથમ મહિનો) માં નોંધાયેલા ૫ ટકાના સ્તરથી ઘણો



ઉપર છે. જૂન મહિનામાં ગ્રામીણ મહિલા બેરોજગારી દર પણ વધીને ૫ ટકાના નવા સિરીઝ ઉચ્ચ સ્તરે પહોંચ્યો, જે એપ્રિલ ૨૦૨૫ પછીનો સૌથી ઉચ્ચ સ્તર છે. મે મહિનામાં ગ્રામીણ મહિલા બેરોજગારી દર ૪.૭ ટકા હતો. મહિલાઓ માટે શહેરી બેરોજગારી દર ઊંચો રહ્યો છે, જે મે મહિનામાં ૮.૨ ટકાથી વધીને જૂનમાં ૮.૪ ટકા થયો છે.

મહિના દરમિયાન એકંદર બેરોજગારી દર ૫.૫ ટકા પર સ્થિર રહ્યો, જે મે મહિનામાં નોંધાયેલા ૧૧ મહિનાના ઉચ્ચ સ્તર સમાન છે. શ્રમ બળ ભાગીદારી દર, જે કામ કરતી અથવા સક્રિય રીતે કામ શોધતી વસ્તીનું પ્રમાણ છે, તે જૂનમાં ૫૪.૪ ટકા પર સ્થિર રહ્યો હતો. મે સુધી સતત ત્રણ મહિના સુધી તેમાં ઘટાડો થયો હતો, પરંતુ તે મેના સ્તરે રહ્યો. ગ્રામીણ વિસ્તારોમાં શ્રમ બળ ભાગીદારી દર આ મહિને ૫૬.૬ ટકા પર સ્થિર રહ્યો, જ્યારે શહેરી વિસ્તારોમાં તે મે મહિનામાં ૪૯.૮ ટકાથી વધીને ૫૦.૧ ટકા થયો. મહિલાઓમાં બેરોજગારી એવા સમયે વધી જ્યારે જૂનમાં મહિલાઓ માટે શ્રમ બળ ભાગીદારી દર ૩૨.૭ ટકા પર સ્થિર રહ્યો હતો.

### બેંકના પરિણામો નિષ્ણાતોના અંદાજ કરતાં ઓછા રહ્યા

## HDFC બેંકનો નફો 5% વધીને ₹19,060 કરોડ, નેટ ઇન્ટરેસ્ટ ઇનકમ 6.7% વધી

**પ્રથમ ક્વાર્ટરમાં HDFC બેંકનું નેટ ઇન્ટરેસ્ટ માર્જિન (NIM) કુલ એસેટ્સ પર 3.26% નોંધાયું છે. જ્યારે, જો વ્યાજ કમાતી સંપત્તિઓ એટલે કે ઇન્ટરેસ્ટ અર્નિંગ એસેટ્સના આધારે જોઈએ તો આ માર્જિન 3.40% રહ્યું છે.**

મુંબઈ

HDFC બેંક લિમિટેડે શનિવારે ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ ક્વાર્ટરના પરિણામો જાહેર કર્યા છે. આ ક્વાર્ટરમાં (Q1 FY27) બેંકનો સ્ટેન્ડઅલોન નેટ પ્રોફિટ વાર્ષિક ધોરણે 4.98% વધીને 19,059.72 કરોડ રહ્યો. જોકે, આ નફો CNBC-TV18 પોલના 19,332 કરોડના અંદાજ કરતાં ઓછો રહ્યો. બેંકની નેટ ઈન્ટરેસ્ટ ઈનકમ (NII)માં વાર્ષિક ધોરણે 6.7%નો વધારો થયો છે. તે વધીને 33,535.95 કરોડ પર પહોંચી ગઈ છે. જોકે, નેટ ઈન્ટરેસ્ટ ઈનકમ પણ બજારના 34,353 કરોડના પોલ અંદાજને પાર કરવામાં ચૂકી ગઈ. પ્રથમ ક્વાર્ટરમાં HDFC બેંકનું નેટ ઈન્ટરેસ્ટ માર્જિન (NIM) કુલ એસેટ્સ પર 3.26% નોંધાયું છે. જ્યારે, જો વ્યાજ કમાતી સંપત્તિઓ એટલે કે ઈન્ટરેસ્ટ અર્નિંગ એસેટ્સના આધારે જોઈએ તો આ માર્જિન 3.40% રહ્યું છે. એસેટ ક્વોલિટીમાં




નજીવો ફેરફાર, ગ્રોસ NPA 1.17% એસેટ ક્વોલિટીના મોરચે, બેંકના ગ્રોસ નોન-પર્ફોર્મિંગ એસેટ્સ (GNPAs) 30 જૂન, 2026 સુધીમાં ગ્રોસ એડવાન્સના 1.17% રહ્યા. 31 માર્ચ 2026 ના રોજ આ આંકડો 1.15% હતો, જ્યારે એક વર્ષ પહેલાના સમાન ક્વાર્ટરમાં તે 1.40% હતો. તેમજ, 30 જૂન, 2026 સુધીમાં બેંકના નેટ નોન-પર્ફોર્મિંગ એસેટ્સ (NNPAs) નેટ એડવાન્સના 0.41% રહ્યા. પ્રથમ ક્વાર્ટરમાં બેંકના કુલ પ્રોવિઝન્સ અને કન્ટિન્જન્સીઝ 3,060 કરોડ રહ્યા. આ સાથે, ક્વાર્ટર માટે બેંકનો કુલ ક્રેડિટ કોસ્ટ રેશિયો 0.40% નોંધાયો છે. આ વર્ષે બેંકનો શેર 17.2% તૂટ્યો છે શુક્રવારે HDFC બેંકનો શેર 1.4% વધીને 819.60ના સ્તરે બંધ થયો હતો. વર્ષ 2026માં અત્યાર સુધીમાં આ સ્ટોકમાં 17.2%નો ઘટાડો જોવા મળ્યો છે, જ્યારે આ સમયગાળા દરમિયાન નિફ્ટી 50 ઈન્ડેક્સમાં 6.9%ની નબળાઈ જોવા મળી છે. નેટ ઈન્ટરેસ્ટ ઈનકમ અને નેટ ઈન્ટરેસ્ટ માર્જિન શું છે? નેટ ઈન્ટરેસ્ટ ઈનકમ (NII): બેંક મુખ્યત્વે બે કામ કરે છે- જમા એટલે કે ડિપોઝિટ સ્વીકારવી અને લોન આપવી. લોન આપવા પર બેંકને જે વ્યાજ મળે છે, તેમાંથી જમાકર્તાઓને ચૂકવવામાં આવતા વ્યાજને બાદ કર્યા પછી બાકી રહેલી રકમને નેટ ઈન્ટરેસ્ટ ઈનકમ (NII) કહેવાય છે. આ બેંકની મુખ્ય કમાણી હોય છે.

### જૂન ક્વાર્ટરમાં ફક્ત 663 નવા પ્રોજેક્ટ્સની જાહેરાત કરવામાં આવી

## નવા પ્રોજેક્ટ્સની સંખ્યા બે દાયકાના તળિયે ઉતરી, યુદ્ધને કારણે સર્જાયેલી અનિશ્ચિતતા

મુંબઈ

જૂન ક્વાર્ટર (Q1FY27) માં જાહેર કરાયેલા નવા પ્રોજેક્ટ્સની સંખ્યા બે દાયકાથી વધુ સમયગાળાના સૌથી નીચલા સ્તરે ઉતરી ગઈ છે, જે પશ્ચિમ એશિયા યુદ્ધને કારણે સર્જાયેલી અનિશ્ચિતતા અને ડેટા સેન્ટર્સ અને પરમાણુ પ્લાન્ટ સિવાયના મોટાભાગના મૂડી-સઘન ક્ષેત્રોમાં રોકાણકારોની સતત સાવચેતીને પ્રતિબિંબિત કરે છે. ઓઈલના ભાવમાં વધારો અને વિદેશી વેપારમાં વિક્ષેપને કારણે કંપનીઓ, ખાસ કરીને સરકારી ક્ષેત્રની કંપનીઓ, ભૌગોલિક રાજકીય વાદળો ઓસરી જાય ત્યાં સુધી નવા પ્રોજેક્ટ્સ મુલતવી રાખવા માટે પ્રેરિત થઈ છે. સેન્ટર ફોર મોનિટરિંગ ઈન્ડિયન ઈકોનોમીના ડેટા દર્શાવે છે કે ગયા



વર્ષના સમાન સમયગાળામાં ૧,૨૭૫ પ્રોજેક્ટ્સ અને ચાલુ વર્ષના જાન્યુઆરી-માર્ચ ક્વાર્ટરમાં ૧,૧૭૨ પ્રોજેક્ટ્સની સરખામણીમાં, ચાલુ નાણાકીય વર્ષના એપ્રિલ-જૂન ક્વાર્ટરમાં ફક્ત ૬૬૩ નવા પ્રોજેક્ટ્સની જાહેરાત કરવામાં આવી હતી. આમાં સરકારી પ્રોજેકટસની સંખ્યા ૨૯૪ અને ખાનગી પ્રોજેકટસની સંખ્યા ૩૬૯ છે. આ નાણાકીય વર્ષના ડિસેમ્બર ૨૦૦૫ના પહેલા ક્વાર્ટર કરતાં છેલ્લે નવા પ્રોજેક્ટ્સની સંખ્યા ઓછી હતી. પ્રોજેક્ટ મંજૂરીઓમાં નબળાઈ સરકારી અને ખાનગી ક્ષેત્રોમાં ફેલાયેલી છે. જૂન ક્વાર્ટરમાં જાહેર કરાયેલા ૬૬૩ નવા પ્રોજેક્ટ્સમાંથી ૩૬૯ ખાનગી ક્ષેત્રમાં હતા. ખાનગી ક્ષેત્રના પ્રોજેક્ટ્સની સંખ્યામાં ૪૫% ઘટાડો થયો હતો, જ્યારે સરકારી પ્રોજેક્ટ્સ ૪૮% ઘટયા હતા. હકીકતમાં, સતત ચાર ક્વાર્ટરમાં કરાર કરાયેલા સરકારી પ્રોજેક્ટ્સની સંખ્યામાં ઘટાડો થયો હતો. મુખ્ય ક્ષેત્રોમાં પ્રોજેક્ટ્સની સંખ્યામાં ઘટાડો, જ્યારે એકંદર પ્રોજેક્ટ મૂલ્યો ઉપર હોય છે, ત્યારે પણ કંપનીઓના વિશાળ વિશ્વની ભાગીદારીમાં ઘટાડો અને કોર્પોરેટ ભારતના એક વર્ગમાં મૂડીખર્ચના ઉદ્દેશ્યનું કેન્દ્રીકરણ સૂચવે છે.

## વિશ્વ બજારમાં ક્રૂડતેલ, સોનામાં સામસામા રાહ : ચાંદીમાં પીછેહઠ

- **વૈશ્વિક બજારમાં કિંમતી ધાતુઓના ભાવ ઘટતાં સ્થાનિક બજારમાં ઈમ્પોર્ટ કોસ્ટ નીચી આવી.**

મુંબઈ

મુંબઈ ઝવેરી બજારમાં આજે સોના-ચાંદીના ભાવમાં ઘટાડો આગળ વધ્યો હતો. પ્લેટીનમના ભાવ પણ વધ્યા મથાળેથી ઘટાડા પર રહ્યા હતા. વિશ્વ બજારમાં કિંમતી ધાતુઓના ભાવ ઘટતાં ઘરઆંગણે ઈમ્પોર્ટ કોસ્ટ નીચી ઉતરી હતી. ભારત સરકારે ઈમ્પોર્ટરો માટે ડોલરના કસ્ટમ એકસચેન્જના દર વધારતાં કિંમતી ધાતુઓની ઈફેકટીવ ઈમ્પોર્ટ ડયુટીમાં વૃદ્ધી થયાનું પણ બજારના જાણકારો જણાવી રહ્યા હતા. દરમિયાન, વિશ્વ બજારમાં આજ સોનાના ભાવ ઘટી ઔંસના ૪૦૦૦ ડોલરની અંદર ઉતરી ગયાના સમાચાર હતા. દરમિયાન, વિશ્વ બજાર પાછળ ઘરઆંગણે અમદાવાદ ઝવેરી બજારમાં સોનાના ભાવ ૧૦ ગ્રામના રૂ.૫૦૦ તથા ચાંદીના ભાવ કિલોના રૂ.૫૦૦૦ તૂટયા હતા. વિશ્વ બજારમાં સોનાના ભાવ ૪૦૩૮થી ૪૦૩૯ વાળા નીચામાં ભાવ ૩૯૭૦ થઈ ૩૯૮૨ ડોલર રહ્યા હતા. સોના પાછળ વૈશ્વિક ચાંદીના ભાવ ઔંસના ૫૬.૭૪થી ૫૬.૭૫ વાળા નીચામાં ભાવ ૫૪.૭૭ થઈ ૫૫.૨૦થી ૫૫.૨૧ ડોલર રહ્યાના સમાચાર હતા. વિશ્વ બજારમાં ડાક્ર ઈન્ડેક્સ વધતાં વૈશ્વિક સોનામાં ફંડોનું સેલીંગ વધ્યાની ચર્ચા હતી. દરમિયાન, અમદાવાદ ઝવેરી બજારમાં આજે સોનાના ભાવ ૯૯૫ના રૂ.૧૪૫૭૦૦ તથા ૯૯૯ના ભાવ રૂ.૧૪૬૦૦૦ રહ્યા હતા જ્યારે અમદાવાદ ચાંદીના ભાવ ઘટી રૂ.૨૧૮૦૦૦ બોલાતા થયા હતા.

### અમદાવાદમાં કાળઝાળ દુર્ઘટના: 8 માસૂમ જીવતા ભૂંજાયા!

# ફટાકડાની ફેક્ટરીમાં ભયાનક બ્લાસ્ટ સાથે આગ







**દુર્ઘટનામાં 3 બાળકો સહિત 9 લોકોના મોત થયા છે અને 15 લોકો ઈજાગ્રસ્ત થયા**

અમદાવાદ

મેટ્રો સિટી અમદાવાદ ફરી એકવાર ધડાકા અને લાશોના ચિત્કારોથી ધ્રૂજી ઊઠ્યું છે. અમદાવાદ ગ્રામ્ય/ઔદ્યોગિક વિસ્તારમાં આવેલી એક ફટાકડા બનાવવાની ફેક્ટરીમાં અચાનક પ્રચંડ બ્લાસ્ટ સાથે ફાટી નીકળેલી કાળમુખી આગમાં ૮ લોકોના ઘટનાસ્થળે જ જીવતા ભૂંજાઈ જવાથી કમકમાટીભર્યા મોત નીપજ્યા છે. આગ એટલી ભયાનક અને ઝડપી હતી કે ફેક્ટરીમાં કામ કરતા શ્રમિકોને બહાર નીકળવાની તક જ નહોતી મળી. ઘટનાની ગંભીરતાને જોતાં ફાયર બ્રિગેડની અનેક ગાડીઓ કામે લગાડવામાં આવી છે અને યુદ્ધના ધોરણે રેસ્ક્યૂ ઓપરેશન ચાલુ રાખવામાં આવ્યું છે.

મળતી પ્રાથમિક વિગતો મુજબ, આ ફટાકડાની ફેક્ટરીમાં રોજની જેમ ધમધમાટ કામકાજ ચાલી રહ્યું હતું અને મોટી સંખ્યામાં મજૂરો હાજર હતા. આ દરમિયાન દારૂગોળાના જથ્થામાં અગમ્ય કારણોસર એક મોટો બ્લાસ્ટ થયો હતો.

આ પ્રચંડ ધડાકાનો અવાજ એટલો તીવ્ર હતો કે આસપાસનો આખો વિસ્તાર ધ્રૂજી ઊઠ્યો હતો અને લોકો ઘરની બહાર દોડી આવ્યા હતા. ધડાકા સાથે જ આખી ફેક્ટરી આગની લપેટમાં આવી ગઈ હતી અને જોતજોતામાં કાળા ડિબાંગ ધુમાડાના ગોટેગોટા આકાશમાં ઉડતા દેખાયા હતા. ફેક્ટરીની અંદર ફસાયેલા શ્રમિકોની ચીસાચીસથી વાતાવરણ ગમગીન બની ગયું હતું.

### ■ બ્લાસ્ટની અસર આસપાસના 300 મીટરના વિસ્તારમાં વર્તાઈ

ફટાકડાની ગેરકાયદે ફેક્ટરીમાં થયેલો બ્લાસ્ટ એટલો જોરદાર હતો કે, 300 મીટર દૂર આવેલી ઓરડીના દરવાજા તૂટી ગયા હતા અને પંખો પણ તૂટી પડ્યો હતો. કેટલોક કામટાળ ઉડીને ઝાડ પર લટકી ગયો હતો.


### ■ બ્લાસ્ટને લઈ નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની પ્રતિક્રિયા આપી

અમદાવાદના વસ્ત્રાલ વિસ્તારમાં રામોલ-ગતરાડ રોડ ઉપર ગેરકાયદે ધમધમતી ફટાકડાની ફેક્ટરીમાં બ્લાસ્ટની ઘટના અંગે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે,સંપૂર્ણ તપાસ ચાલી રહી છે. જેસીપી (JCP) ઝોન-2, અમદાવાદ સાથે વાત થઈ છે. જે લોકો ગેરકાયદે ફેક્ટરી ચલાવતા હતા તેઓની અટકાયત કરી લેવામાં આવી છે. વધુ તપાસ ચાલી રહી છે.

### ■ પોલીસે પરવાનગી આપી ન હોવા ગેરકાયદે ફેક્ટરી ધમધમતી હતી

મળતી માહિતી મુજબ મેહુલ ડોડીયા દ્વારા ફટાકડાની આ ફેક્ટરી માટે પોલીસ પાસે પરવાનગી માગી હતી. પરંતુ, પોલીસે પરવાનગી ન આપતા મેહુલે ગેરકાયદે જ ચાલુ કરી દીધી હતી. હાલ ક્રાઈમ બ્રાંચના જેસીપી, ડીસીપી અને એસીપી સહિતનો પોલીસ કાફલો ઘટનસ્થળ પર પહોંચ્યો છે. બ્લાસ્ટ અને આગ લાગી તે ફેક્ટરીના સંચાલકનું નામ મેહુલ ડોડીયા છે. જે હાલ ફરાર હોય પોલીસ શોધખોળ કરી રહી છે. આ દુર્ઘટનામાં તેના માતા રમીલા ડોડીયા પણ ઈજાગ્રસ્ત થયા હોય સારવાર માટે ખસેડવામાં આવ્યા છે.

## અમદાવાદમાં કરોડોનું મ્યૂલ એકાઉન્ટ કૌભાંડ: આરોપીઓ 4 દિવસમાં જ જામીન પર છૂટી ગયા



અમદાવાદ

ગુજરાત સહિત દેશભરમાં ગરીબ અને જરૂરિયાતમંદ લોકોને નાણાકીય લાલચ આપી તેમના નામે 'મ્યૂલ બેન્ક એકાઉન્ટ' ખોલાવામાં આવે છે. જેના થકી કરોડો રૂપિયા ટ્રાન્સફર કરવાના મસમોટા સાયબર ફ્રોડના ગુનાઓ સતત વધી રહ્યા છે. અમદાવાદમાં પકડાયેલા આવા જ એક ગંભીર રેકેટમાં CID સાયબર ક્રાઈમ બ્રાન્ચે 3 આરોપીઓની ધરપકડ કરી હતી.

પરંતુ તેઓ ગણતરીના દિવસોમાં જ જામીન પર મુક્ત થઈ જતાં અમદાવાદ મેટ્રો કોર્ટ પરિસરમાં સાયબર ક્રાઈમની તપાસની નબળી કડીઓ અને બેદરકારી અંગે ચર્ચાઓ જાગી છે. ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ડી. એચ. ખંભાતીએ ત્રણેય આરોપીઓને 15,000ના શરતી જામીન પર મુક્ત કરવાનો આદેશ કર્યો છે.

કોર્ટે આરોપીઓની જામીન અરજી મંજૂર કરતી વખતે સરકારી તપાસ પદ્ધતિ સામે ગંભીર સવાલો ઊભા કરતું મહત્વનું અવલોકન કર્યું હતું કે, પોલીસ ફરિયાદની હકીકતો જોતાં આ ગુનામાં ભોગ બનનાર (વિક્ટીમ) કોણ છે, તેનો કોઈ જ સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. આરોપીઓ 72 કલાક સુધી પોલીસ કસ્ટડીમાં (રિમાન્ડ પર) હોવા છતાં તેમની પાસેથી ગુના સંદર્ભે કોઈ મહત્વની કે નક્કર હકીકત બહાર લાવી શકાઈ નથી.

આ સંજોગોને ધ્યાનમાં રાખીને કોર્ટે આરોપીઓને વધુ સમય કસ્ટડીમાં રાખવા યોગ્ય ન જણાતા જામીન મુક્ત કર્યા હતા.

**વાસણામાં કાયદો-વ્યવસ્થાના લીરેલીરા**

## ગાંધીના ગુજરાતમાં દારૂની રેલમછેલ, આવાસ યોજના બન્યું બૂટલેગરોનો અડ્ડો!

**શહેરી આવાસ યોજના ભટ્ટાગામમાં દેશી-વિદેશી દારૂનું ખુલ્લેઆમ વેચાણ; સ્થાનિકોનો સણસણતો આક્ષેપ– 'વાસણા પોલીસના હપ્તાખોરોની મહેરબાનીથી ચાલે છે આ કાળો કારોબાર!'**

અમદાવાદ

રાજ્યમાં આમ તો સત્તાવાર રીતે દારૂબંધી છે, પણ અમદાવાદના વાસણા વિસ્તારના દ્રશ્યો જોતાં એવું લાગે છે કે અહીં કાયદાનું નહીં પણ બૂટલેગરોનું રાજ ચાલે છે! વાસણા વિસ્તારમાં આવેલી શહેરી આવાસ યોજના (ભટ્ટાગામ) માં ગેરકાયદેસર રીતે દેશી તેમજ ભારતીય બનાવટના વિદેશી દારૂ (IMFL) નો ખુલ્લેઆમ વેપલો થઈ રહ્યો હોવાના ચોંકાવનારા દ્રશ્યો સામે આવ્યા છે. સ્થાનિક રહીશોના આક્ષેપો એટલા ગંભીર છે કે જે સાંભળીને કાયદાના રક્ષકો પરથી જનતાનો ભરોસો ઊઠી જાય!



સ્થાનિક નાગરિકોનો સીધો અને ધારદાર આક્ષેપ છે કે, આવાસ યોજનામાં આ કાળો કારોબાર કોઈ છૂપો નથી, પણ છેલ્લા ઘણા વર્ષોથી સરેઆમ ધમધમી રહ્યો છે. સૌથી શરમનાક બાબત એ છે કે, વાસણા પોલીસ સ્ટેશનના સ્ટાફ અને તેમના કહેવાતા 'વહીવટદારો' ને આ કાળા વેપલાની પળેપળની જાણકારી છે. લોકો તો ત્યાં સુધી કહી રહ્યા છે કે વાસણા પોલીસ સ્ટેશનના સ્ટાફ અને વહીવટદારો અવારનવાર આ અડ્ડાઓ પર આંટાફેરા મારતા જોવા મળે છે. જાણે આ ગેરકાયદેસર દારૂ વેચવાની સત્તાવાર પરમિશન વાસણા પોલીસના જ વહીવટદારોએ લાખો રૂપિયાના હપ્તા લઈને આપી હોય તેવો માહોલ સર્જાયો છે! દારૂના આ ખુલ્લેઆમ વેચાણના કારણે આવાસ યોજનામાં રહેતા સામાન્ય અને મધ્યમવર્ગીય પરિવારો, ખાસ કરીને મહિલાઓ અને બાળકો નરકાગાર જેવી સ્થિતિમાં જીવવા મજબૂર બન્યા છે.

## અમદાવાદમાં મોડી રાત્રે 'ફિલ્મી સિંગમ સ્ટાઈલ' ચેઝિંગ

**દારૂ ભરેલી લક્ઝુરિયસ ફોર્ચ્યુનર કાર પાછળ પોલીસ દોડી, બૂટલેગરો ડિવાઇડરમાં ઘૂસ્યા!**

અમદાવાદ

ગાંધીના ગુજરાતમાં બૂટલેગરો હવે દેશી દારૂની કોથળીઓ કે સેન્ટ્રો-વેગનઆર જેવી નાની ગાડીઓ છોડીને કરોડો રૂપિયાની લક્ઝુરિયસ ગાડીઓમાં દારૂની હેરાફેરી કરતા થઈ ગયા છે. પરંતુ કાયદાના હાથ પણ એટલા જ લાંબા છે. અમદાવાદના હાઈપ્રોફાઈલ ગણાતા ભાડજ અન્ડરબ્રિજમાં મોડી રાત્રે દારૂની હેરાફેરી કરતા બૂટલેગરો અને સોલા પોલીસ વચ્ચે કોઈ હોલીવૂડ-બોલીવૂડ ફિલ્મની કાર ચેઝિંગ જેવી હૃદયધબકાવી દેનારી દ્રશ્યો સર્જાયા હતા. પોલીસે ફિલ્મી ઢબે પીછો કરતાં ગભરાયેલા બૂટલેગરોએ સ્પીડ વધારી દીધી હતી, જેના કારણે લક્ઝુરિયસ ફોર્ચ્યુનર કાર સીધી ડિવાઈડરમાં ઘૂસી ગઈ હતી. પોલીસે બૂટલેગરોના મનસૂબાઓ પર પાણી ફેરવી બે શખ્સોને દબોચી લીધા છે.

મળતી વિગતો મુજબ, બૂટલેગરો હવે પોલીસની નજરમાંથી બચવા માટે વીઆઈપી ગણાતી ફોર્ચ્યુનર કારનો ઉપયોગ કરી રહ્યા હતા. એટલું જ નહીં, રસ્તામાં કોઈ પોલીસ ટોલ નાકા કે સીસીટીવી કેમેરામાં પકડાઈ ન જવાય તે માટે ગાડી પર ડુપ્લીકેટ (ખોટી) નંબર પ્લેટ પણ લગાડી રાખી હતી. સોલા પોલીસની ટીમને પેટ્રોલિંગ દરમિયાન આ લક્ઝરી કાર પર શંકા ગઈ હતી. પોલીસે ગાડીને રોકવાનો ઈશારો કર્યો, પરંતુ પાપનો ઘડો ભરાઈ ચૂક્યો હોય તેમ બૂટલેગરોએ ગાડી ઊભી રાખવાને બદલે એક્સિલરેટર પર પગ દબાવી દીધો અને ભાગવા લાગ્યા. બૂટલેગરો ભાગતાં જ સોલા પોલીસે પોતાની ગાડીઓ તેમની પાછળ દોડાવી હતી. સાયરનોના અવાજ અને પૂરપાટ ઝડપે દોડતી ગાડીઓથી ભાડજ અન્ડરબ્રિજ ગુંજી ઉઠ્યો હતો.

**નશાના કાળા કારોબાર પર SOGનો મોટો પ્રહાર**

## ગ્રામ્યમાંથી લાખોની કિંમતનો હાઇબ્રીડ ગાંજો ઝડપાયો : એક શખ્સ જેલભેગો!

અમદાવાદ

ગુજરાતને નશાના દૂષણમાંથી મુક્ત કરવા અને યુવાધનને બરબાદી તરફ ધકેલતા બૂટલેગરો તેમજ ડ્રગ્સ માફિયાઓને નેસ્તનાબૂદ કરવા માટે પોલીસ પ્રશાસન ફૂલ એક્શન મોડમાં છે. આ કડીમાં અમદાવાદ ગ્રામ્ય એસ.ઓ.જી. (Special Operations Group) ની ટીમને એક ખૂબ જ મોટી સફળતા મળી છે. એસ.ઓ.જી.ની ટીમે બાતમીના આધારે દરોડો પાડીને અત્યંત મોંઘો અને નશાકારક માદક પદાર્થ 'હાઈબ્રીડ ગાંજો' ના મોટા જથ્થા સાથે એક ઈસમને રંગેહાથ ઝડપી પાડ્યો છે. પકડાયેલા માદક પદાર્થની આંતરરાષ્ટ્રીય બજારમાં કિંમત લાખો રૂપિયા હોવાનું સામે આવ્યું છે.



મળતી સત્તાવાર વિગતો મુજબ, સામાન્ય ગાંજા કરતાં અનેકગણો વધુ નશાકારક અને કેમિકલ પ્રોસેસથી તૈયાર થતો હાઈબ્રીડ ગાંજો વિદેશોમાંથી અથવા તો મેટ્રો સિટીઝમાંથી સપ્લાય કરવામાં આવતો હોય છે. એસ.ઓ.જી. અમદાવાદ ગ્રામ્યની ટીમે ચોક્કસ કડીઓ મેળવીને વોચ ગોઠવી હતી, જેમાં એક શંકાસ્પદ ઈસમને આંતરીને તેની તલાશી લેવામાં આવી હતી. આ શખ્સ પાસેથી કુલ ૩૩૧ ગ્રામ હાઈબ્રીડ ગાંજો મળી આવ્યો હતો. આ જથ્થાની કુલ અંદાજિત કિંમત રૂ. ૧૧,૫૮,૫૦૦/- (અગિયાર લાખ અઠ્ઠાવન હજાર પાંચસો) આંકવામાં આવી છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ અને ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવીની સીધી દેખરેખ હેઠળ ગુજરાત પોલીસ દ્વારા 'ક્લીન ગુજરાત' અંતર્ગત ડ્રગ્સના નેટવર્કને તોડવા માટે જે ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે, તેના ભાગરૂપે આ ઓપરેશન પાર પાડવામાં આવ્યું છે. આટલી મોટી કિંમતનો હાઈબ્રીડ જથ્થો પકડાતા ઉચ્ચ પોલીસ અધિકારીઓ પણ ચોંકી ઉઠ્યા છે અને આ નેટવર્કના મૂળ સુધી પહોંચવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

'પાક્કો ગુજરાત' નો સણસણતો સવાલ– આ મોંઘો નશો કોના માટે લાવવામાં આવ્યો હતો?

એસ.ઓ.જી.ની આ કામગીરી સો ટકા બિરદાવવા લાયક છે, પણ 'પાક્કો ગુજરાત' આ મામલે ઊંડાણપૂર્વક તપાસની માંગ કરતા સવાલો ઉઠાવે છે:

આટલો કિંમતી હાઈબ્રીડ ગાંજો અમદાવાદ ગ્રામ્યના કયા વિસ્તારોમાં અથવા કઈ શૈક્ષણિક સંસ્થાઓ/ફાર્મ હાઉસની પાર્ટીઓમાં સપ્લાય થવાનો હતો?

## રથયાત્રામાં ભક્તિ વચ્ચે ખલાસીઓની થઈ આકરી કસોટી, ગરમીથી રોડ પર પીગળેલા ડામરના કારણે પગમાં પડ્યા છાલા

અમદાવાદ

અમદાવાદમાં 16મી જુલાઈએ 149મી જગન્નાથ રથયાત્રા શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થઈ. જોકે, આ યાત્રા દરમિયાન ભગવાનના રથ ખેંચતા 150થી 200 ખલાસી ભાઈઓના પગમાં ગંભીર છાલા પડ્યા હતા. AMC દ્વારા રથયાત્રા રૂટ પર કરાયેલા પેચવર્કના ડામર ગરમીમાં ઓગળતા આ દુર્ઘટના સર્જાઈ હતી. હાલ ઈજાગ્રસ્ત ખલાસીઓની સારવાર ચાલી રહી છે, જેમને સાજા થવામાં એક સપ્તાહ લાગશે. આવતીકાલે ખાસ મેડિકલ કેમ્પ યોજાશે. અષાઢી બીજના (16મી જુલાઈ) દિવસે અમદાવાદમાં 149મી ઐતિહાસિક જગન્નાથ રથયાત્રા નિર્વિઘ્ને અને શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થઈ ગઈ છે. ભગવાન જગન્નાથ, બહેન સુભદ્રા અને ભાઈ બલરામ નગરચર્યા પૂર્ણ કરી નિજ મંદિરમાં ગર્ભગૃહમાં બિરાજિત થઈ ચૂક્યા છે. પરંતુ, આ ભક્તિમય માહોલ વચ્ચે ભગવાનના રથ ખેંચતા ખલાસી ભાઈઓ માટે આ યાત્રા ભારે આકરી સાબિત થઈ હતી. રથયાત્રાના રૂટ પર પીગળેલા ગરમ ડામરના કારણે રથ ખેંચતા 150થી 200 જેટલા ખલાસી ભાઈઓના પગમાં મોટા-મોટા છાલા પડી ગયા છે. મળતી માહિતી મુજબ, વર્ષોની પરંપરા અનુસાર ભગવાનના ત્રણેય ભવ્ય રથોને ખલાસી ભાઈઓ ખુલ્લા પગે ખેંચતા હોય છે.

**લોકશાહીના ચોથા સ્તંભ પર પ્રહાર : મીડિયા કર્મી સાથે કર્યું શરમજનક ગેરવર્તન**

## અમદાવાદના બોપલમાં TRB જવાનની સરેઆમ ગુંડાગીરી!

**દાદાગીરીનો લાઈવ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં મચ્યો ભારે હડકંપ; પ્રેસ કર્મીઓમાં ભારોભાર આક્રોશ, 'પાક્કો ગુજરાત' નો સણસણતો સવાલ– "જો મીડિયા સાથે આવું વર્તન, તો સામાન્ય જનતાની શું ઓકાત?"**

અમદાવાદ

અમદાવાદના હાઈપ્રોફાઈલ અને સતત ધમધમતા એવા બોપલ વિસ્તારના જયંતીલાલ પાર્ક ચાર રસ્તા પાસે ખાખી વર્દી અને કાયદાના રક્ષણના નામે રસ્તે ઊભા રહેતા ટ્રાફિક બ્રિગેડ (TRB) ના જવાનની એક અત્યંત શર્મજનક અને સત્તાના નશામાં ચૂર દાદાગીરી સામે આવી છે. ટ્રાફિક નિયમન કરવાના બદલે ઉઘરાણા અને રોફ જમાવવામાં મસ્ત રહેતા આ TRB જવાને લોકશાહીના ચોથા સ્તંભ સમાન મીડિયા કર્મી (પ્રેસ રિપોર્ટર) સાથે જાહેરમાં બિભત્સ અને શરમજનક ગેરવર્તન કર્યું હોવાનો વીડિયો સામે આવ્યો છે. આ દાદાગીરીનો લાઈવ વીડિયો સોશિયલ



મીડિયા પર વાયુવેગે વાયરલ થતાં જ સમગ્ર શહેરમાં અને પત્રકાર આલમમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે. મળતી પ્રાથમિક વિગતો મુજબ, બોપલના જયંતીલાલ પાર્ક ચાર રસ્તા પાસે ટ્રાફિક વ્યવસ્થા અથવા તો કોઈ અન્ય ગેરરીતિનું કવરેજ કરી રહેલા મીડિયા કર્મી પર ત્યાં ફરજ બજાવતો TRB જવાન અચાનક લાલઘૂમ થઈને તૂટી પડ્યો હતો. ફરજના નામે સામાન્ય જનતાને ડરાવતા આ જવાનને જ્યારે કેમેરાનો સામનો કરવો પડ્યો, ત્યારે તેનો અસલી ચહેરો સામે આવી ગયો હતો. મીડિયા કર્મી પોતાનું કાયદેસરનું કામ કરી રહ્યા હોવા છતાં, આ જવાને કાયદો અને નૈતિકતાના લીરેલીરા ઉડાડીને કેમેરા બંધ કરાવવાનો પ્રયાસ કર્યો અને પત્રકાર સાથે ઉદ્ધત વર્તન કરી પોતાની ઓકાત બતાવી દીધી હતી.

આ ઘટના કોઈ સામાન્ય ઝઘડો નથી, પરંતુ કાયદાના ઓઠા હેઠળ પાવરની ગરમી બતાવતા તત્વોની માનસિકતાનું ઉદાહરણ છે.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI